# બુદ્ધિપ્રભા

મિચ્છામિ

સાંવત્સરિક

ક્ષમાપના

વૈરથી વૈરની ક્યાંહિ
ઉપશાંતિ થતી નહીં
અવૈરે થતી શાંતિ
એ છે ધર્મ સનાતન

—સુંદરજી ગો. બેટાઇ

દુક્કડમ્



જીવનયાત્રા દર્શન.

જામનગર સ્મશાનમાં જન્મથી દેહાંત સુધીની અવસ્થા દર્શાવતું
આ છાયાચિત્ર આપણા જીવનનું સચોટ દર્શન કરાવે છે.

मित्तीमे सव्व भूएसु वेरं मज्झं न केणई।

બધા જીવો સાથે મારે દોસ્તી છે; દુશ્મની મારે કોઈ સાથે નથી.



# બુદ્ધિપ્રભા


| | | |
|---|---|---|
| ૧૦ સપ્ટેંબર ૧૯૬૪ | વરસ ૫ : સળંગ અંક ૫૮-૫૯<br>લવાજમ<br>(ભારત) રૂા. ૫—૦૦ પરદેશ રૂા. ૭—૦૦<br>છુટક નકલ એક રૂપિયો | કાર્યાલય<br>C/o જે. એસ. દંતારા<br>૧૨/૧૬, ત્રીજો ભોયવાડો,<br>મુંબઈ—૨ |

| | | |
|---|---|---|
| ઇંદિરા શાહ | ગુણવંત શાહ | ભગવાન શાહ |
| તંત્રી | સંપાદક | સહતંત્રી |


## પ્રેમ ગીતા

(મૂળ સંસ્કૃતમાં)

લે : સ્વ. યોગનિષ્ઠ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી

પ્રેમનો બધાને આ કોલ છે.

એની ભભૂત ચડાવી જે પોતાની જાતને, આત્માને ચરણે ધરી દે છે તેને મુક્તિ વરે જ છે, વરે જ છે.

(૧૮)

જેને હૈયે પ્રેમ નથી તેની જિંદગી જિંદગી નથી; જીવન જીવન નથી.

પ્રેમ એ તો જીવનનો પ્રાણ છે.

(૧૮)

પ્રેમે એક અપ્રતિમ સૌન્દર્ય જોયું. ઘડી તેને, તેની ગોદમાં સૂવાનું મન થયું.

એ ગયો. સૌન્દર્યની ગોદમાં એ થોડુંક ઝૂક્યો. પણ એ સૂવે ન સૂવે તે પહેલાં જ પાછો વળી ગયો.

કારણ ?

સૌન્દર્યની ગોદમાં વાસના સૂતી હતી !!

(૬૧)

જિંદગી અને જવાનીને બેચેન તેમજ બાવરી વાસના બનાવે છે; પ્રેમ નહિ.

વાસના એ તો પ્રેમની અગન ગોળી છે.

(૬૨)

પ્રેમ અને સમતાના લગ્ન થયાં અને આત્માએ લગ્નની વેદીમાં ક્લેશ અને કંકાશની આહુતિ ધરી દીધી !

આ બે—પ્રેમ અને સમતા જે હૃદયમંદિરે છે ત્યાંથી ક્લેશ અને કંકાશ દૂર ભાગે છે.

(૬૬)

પ્રેમનું આ વચન છે.

મારો સાથ કરી લે: વેરનું ઝેર પણ તારા દિલે અમૃત બની જશે.

(૪૨)

—ગુણવંત શાહ

ભાવાનુવાદક.

# ચિંતન

ચાલો દોસ્તો ! છેલ્લી સલામ !!

હા, તમારામાંથી કોકને સવાલ થશે કે "શું આવી ભિખાર હાલતમાં એને મળીશ ?"

હા, આવી ભંગાર જિંદગી લઈ એને મળતાં શરમ તો મને પણ આવે છે. પણ શું કરું ? હવે તો જરા જેટલોય સમય નથી રહ્યો કે હવે સહેજ અમથો પણ ફેરફાર કરી શકું.

કારણ એનો તાકીદનો સંદેશો છે કે અબઘડી ચાલ્યો આવ.

અચ્છા દોસ્તજ ! આવજો, છેલ્લી સલામ !!! છેલ્લી સલામ !!!

હું જાઉં છું. ભાથું પણ બાંધવાનો સમય નથી રહ્યો. આથી જેવો છું તેવો ચાલ્યો જઉં છું.

લથડેલ અને બગડેલ જિંદગી લઈને જઉં છું. ભગ્ન અને ખંડિત હૈયું લઈને જઉં છું. અટવાતા પગે અને ખાલી હાથે જઉં છું.

સઢ પડી ગયો છે. તૂતકમાં ફાટ પડી છે. સુકાન પણ સલામત નથી. છતાંય જઉં છું. કારણ—

એનો મને આદેશ મળ્યો છે અને હું જઉં છું,

જો કે મારી આ થાકેલી ને ભાંગેલી જિંદગી એના ચરણનો સ્પર્શ તો નહિ જ પામી શકે, પણ મને એના પર પૂરેપૂરી શ્રદ્ધા છે. કારણ—

મારો વહાલો છે ને એ તો.

હું એના ચરણ નહિ ચૂમી શકુ તો એ સામેથી દોડી આવીને મને એના આંગણુ આગળથી વધાવી લેશે.

અને આ એક અતૂટ શ્રદ્ધાએ જ તો હું તેના આદેશને માન આપીને જઉં છું.

અચ્છા દોસ્તો આવજો.

છેલ્લી સ....લા....મ....!!!

—ગુણવંત શાહ

સંપાદકીય

# પઢો રે પોપટ સીતારામ

આજે આપણે કંઇક વર્ષોથી પર્યુષણ પર્વની આરાધના કરતા આવીએ છીએ. સંવત્સરીને દિવસે મોટા અવાજે આપણે સકલ સંઘને મિચ્છામિ દુક્કડમ્ દઇએ છીએ. સગા–સંબંધીઓને ઘરે જઇ હાથ જોડી મિચ્છામિ દુક્કડમ્ બોલીએ છીએ. થોડી મિનિટો માટે પણ આપણે આમ આપણાથી દુભાયેલી વ્યક્તિયોને મળીએ છીએ એ સારું છે.

પરંતુ સવાલ એ થાય છે કે આમાં ભગવાન મહાવીરે બતાવેલ ક્ષમાપનાનું સાચું ગૌરવ આપણે સાચવીએ છીએ ખરા?

કાન તોડી નાંખે એવા અવાજથી તેનો જવાબ મળે છે ના. આ એક નગ્ન સત્ય છે કે આપણે આ પર્વને બીજા લૌકિક પર્વની જેમ રૂઢિ બનાવી દીધી છે. આપણે માનસને ક્રિયામાં જકડી નાંખ્યું છે. અને એ ક્રિયા પાછળ જે ભાવના છે, જે આદર્શ અને ઉદ્દેશ છે તેને લગભગ સાવ ભૂંસી નાંખ્યો છે.

અને જો તેમ ન હોત તો આજે સંઘ અને સંઘાડાના ઝગડા ન હોત, સંસ્થા અને સત્તાની સાઠમારી ન હોત, વહીવટોના ગોટાળા ન હોત, વ્યક્તિ વ્યક્તિ પ્રત્યેના વર્તમાન પત્રોમાં ઉહાપોહ ન હોત, દેરાસર અને ઉપાશ્રયોની ખેંચાખેંચ ન હોત–પરંતુ આ બધું જ છે, એકરાગે આજે આપણે ભેગા નથી થઇ શકતા. સૌ પોતપોતાના અલગ ચોકાને અંતિમ માની બેઠા છે. પોતાના મતને જ સાચો માની બેઠા છે. એવા વિખવાદમાં માત્ર હોઠના ઉચ્ચારણમાં જ મિચ્છામિ દુક્કડમ્ દેવું એ તો ક્ષમાપનાની નરી મશ્કરી જ છે.

અને જેમ આ પર્વ જીવન શુદ્ધિનું પર્વ છે તેટલું જ તે સમાજ શુદ્ધિ અને ધર્મ શુદ્ધિનું પણ પર્વ છે. વરસો વરસ સમાજ આ પર્વની આરાધના કરે અને સમાજ જો અલગ અલગ છાવણીમાં વહેંચાઇને એક બીજાની સામે ઘૂરકયાં જ કરે તો સમાજ કરોડો વરસ સુધી ભલે સંવચ્છરીના મિચ્છામિ દુક્કડમ્ દે પણ તે તલમાત્ર પ્રગતિ સાધી શકવાનો નથી.

સંવચ્છરીના આ પર્વે આપણી રૂઢ બની ગયેલી એ ક્રિયાઓમાં ભાવના રેડીએ, જ્ઞાનનું સિંચન કરીએ અને ક્ષમાપનાનું સાચું ગૌરવ કરીએ.

બુદ્ધિપ્રભાના વહીવટમાં અમારાથી જાણતાં અજાણતાં કોઇને પણ મન–દુઃખ થયું હોય તે સૌ વાચકોની અમે મન–વચન અને કાયાથી ક્ષમા યાચીએ છીએ.

★

# સંપાદકીય

**ખબર નથી કે અમારે પંથ શી આફત ખડી છે,**
**ખબર છે એટલી કે ધર્મની હાકલ પડી છે.**

ધરતીના કણમાં જ્યારે કોઈ શહીદનું શોણિત ટપકે છે ત્યારે ધરતીનું એ કણ માત્ર ધૂળ નથી રહેતી, ત્યારે તો એ ચપટી ધૂળ પવિત્ર ભસ્મ બની જાય છે. નાનકડી એ જગા પ્રેરણાનું તીર્થ ધામ બની જાય છે.

ગામના ગોંદરે ઊભા કરવામાં આવેલા જૂની પ્રણાલીના પાળીયાઓ, શહીદોના સ્મારકો, રાજધાની દિલ્હીનો પવિત્ર રાજઘાટ એ બધાય પર આજ ભક્તિના દીપ પેટાવાય છે. ભાવનાની ધૂન ગવાય છે. માનવીના હૈયામાં એ ચપટી ધૂળ તેમજ પથ્થરના એ પ્રતિકો જીવનમંત્ર ફુંકે છે.

સમેતશિખરની ધરતી, એના બેજાન અને બરછટ પથ્થરો, હવામાં ગેલ કરતાં લીલાછમ વૃક્ષો ને પાંદડાઓ, ફોરમ વેરતાં ફુલ ઝાડો આ બધા જ જૈનોના તીર્થધામ છે. અહીં એક નહિ પણ અનેક એવા મુક્તિ આંદોલનના ક્રાંતિવીરોએ પોતાના છેલ્લા શ્વાસ છોડયા છે અને અહિંસાને અમર કરી છે.

જૈનધર્મના પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવ સ્વામીની અહિંસાના આદેશના પડઘા આજે પણ એ પથ્થરોમાંથી સંભળાય છે. અહીંની હવા એક નહિ વીસ વીસ તીર્થંકરોના નામની ધૂન ગાય છે.

જૈનધર્મની એ તીર્થભૂમિ છે. કર્મયુદ્ધમાં વિજયી બની ખપી ગયેલા અનેક શહીદોની એ શહાદતની ધરતી છે, કંઈ હજારો વરસની જૂની ભાવનાઓની એ અમારી—જૈનોની માંગલ્યભૂમિ છે. શ્રમણ સંસ્કૃતિની એ ઐતિહાસિક ધરતી છે.

એવી એ ઐતિહાસિક, માંગલ્યમયી, પ્રેરણાભરી, ભાવના સભર,

આરાધ્યમથી, ધરતીને એક જંગલ અને જડ પહાડ માનીને બિહાર સરકારે તા. ૧ લી એપ્રિલ ૧૯૬૪ ના કાયદાની રૂએ, આપણી પાસેથી આચકી લીધી છે.

સરકારે ભલે જાણતાં કે અજાણતાં એ ફરમાન કાઢયું હોય પરંતુ સરકાર એ જાણી લે કે એ ફરમાન નથી, અમારા આદર્શો અને ભાવનાઓનું એ ખૂન છે. અમારા પ્રાણપ્યારા ધર્મ પર કરેલો એ અત્યાચાર છે. સરકાર પક્ષે કાયદો ગમે તેટલો ન્યાયી હોય પરંતુ ધર્મ એ કાયદાથી ઘણો જ મહાન છે.

અરે! વ્યક્તિ ભલે ગમે તેટલી મોટી હોય તો પણ એ ધર્મની પાસે તો ઘણી જ નાની છે. ધર્મના ગૌરવને નીચું કરીને કોઈ કાયદો કે કોઈ વ્યક્તિ ઊંચી ન જ બની શકે. તેમ કરીને તો તે પોતાના જ ગૌરવનો નાશ નોતરે.

ગમે તેમ આજે તો ફરમાન બહાર પડી ચૂકયું છે. સરકારે પોતાની સત્તાની તાકાત બતાવી દીધી છે. આજ ધર્મ અને સત્તા સામસામે આવીને ઊભા રહી ગયા છે.

સત્તાને પોતાની ભૂલ સમજાવવાનું કામ આજે ધર્મ પર આવી પડયું છે. જૈનધર્મના અનુયાયીઓ જાગો! આળસ છોડીને ઊભા થાવ!

આજ તમારો ધર્મ ભયમાં છે! અહિંસા પર આજ જોખમ ઝઝૂમી રહ્યું છે!

સૌ એક થાવ અને બુલંદ અવાજે કહો કે એ ધરતીનો એક એક કણ અમારો છે અને એ માટે જરૂર પડે તો અમે અમારો પ્રાણ પણ અર્પણ કરી દઈશું.

પ્રભોને પ્રાર્થના કરીએ કે એવા અંતિમ દિવસો ન જ આવે. પણ એ આવે તે પહેલાં આપણે આટલું તો જરૂર કરીએ.

ગામેગામ વિરોધી સભાઓ ભરીએ. વિરોધના ઠરાવ કરીએ. વિરોધના તાર કરીએ. વિરોધની સહીઓ ભેગી કરીએ.

વર્તમાન પત્રોમાં વિરોધી અવાજ રજુ કરીએ. લોકસભામાં આપણા વિરોધ પર ન્યાય મળે તે રીતે પ્રયત્ન કરીએ.

એવું ન બને કે ઘર ફુટે ઘર જાય એ માટે ભારતભરના તમામ જૈનસંઘો, **જૈન** સંસ્થાઓ, **જૈન** યુવક મંડળો પોતાની સભામાં આ કાયદાના વિરોધના ઠરાવ કરે અને એક પણ **જૈન** ભાઈ કે બેન બાકી ન રહે તે રીતે વિરોધ સહીઓ ભેગી કરી સરકારને મોકલી આપે.

સરકાર જો આ રીતે આપણા જનમતને ન્યાય આપવા ના મક્કર જ જાય તો પછી વિરોધના એવા ઘણા શાંત અને અહિંસક પગલાંઓ છે જે ભરવાના રહેશે. પરંતુ એ સમય આવશે ત્યારે વિચારીશું. હાલ તો સૌ એક બનીએ અને એક અવાજે સરકારને આપણો શાંત વિરોધ બતાવીએ.

★

ઝેનીથ ફાયર સર્વીસ.
૧૨૭ / ૧૨૯, મોદી સ્ટ્રીટ, મુંબઈ ૧.
ટે. નં. ૨૬૫૪૧૬.
આગ તેમજ અકસ્માત સમયે અતિ ઉપયોગી

—શ્રી સત્યમ

# ક્ષમાપનાના ચરણે

[ શંકા એ પ્રેમની આગ છે. આગની એક જ ચિનગારી એના હૈયામાં પડી અને તેનું હૈયું સળગી ઊઠ્યું.

પ્રેમની જ્યોત ભભૂકતી જ્વાલા બની ગઈ. એના હૈયે વેરનો દાવાનળ સળગી ઊઠયો.

અને એણે પ્રેમની આહુતિ માંગી. દિલ ધડકાવી નાંખે એવી આહુતિની એક દર્દીલી દાસ્તાન એટલે ક્ષમાપનાના ચરણે.

—સંપાદક ]

શ્રીવસ્તી નગરી.

એના રાજાના યુવરાજે ભરજુવાનીમાં દીક્ષા લીધી.

ખંધકમુનિ તરીકે એમણે જગપ્રસિદ્ધિ મેળવી.

ખંધકમુનિ એક વાર વિહાર કરતાં કરતાં એક નગરની અંદર આવી પહોંચ્યા.

એ નગરના રાજા સાથે ખંધકમુનિની બેનને પરણાવી હતી.

જે વખતે ખંધકમુનિ નગરમાં પ્રવેશ્યા—એમની બેન પોતાના પતિ સાથે રાજમહેલના એક ઝૂકતા ઝરૂખામાં બેઠી હતી !

બપોરનો સમય હતો.

ઉનાળાની ઋતુ હતી.

ચારે તરફ કાળી લૂ વરસતી હતી.

જમીન પર પગ ન મુકાય એવી તે તાપથી ધખધખી ઊઠી હતી.

એવા સમયે ખંધકમુનિ ઉઘાડા પગે જમીન પર ચાલી રહ્યા હતા.

એ જોઇને એમની બેનનું હૈયું એકાએક ભરાઈ આવ્યું.

બેનને થયું કે એક દિવસ એવો હતો કે મારા આ ભાઇને ઓરડાની અંદર હરવુંફરવું હોય તોયે પગમાં મોજડીઓ રહેતી. એને બદલે આ ધોમધખ્યા બપોરે એને ઉઘાડે પગે ચાલવાનો વખત આવ્યો !

અને એ બેનના હૈયાની વેદના આંખનાં આંસુ મારફત જાણે ટપક ટપક ટપકવા લાગી.

પણ રાજાએ એ આંસુઓનો એક બીજો જ અર્થ તારવ્યો.

રાજાના મનમાં એક આશંકા આવી વસી.

રાજાને થયું કે મારી રાણી આ સાધુને જોઇને રડે છે એટલે જરૂર એ પરણ્યા પહેલાં એની સાથે પ્રેમમાં હોવી જોઇએ. એ વિના કોઈ એક સાધુને—કોઇ નવા અજાણ્યા સાધુને જોવાથી એ રડી કેમ ઊઠે ?

અને આ આશંકાએ રાજાની બુદ્ધિ અને હૃદયને એવો તો ઘેરો પાશ લગાવ્યો કે રાજાની વિવેકબુદ્ધિ હતી ન હતી થઇ ગઇ. શું સારું અને શું નરસું એમ નક્કી કરવાની એની નિર્ણયાત્મક શક્તિનો જાણે અંત આવી ગયો.

તે એકદમ ઝરૂખામાંથી ઊઠીને પોતાના વિશાળ દીવાનખાનામાં આવ્યો.

પછી એણે પોતાના એક અનુચરને બોલાવ્યો અને એને ફરમાન કર્યું 'તારી સાથે બીજા અનુચરો લઇને પેલા નગરમાં આવતા સાધુ પાસે પહોંચી જા.'

અનુચરને ખબર પડી નહિ કે આ ફરમાનથી રાજા આવતા સાધુનો સત્કાર કરવા ઇચ્છે છે કે એને અપમાનજનક આવકાર આપવાનું ઇચ્છે છે ?

પણ અનુચરથી રાજાને આવી શંકાભરી બાબતોનો સવાલ કરી શકાતો નથી. એનું કામ મૂંગે મોઢે રાજાની આજ્ઞા સાંભળવાનું અને એ આજ્ઞાનું પછી પૂરેપૂરું પાલન કરવાનું. આ સિવાય બીજી કોઇ ફરજ એને માટે રહેતી નથી.

રાજાએ એને આગળ કહેવા માડયું. 'તમારે લોકોએ એ સાધુની જીવતા ચામડી ઉતારી લેવાની છે.'

'હેં ?' અનુચરના મોંમાંથી એકાએક ઉદ્દગાર સરી પડયો.

'એમાં આવા ઉદ્દગારો કાઢવાની જરા પણ જરૂર નથી. તું મારો સેવક છે, હું તારો સ્વામી છું. પરાપૂર્વથી એક નિયમ ચાલ્યો આવે છે. કે સેવકે સ્વામીની પ્રત્યેક આજ્ઞાનું પાલન કરવું. એ એની એક સેવક તરીકેની પ્રથમ ફરજ છે. એટલે મારી સાથે કશી પણ દલીલ કર્યા વિના મારી આજ્ઞાનું તું જલદીથી પાલન કર.'

થોડી વાર બાદ રાજમહેલમાંથી રાજઅનુચરોનું એક મોટું ટોળું બહાર નીકળ્યું અને પેલા ચાલ્યા આવતા ખંધકમુનિ પાસે જઈ ઊભું.

આટલા બધા અનુચરોને પોતાની પાસે આવેલા જોઇને ખંધકમુનિએ સહજ ભાવે એમને પૂછ્યું, 'આપ રાજાના અનુચરો છો ?'

'હા.'

'અત્યારે તમને રાજાએ મારી પાસે મોકલ્યા છે ?'

'હા.'

'રાજાનું કોઇ ખાસ ફરમાન લઇને તમે આવ્યા છો ?'

'હા, ખાસ ફરમાન લઇને અમે અહીં આવ્યા છીએ ?'

'તો મને એ ફરમાન કહી સંભળાવો.'

એક અનુચર બોલ્યો: 'ખરી વાત તો એ છે કે અમારી જીભ એ ફરમાન કહેતાં ઊપડતી નથી.'

'અરે, એમાં જીભ ન શું ઉપડે? જે કંઈ ફરમાન હોય તે મને સંકોચ વિના કહો.'

અંતે એક અનુચરે રાજાનું ફરમાન સાધુ સમક્ષ કહી સંભળાવ્યું.

એમને એમ માન્યું હતું કે આ ફરમાન સાંભળીને કાં તો સાધુ ભયને લીધે નાસી જશે અથવા તો આવું ભયંકર ફરમાન સાંભળીને એને ચક્કર આવશે અને એ જમીન પર બેશુદ્ધ થઇને ફસડાઈ પડશે.

પણ આ બેમાંથી એકે વસ્તુ બનવા પામી નહિ.

ન તો સાધુએ ભાગી જવાની કોશિશ કરી કે ન તો સાધુને ચકરી આવી!

ખંધકમુનિના મુખ પરની સ્વસ્થતા અને શાંતિ એવાં ને એવાં જ અકબંધ રહ્યાં.

ગ્લાનિની નાની સરખી ભાવરેખા એમના મુખ પર જણાઈ નહિ.

તે બોલ્યા: 'અરે આ તો બહુ સુંદર ફરમાન કહેવાય! આ તો એક વધામણી છે! આ તો મારે માટે એક શુભ અવસર લેખાશે. ધર્મકસોટીની આવી સુંદર તક મને બીજે ક્યાં મળવાની હતી? આવી આવેલી ધર્મ-કસોટીને તકને જો હું જતી કરું તો મારા જેવો મૂર્ખ બીજો કોઇ ન હોઇ શકે. તમે ખુશીથી રાજાના ફરમાનનો અમલ કરો. મને તો એનાથી ઊલટો આનંદ થશે.'

અનુચરોને મનમાં થયું કે આવા પવિત્ર મુનિની ચામડી ઉતારી લેવી એ એક અત્યંત નિંદ્ય કૃત્ય છે. આવું પાપ આપણે શા માટે વહોરવું જોઇએ.

પણ આ વિચારની સાથે જ પોતાની સ્થિતિનો અને રાજાની સત્તાનો ખ્યાલ આવ્યો. એક વસ્તુ તો ચોક્કસ હતી કે જો તેઓ રાજાની આ આજ્ઞાનું પાલન ન કરે તો રાજા એમના ધડ ઉપર માથું રહેવા દે નહિ.

છતાં એમના હલનચલનમાં એક પ્રકારની અસ્થિરતા જણાઇ રહી હતી.

એ જોઇને ખંધકમુનિએ એ અનુચરોને કહેવા માંડયું: 'ભાઇઓ, મેં તમને એક વાર તો કહ્યું કે તમારે મનમાં સહેજ પણ ભય રાખવાનો નથી. તમે કોઈ ખરાબ કામ કરતા નથી એ પણ ખાતરી રાખો. તમે તો ચિઠ્ઠીના ચાકર! અને હા, મારે એક બીજી વિનંતિ તમને લોકોને કરવાની છે.'

'કઈ વિનંતી ?'

'મને તમે જણાવો કે મારે કઇ રીતે ઊભા રહેવું જોઇએ, એટલે તમને મારી ચામડી ઉતારતાં સહેજ પણ મુશ્કેલી પડે નહિ. તમારું કામ સાંગોપાંગ પૂરું થાય અને તમને એમ કરતાં સહેજ પણ કષ્ટ ન પડે એ રીતે મને ઊભા રહેવાની સૂચના આપો.'

બિચારા સેવકો !

બધું જ જાણતા હતા પણ રાજાનો હુકમ !

એનો અનાદર કેમ થાય ?

અંતે એમણે ખંધકમુનિની જીવતાં ચામડી ઉતારી લીધી :

પણ ખંધકમુનિના મોંમાંથી વેદનાનો એક પણ શબ્દ બહાર આવ્યો નહિ. એમના મોંમાંથી એક જ શબ્દ બહાર આવતો હતો : **खामेमि सव्व जिवे** (હું બધા જ જીવોને ખમાવું છું–બધાની ક્ષમા માગું છું.)

અંતે ખંધકમુનિની એ રીતે ચામડી ઉતારી લેવામાં આવી.

એમના સ્થૂળ શરીરનો નાશ થયો, પણ એમનું નામ તો જૈન સાહિત્યમાં એક સાચા જૈન શ્રમણની સહનશીલતાના દૃષ્ટાંત રૂપે અમર બની ગયું.

★


ઉચ્ચ બનાવટ

વિશુદ્ધ માલ

મનોહર ઘાટ — વ્યાજબી ભાવ

રાજકમલ સ્ટેનલેસ સ્ટીલનાં વાસણો વાપરો.

ઉત્પાદકો:—રતીલાલ નગીનદાસ એન્ડ કુાં૦

૧૧૮, કંસારા ચાલ, મુંબઈ ૨.

ઓફિસ ફોન : ૩૩૫૨૧૧ રેસીડંસ ફોન : ૩૩૨૬૮૬

—સ્વ. શ્રી મનસુખલાલ કીરતચંદ મહેતા.

# સ્વામીવાત્સલ્ય

સ્વામીવાત્સલ્ય એટલે શું? એ યથાર્થ જાણવું જરૂરી છે. શ્રાવક–શ્રાવિકાના સમુદાયને એકત્ર ભોજન આપવું એવો અર્થ હાલ લૌકિક સમજ પ્રમાણે સ્વામીવાત્સલ્ય–યા સ્વામીવચ્છલનો થઈ રહ્યો છે. નોકારશી કે કોઇ ઠેકાણે ગચ્છ એવું ઉપનામ પણ એને મળી ચૂકયું છે. પણ એવા એકાંત સાંકડાં અર્થને જવા દઈ એ સમકિતના ભુષણને વિસ્તારપૂર્વક યથાર્થ જાણવું ઘટે છે.

સ્વામીવાત્સલ્યની વ્યાખ્યા કરીએ તો અતિ ઉદાર વૃત્તિવાળો બહોળા રૂપનો અર્થ એમાંથી નીકળે છે. સ્વ-ધર્મને પાળનાર, દયામય સર્વજ્ઞ પ્રણિત ધર્મને આચરનાર અથવા આત્મધર્મમાં રાચનાર એ વસ્તુતઃ સ્વામી ભાઇ અથવા સધર્મીભાઈ કહેવાય છે, તેનું વાત્સલ્ય કરવું અર્થાત્ એના ઉપર હરેક પ્રકારે પ્રીતિ દાખવવી, તેની યથા શક્તિ ભક્તિ કરવી, તેના ધર્મ સાધ-નમાં આડાં આવતાં વિઘ્નો દૂર કરવા, વિદ્યા સાધનો યથાશક્તિ પૂરા પાડવા, સ્વધર્મી ભાઈનાં તથા પોતાના હિતાર્થે ઉપયોગાર્થે ધર્મશાળાઓ બાંધવી–બંધાવવી–અનુમોદવી ( ત્રિવિધ ), પુસ્તક ભંડારો કેરવા–કરાવવા શોધાવવા. એ કરવું એને જ્ઞાનીઓ સ્વામીવાત્સલ્ય કહે છે.

એ સ્વામીવાત્સલ્યના દ્રવ્ય અને ભાવ એવા બે ભેદ પાડી શકાય છે; અને તે પણ તન, મન અને ધન એમાંના એક, બે અથવા ત્રણેથી સાધી શકાય છે. કોઈ તનથી નિરોગી ન હોય તો તે મનથી–સ્વધર્મ વાત્સલ્યની અનુમોદના કરી, પ્રમોદભાવના ભાવે છે. એને પણ સ્વધર્મ ભક્તિનું ફળ પ્રાપ્ત થાય છે. કોઇ ધનવાન્ ન હોય તો મનથી અનુમોદના ભાવી સ્વધર્મી ભાઇની ભકિતમાં તનનું વીર્ય–યથા-શક્તિ ફેરવે છે. કોઈ એ ત્રણે વાતોથી ભકિત કરી શકે છે.

હાલના વખતમાં સ્વામીવાત્સલ્યનો માત્ર સંઘ જમાડવો એવો જે સાંકડો અર્થ થઈ ગયો છે એ અજ્ઞાનજનિત છે. લૌકિક પરંપરાવશ ભાઇઓ દેખા દેખીથી અનુકરણ કર્યા કરે છે; બાકી સ્વામીવાત્સલ્ય એ સમકિતને દીપાવનાર એક ભૂષણ છે એવું જ્ઞાન થાય તો પછી એ ભૂષણ, એક રૂપમાં કે બીજા રૂપમાં સ્થાયી રહે જ; અને એ જાણનાર સમકિતી પોતાના ધર્મભાઇનું હરકોઇ પ્રકારે વાત્સલ્ય કરે જ કરે; પણ

ધર્મની અજ્ઞાનતા, તેથી થતી તેની અનાદરતા છતાં કુલ પરંપરાના ચાલ્યા આવતા ઉપરછલા માની બેઠેલા ધર્મના અભિમાનને લઈને, તે પરંપરા પ્રમાણે ચાલી, દેખાદેખીથી કિંવા યશોલોલુપથી, કિંવા રસેંદ્રિયના વિષય લુબ્ધપણાથી માત્ર જમણવાર રૂપે સ્વામીભક્તિ કરવી, યતના રહિતપણે રાંધી પીરસી-અસંખ્યાતા ત્રસ જીવની હાનિ કરવી.

વિનય ( વિકૃતિ વિકાર કરી ઇન્દ્રિયોને ક્ષોભ પમાડે એવા પદાર્થ ) આદિ દરકાર વિના જમાડવા, બીજી વધારે સારી રીતે સ્વામીવાત્સલ્ય થઈ શકે છે કે નહિ એવા વિવેક વિના હજારોનું દ્રવ્ય ખર્ચી નાંખવું અને માત્ર ઉપર્યુક્ત રીતે સંઘ જમાડવાથી જ સંઘભક્તિ થઈ શકે છે, એમ કરવાથી જ ધર્મ પળાય છે, એથી જ સ્વધર્મ પોષાય છે એમ ધારવું તે માત્ર જૈન ભાઈઓની અજ્ઞાનતાની બહોળાશ સૂચવે છે.

સ્વધર્મી ભાઈઓ-બેનોના સમુદાયને પ્રીતિભોજન ન આપવું એવો આ લેખનો આશય નથી; કેમકે પ્રીતિભોજન સ્વધર્મ ભક્તિનું એક રૂપ છે. અને એ સર્વથા યથાવિધિ કર્તવ્ય છે. કેમકે સવિધિ કરવાથી ધર્મપુષ્ટિ થાય છે. કહેવાનું એમ છે કે એકલા જમણ-

આકર્ષક અને લોકપ્રિય.............

ક્રાઉન બ્રાન્ડ

PURE ALUMINIUM THE CROWN

એલ્યુમિનિયમનાં વાસણો તથા એનોડાઈઝ્ડ એલ્યુમિનિયમની વસ્તુઓ

સૌ કોઈનો અભિપ્રાય છે કે 'ક્રાઉન' બ્રાન્ડની વસ્તુઓ દેખાવે સુંદર, આધુનિક ઘાટવાળી, ટકાઉ અને ખર્ચેલા નાંણાનું વળતર આપી રહે તેવી હોય છે

ઘર, હોટલ, હોસ્પીટલ તથા કોઈપણ ઉદ્યોગની એલ્યુમિનિયમની જરૂરિયાતો અમે પૂરી પાડીએ છીએ.

જીવનલાલ (૧૯૨૯) લિમિટેડ

'ક્રાઉન એલ્યુમિનિયમ હાઉસ' : ૨૩, બ્રેબોર્ન રોડ : કલકત્તા-૧

મુંબઈ ★ મદ્રાસ ★ દિલ્હી ★ રાજમહેન્દ્રી ★ એડન

વારમાં સ્વામીવાત્સલ્યતાનું તારતમ્ય યોગો ગૌણ રૂપ છે, બીજાં પ્રધાનરૂપો બહુ છે, તેમજ યતના કે વિવેક રહિત કરેલ નવકારસી પણ સ્વામીવાત્સલ્ય કહેવાશે નહિ.

હાલ દૃષ્ટાન્ત તરીકે જુઓ, શ્રી પાલીતાણા, અમદાવાદ, મુંબઇ કે અન્ય સ્થળે જ્યાં મોટો સંઘ સમુદાય એકત્ર થઇને ભોજન કરે છે ત્યાં રાંધવામાં કે જમવા આદિમાં યતના બીલકુલ જોવામાં આવતી નથી, અસંખ્યાતા ત્રસ જીવોની ત્યાં હાનિ થાય છે અને એ સ્વધર્મ પોષાણ અર્થે કરેલ સ્વધર્મ ભક્તિથી સ્વધર્મ પોષણ ન થતાં ઉલટું સ્વધર્મ દૂષણ થાય છે જે સર્વ સંઘને લાગે છે. તો એ સ્વધર્મવાત્સલ્ય કે અવાત્સલ્ય ?

અમે અહીં એ પ્રીતિભોજનને નિષેધતા નથી પણ યતના રહિતપણાનો તથા બેદરકારીપણાનો દોષ કાઢીએ છીએ. એવા દોષ દૂર ન થાય ત્યાં લગી હાનિ સંભવે છે. લાભ મળે છે કે નહિ એ વિવાદાસ્પદ છે. કોઈ પ્રશ્ન કરે છે કે એ દોષ જમનારનો છે તેમાં જમાડનારને શું ? જમાડનાર તો ભક્તિભાવથી જમાડે છે. અહીં સમાધાન એ છે કે જમાડનાર ધર્મરુચિ ભાઈએ સ્વામીવાત્સલ્યના સાધનમાં વિવેકપૂર્વક ભેદ કરવા જોઇએ છે. તેણે સમજવું જોઇએ કે જમણથી જ સ્વામીભક્તિ થતી નથી.

સ્વામીભકિતનાં ઘણાં સાધનોમાંથી એ પણ એક સાધન છે, તો તેના ઘણા પ્રકારમાંથી કયા પ્રકારથી અધિકાધિક લાભ છે તે તેણે દેશ, કાળ આદિ જોઇને વિવેકથી વિચારવું ઘટે છે, તેમ જ ઘૃતાદિ વિગઇની સંભાળ રાખવી ઘટે છે. સ્વામીવાત્સલ ઇંદ્રિયોને બેહકાવવા કિંવા રસેંદ્રિયને વશ થઈ અકરાંતીઆ થઇ ખાવા માટે નહિ અને તેથી ધર્મ હારવા માટે નહિ, પણ સધર્મી ભાઇઓના એકત્ર ભોજનને પ્રસંગે એક બીજાના ગુણગાન કરવા, એક બીજાની શુભ પ્રવૃત્તિનું અનુકરણ કરવા, વસ્તુતઃ અનાહારી આત્માની વિભાવજનિત આહાર-મૂર્ચ્છા ઉતારવા અને અન્યોન્ય પ્રીતિ દાખવવા કરવામાં આવે છે. આ પ્રમાણે જાણવું ઘટે છે. એમાં વિવેક રાખવો ઘટે છે, યતના રાખવી ઘટે છે; નહિ તો જમનારને તો દોષ છે જ, પણ તેમાં ભક્તિ સમજનાર-જમાડનારને પણ દોષ છે જ.

જમણવાર એ જ ધર્મભકિતનું સાધન છે એમ સમજી ઘણા ભાઇઓ પર્યુષણાદિ પર્વના દિવસોમાં પારણાં, અતરવારણાંનાં જમણ કરવાના, તેનો લાહો લેવાના વિચારમાં હોય છે. આ

ખોટું છે એમ અત્રે કહેવું નથી, પણ સાથો ગૌણુતમ છે. ખરું કર્તવ્ય જુદું છે. તેવા વખતમાં જ્યારે જ્યારે આત્મ સાધના કરવાનાં દિવસોમાં બહુ આરંભમાં રોકાવું એ ખરેખર મોહનું સામ્રાજ્ય સૂચવે છે.

એ મોહ–વિડંબના અજાણુને મારે છે (મોહરાજા કોને નથી. નચાવતો! જ્ઞાનીને જ નથી નચાવતો, જ્ઞાનીથી એ ડરે છે; માટે ભાઈઓ! જ્ઞાન સેવો, એની ભકિત કરો, જ્ઞાનીની ભકિત કરો!) પરમપુણ્ય–પવિત્ર પર્યુષણ વ્યતીત થયે કોઈ–શ્રાવકને (?) સદ્‌ગુરુ પૂછે કે "કયું શ્રાવકજી! પર્યુષણારાધના તો અચ્છી હુઈ?" ત્યારે શ્રાવકજી ઉત્તર આપે—"મહારાજ! સત્તર આના કામ સુધરી ગયું. લાડુમાં શેર-શેર ઘી–પાકું હતું; ગચ્છ સુધરી ગયો."

જુઓ! શ્રાવકજીને મન શેરશેર ઘીવાળ લચપતતા લાડુ જમાડવા એમાં જ પર્યુષણની આરાધના થઈ આ શું બતાવે છે? અજ્ઞાનતા! અજ્ઞાનતા!! અજ્ઞાનતા!!! અહો અજ્ઞાન! તારું પ્રબળ જોર છે! તું હવે કેડ મેલ અને અનુપમ જિનશાસનને ઝળકવા દે. આ ઉપરથી પારણાના જમણવાર (સ્વામી-


## શાહ શિવજીભાઈ દેવસિંહના લખેલા પુસ્તકો

| | | | |
|---|---|---|---|
| ૧ કૃતજ્ઞી કેશર ૩ જી આવૃત્તિ | ૩–૦–૦ | ૨ જીવન બાગ | ૨–૪–૦ |
| ૩ કલ્યાણુની કુંચી | ૦–૮–૦ | ૪–૫–૬ સુબોધક સંવાદો ભાગ ૧ થી ૩ | ૦–૫–૦ |
| ૭ પોંડેચેરીની પરાગ | ૧–૮–૦ | ૮ આરાધના લે. સૌ. સરલા | ૩–૦–૦ |
| ૯ લેખ લહરી | ૦–૧૦–૦ | ૧૦ વિવેક વાટિકા | ૩–૦–૦ |
| ૧૧ શિવબોધ ભાગ ૪ | ૨–૦–૦ | ૧૨ શિવબોધ ભાગ ૫ | ૩–૦–૦ |
| ૧૩ નવનીત | ૧–૦–૦ | ૧૪ મારા જીવન પ્રસંગો ભા.૧ | ૩–૦–૦ |
| ૧૫ મારા જીવન પ્રસંગો ભા.૨ | ૪–૦–૦ | ૧૬ મારા જીવન પ્રસંગો ભા.૩ | ૩–૦–૦ |

૧૭ કાશ્મીર પર હુમલો ૩–૦–૦

### સૌ. સરલાબેન સુમતિ શાહનાં લખેલાં પુસ્તકો

| | | |
|---|---|---|
| ૧ કચડાતી કળીઓ | ૦–૫–૦ | સને ૧૯૩૦ |
| ૨ આરાધના (આ. બીજી) | ૩–૦–૦ | સને ૧૯૫૨ |
| ૩ લેખ લહરી | ૦–૧૦–૦ | સને ૧૯૪૧ |

—: ઉપરોક્ત પુસ્તકો મળવાનું ઠેકાણું :—

**શિવસદન ગ્રંથમાળા કાર્યાલય, મઢડા**

**(૨) કુંવરજી દેવશીની કું. લી૦**

**લુહારચાલ, મુંબઈ નં. ૨.**

વાત્સલ્ય ) ને અકર્તવ્ય સમજવું નહીં; કેમકે તે તો પર્યુષણને અંતે કર્તવ્ય છે, પરંતુ લાભ હાનિ જોયા વિના એકાંત જમણવારમાં જ સ્વધર્મભક્તિ માની બેસવી એ ખરેખર દુરાગ્રહ અને અજ્ઞાનમૂલક છે; તેમ છતાં વિવેક અને યતના પૂર્વક એ પ્રીતિભોજન કર્યું હોય તો તે સ્વામીવાત્સલ્ય છે.

પણ વસ્તુતઃ આધુનિક કાલની અપેક્ષાએ સ્વામીભક્તિનો લાભ લેવો હોય, સ્વધર્મ આત્મધર્મની પુષ્ટ કરવી હોય તો નામ માત્ર ગણાતા જૈન ભાઈઓને ખરા જૈન બનાવવા માટે જ્ઞાન દાન આપવું, જ્ઞાન સંપાદનાર્થે ઉદારતાથી વિવેકપૂર્વક પૈસા સંબંધી મદદ આપવી, ધર્મપોષણના-ધર્મ સાધનનાં વિઘ્ન ટાળવાં, એ આદિ કર્તવ્ય છે; અને સમજુ ભાઈઓએ વિચાર કરી એ પ્રમાણે ચાલવું ઘટે છે.

જ્ઞાન પ્રાપ્ત થતાં મિથ્યાત્વ દૂર ખસે છે. સદ્દેવ, સદ્દગુરુ અને સદ્દધર્મની દૃઢ શ્રદ્ધા થાય છે. અર્થાત્ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે અને સ્વામીવાત્સલ્ય જેવું ભૂષણ એને દીપાવે છે.

સ્વામીવાત્સલ્યનું શાસ્ત્રોક્ત ફળ સાંભળનારને તો ખાત્રી થશે જ કે, એવું ફળ કાંઈ સહજમાં મળી શકે નહી, માટે જે સ્વામીવાત્સલ્યથી આત્મ-ધર્મનું પોષણ થાય, સમ્યક્ત્વ ઝળહળી રહે; મોક્ષમાર્ગ ખુલ્લો થાય, એવી સ્વધર્મભક્તિ, ભાઈઓ! આપના હૃદયકમળમાં પ્રવેશ કરી ચિરસ્થાયી રહો!

શ્રી જૈનધર્મ પ્રકાશ પૃ. ૧૬, અંક ૪
સં. ૧૯૫૬ના અષાડ સુ. ૧૫, પૃ. ૫૯-૬૩

'બુદ્ધિપ્રભા' ને લગતો તમામ પત્ર વ્યવહાર
આ સરનામે કરો—

'બુદ્ધિપ્રભા'

C/o શ્રી જયકુમાર શાંતિલાલ દંતારા
૧૨ / ૧૬, ત્રીજો ભોઈવાડો, ૧ લે માળે,
મુંબઈ ૨.

# સ્વ.

# શ્રી વીરચંદ રાઘવજી ગાંધીની સ્મૃતિમાં

તા. ૨૫ ઓગસ્ટ ૧૯૬૪ના રોજ માત્ર જૈન આલમે ને તેમાંય થોડીક જ જગાએ તેમની જન્મ શતાબ્દિ ઉજવાઇ. એક કલાક તેમની જીવન ગાથા સૌએ ગાઇ. અને શતાબ્દિ જેવો શાનદાર પ્રસંગ ઉજવ્યાનો સૌએ સંતોષ માન્યો. તેમની કાયમી સ્મૃતિ માટે કંઇ જ કરવામાં ન આવ્યું તેનો અમે રંજ અનુભવીએ છીએ.

આ શતાબ્દિ નિમિત્તે ખૂબ જ સમૃદ્ધ અને તેમના જીવન કવનથી સભર એવો બુદ્ધિપ્રભાનો ખાસ ગાંધી સ્મૃતિ અંક અમે પ્રગટ કર્યો છે.

માત્ર તેમના ગુણગાનથી અમને સંતોષ નથી થયો. તેથી તેમની સ્મૃતિમાં વધુ એક વરસ તેમના જીવન અને કવનનો પરિચય મળી રહે તે હેતુથી તા. ૨૫ ઓગસ્ટ ૧૯૬૫ સુધી 'બુદ્ધિપ્રભા' માં અમે દર અંકે તેમના જીવન કવન વિષયક લેખ આપતા રહીશું.

આ વાંચતા જો શ્રી ગાંધીની જન્મ શતાબ્દિ સમિતિ તેમનું કાયમી એવું રચનાત્મક સ્મારક કરશે તો અમારો પ્રયાસ સફળ થયો લેખીશું.

—સંપાદક

# OCCULT POWERS
# ગૂઢ શક્તિ

શ્રી વીરચંદભાઈ ગાંધી
પ્રવકતા

શ્રી પન્નાલાલ રસિકલાલ શાહ
અનુવાદક

[ સને ૧૮૯૩ માં ચિકાગોની વિશ્વધર્મ પરિષદમાં સ્વ. શ્રી વીરચંદ રાઘવજી ગાંધીએ જૈન ધર્મનું પ્રતિનિધિત્વ તો સંભાળ્યું જ હતું ઉપરાંત જૈન ધર્મની શાન વધે તેમ અનેકાંતવાદને સાચી રીતે ઓળખી તેમણે હિંદુ ધર્મ તેમજ બીજા પણ પ્રકીર્ણ વિષયો પર અભ્યસનીય પ્રવચનો આપ્યાં હતાં. અહીં તેવા જ એક પ્રવચનનો અનુવાદ આપવામાં આવે છે. આ અનુવાદ માટે હું શ્રી પન્નાલાલ રસીકલાલ શાહનો આભારી છું. —સંપાદક ]

આ વિષય વિષે જે કાંઇ હું કહેવા માંગુ છું તે કઈ રીતે વર્ણવું તે હું કહી શકતો નથી, કારણ, જેની સંતોષકારક સમજણ આપવી પડે એવી અહીં અગણિત ગૂઢ શક્તિ છે.

બીજમાંથી વૃક્ષનો વિકાસ પણ ગૂઢ તત્ત્વ જ છે. આપણે કહી શકીએ નહીં કે નાના એવા બીજમાંથી કઈ રીતે વૃક્ષ ફૂલેફાલે છે, પરંતુ આપણે એ હંમેશા જોઇએ છીએ એટલે આપણને નવાઇભર્યું લાગતું નથી. માની લ્યો કે કોઈ એક વ્યક્તિએ આવી કોઈ વસ્તુ જોઈ નથી અને જો તે છોડના વિકાસનું નીરિક્ષણ કરે તો એને એ ખૂબ જ ચમત્કારિક જણાશે. (અને એ ચમત્કારિકતાને કારણે જ વૃક્ષ પૂજા થતી નહીં હોય ને ?—અનુ.) રોજિંદા આપણા વ્યવહારમાં આપણે ઘણી ચમત્કારિક— ગૂઢ વસ્તુઓના સંસર્ગમાં આવ્યા નથી અને તેથી આપણે જાણતા નથી કે એ વસ્તુની સમજણ કઇ રીતે આપવી. કુદરતની શિસ્તભર્યી બધી શરતોમાંથી આપણે પસાર થયા નથી કે જે કોઇપણ તત્ત્વ માટે આવશ્યક હોય અને આથી જ આપણને વિસ્મય-કારક જણાય છે. પરંતુ એક તત્ત્વ બીજાં બધાં તત્ત્વો જેટલું જ ખરેખર આશ્ચર્યજનક હોય છે, એમાંના કેટલાક તત્ત્વો હું સમજાવીશ. એ બધાંને સંતોષકારક રીતે સમજાવવા માટે મૂળ-ભૂત સિદ્ધાંતો સમજવા આવશ્યક નથી.

માનસિક વલણ અને પદાર્થના નિયમો વચ્ચે સંબંધ એ સર્વ હકીકતનો મૂળ પાયો છે, અને પછી નીતિમત્તા અને આત્મિક સ્વભાવ વચ્ચેનો સંબંધ આવે છે. આટલી મૂળભૂત વસ્તુ

સમજાય તો આપણે કોઇપણ તત્ત્વને ગ્રહણ કરી શકીએ. આ ભૌતિક દુનિયામાં ઘણી શક્તિઓ છે, જેમકે, ગરમી, પ્રકાશ, વિદ્યુત, અને ચુંબક-શક્તિ અને આ બધા તત્ત્વોની અદ્ભૂત શકિત હોય છે. આપણે જાણીએ છીએ કે રંગમાં પણ અદ્ભૂત શક્તિ છે, અને સૂર્યના કિરણો ઘણાં રોગોના નિવારણ માટે ઉપયોગમાં લઇ શકાય છે. વિશેષમાં આપણે જાણીએ આપણે એમ કહી શકીએ કે પ્રાચીન કાળના આપણા વિજ્ઞાને તેની પ્રકૃતિ અને તેના ગુણધર્મ વિષે આપણને ચાવી આપી છે, તત્ત્વની સ્વતઃ મુખ્ય બાબતનું પરિવર્તન આશ્ચર્યજનક ફેરફાર કરશે અને કદાચ વસ્તુની અસર પણ બદલાશે; **અસર એટલે શક્તિનું સાપેક્ષ આકર્ષણ, જે પદાર્થ અને પૃથ્વી વચ્ચે જોવામાં આવે છે. એક યા બીજા પ્રકારે જો તે**

## આવતાં અંકે

ઓગસ્ટના ગાંધી સ્મૃતિ અંકમાં આપે 'શ્રી વીરચંદ-ભાઇની પત્ર પ્રસાદી' એ લેખ વાંચ્યો જ હશે. એ લેખ જે પત્ર પરથી તૈયાર થયો છે તે પત્ર આગામી અંક-અકટોબર માસમાં આપવામાં આવશે.

એ પત્ર અમને મહુવાના કાર્યકર શ્રી ચંપકલાલ તલકચંદ દોશીએ મેળવી આપેલ છે. તેમના સૌજન્યભર્યા સહકારનો હું આભાર માનું છું.

—સંપાદક.

છીએ કે સૂર્યના કિરણો આપણને તંદુરસ્તી આપે છે અને જે પ્રદેશમાં ઉનાળામાં ૧૧૦° થી ગરમી વધે છે ત્યાં કોલેરા—રોગચાળો ફાટી નીકળે છે અને સેંકડો માણસો મરણને શરણ થાય છે. ઘણી દવાઓના મૂળભૂત ગુણ—જન્મસિદ્ધ ગુણ આપણને જ્ઞાત હોય છે. જ્યારે રસાયણ શાસ્ત્રીઓએ દવાઓના ગુણ શોધી કાઢેલ છે. ત્યારે **સંબંધ પલટો લે તો સમૂહ પદાર્થમાં પરિવર્તન આવતું નથી પરંતુ તે સંબંધ જ બદલાય તો અસર કાંઇક જુદી જ હશે અને તેને આપણે અદ્ભૂત ઘટના તરીકે ઘટાવશું.** પરંતુ આ તો એક નિયત નિયમને આધીન છે, અને એ નિયમ બીજી બધી વસ્તુઓ જેટલો જ દૃઢ હોય છે. જ્યારે આપણે માનસિક

ઉચ્ચકક્ષા જોઇએ છીએ ત્યારે આપણને વધુ વિસ્મયજનક જણાય છે; આપણે દરરોજ આ બધી વસ્તુઓ જોઇએ છીએ અને તેથી આશ્ચર્ય જણાતું નથી એક વ્યક્તિ ગુસ્સે થાય છે; સામાન્ય વ્યવહારમાં આચરી ન શકાય એવી વર્તણૂક એ દાખવે છે.

એ એક નવાઇભર્યું છે કે સામાન્ય રીતે ડાહ્યા ગણાતા માણસો ઘણી વખત એવું વર્તન કરે છે, જે કોઇ પણ માણસ એવી આશા ન રાખે, પરંતુ એ એના ક્રોધનું પરિણામ છે જે એના માનસમાં આંદોલન જગાવે છે. આપણે જાણીએ છીએ કે માનસિક વલણ ઘણા અદ્દભૂત પરિણામ આણે છે, જો એક સામાન્ય માણસનું અપમાન કરવામાં આવે તો શા માટે, તે વ્યક્તિ સંપૂર્ણરીતે અપમાન કરનાર વ્યક્તિ પરત્વે તદ્દન જુદી જ વલણુ દાખવે ? આ પણુ માનસિક વલણનું જ પરિણામ છે. એથી વિશેષ એ જ કક્ષાએ જુદા જુદા વિષયો પર અમુક સંજોગોમાં લોકોના સુંદર વિચાર હોય છે; જ્યારે બીજા દૈહિક કે માનસિક કોઇપણુ પ્રસંગે એ વિષય પર તેને પ્રશંસનીય વિચારો હશે. આ પણુ એક વિચિત્રતા છે; પરંતુ આ બધી વસ્તુ વારંવાર ઉપસ્થિત થતી હોઇ આપણે એ ચમત્કારિક ગણતા નથી. તે ચોક્કસ નિયમોનું


કલર કેમીકલ એન્ડ ફર્ટીલાઇજર મરચન્ટ

ધી ભારત કેમીકલ કું.

૩૩૧, સેમ્યુઅલ સ્ટ્રીટ, મુંબઇ ૩.

ડાયસ્ટફ, ઇન્ડસ્ટ્રીયલ કેમીકલ્સ, મીલ્સ સ્ટોર્સ, સુગર રીફાઇન

કેમીકલ્સ મળે છે.

ફોનઃ—ઓફીસ ૩૨૪૪૦૧ ] [ ઘર—૪૭૧૬૦૧

ગ્રામ : BHARCHEM.

પરિણામ હોવા સિવાય બીજું કશું નથી. નૈતિક દૃષ્ટિએ ખરેખર ગૂઢ શક્તિ વિકાસ પામેલી છે અને **નીતિને આકાત રાખવાથી જ આધુનિક વૈજ્ઞાનિકો ચમત્કારિક વિધાના પ્રશ્નને ઉકેલી શકયા નથી.** વૈજ્ઞાનિકોએ ભૌતિક અને માનસિક દૃષ્ટિએ કામ કર્યું છે અને તેઓ માને છે કે વ્યક્તિગત જીવનની નીતિમત્તા અને વારંવાર બનતા બનાવ કે ઉપસ્થિત ન થતા હોય એવા બનાવ સાથે કાંઈ સંબંધ નથી તેઓ માને છે કે બધાં પરિબળો દૈહિક સ્વભાવનું પરિણામ છે. મેં એક અમેરિકન વિખ્યાત વૈજ્ઞાનિકનો લેખ વાંચ્યો છે, જેમાં તે કહે છે, 'એક જગ્યાએથી બીજી જગ્યાએ જે દૈહિક પદાર્થ મોકલવો હોય તો, અમુક શક્તિની જરૂર છે, જે ગરમી ઉત્પન્ન કરશે, અને જો ઝડપ વધશે તો ઝડપ વધવાથી તે પદાર્થની ગરમી વધશે.' જ્યાં સુધી ભૌતિક નિયમોની વાત છે ત્યાં સુધી એ સત્ય છે, અને જો દૈહિક શક્તિનો ઉપયોગ કરવામાં આવે તો વધુ પ્રમાણમાં ગરમી ઉત્પન્ન થશે. પરંતુ નૈતિક શક્તિ માટે શું ? તે લેખક કહે છે "કે કોઈપણ સંજોગોમાં જો ભૌતિક પદાર્થ એક સ્થળેથી બીજે સ્થળે મોકલવો હોય તો ગરમી ઉત્પન્ન કર્યા વિના તમે એમ કરી શકશો નહીં." **પરંતુ આ શક્તિ ફક્ત દુન્યવી પદાર્થ માટે છે પરંતુ જો નૈતિક શક્તિનો ઉપયોગ કરવામાં આવે તો ગમે તેવા પદાર્થનું સ્થળાંતર તમે ગરમી પેદા કર્યા વિના કરી શકશો.** ★

ટેલીગ્રામ : 'કેસુવર્કસ' ટેલીફોન : ૨૫૧૩૦૧

**ધી કેશર સુગર વર્કસ લી.**

હેડ ઓફીસ : ૪૫-૪૭, એપેલો સ્ટ્રીટ મુંબઈ, નં. ૧

ખાંડનું કારખાનું બહેરી (ઉત્તર પ્રદેશ)

ઉત્તમ દાણાદાર ખાંડ, પાવર આલ્કોહોલ, રેકટીફાઈડ અને મેથિલેટેડ સ્પિરિટ

ગોરેગાંવ, મુંબઈ.

★ ફોટોગ્રાફી અને ટ્રેનીંગ માટે હાઇપો ★ ફોટોગ્રાફી માટે સોડા, સલ્ફાઈટ

★ ટેક્સટાઇલ્સ તથા ટેનેરીઝ માટે સોડીયમ બાઈસલ્ફાઈટ ★ ક્રોમીક એસીડ, નીકલ સલ્ફેટ વગેરે ઇલેકટ્રો પ્લેટીંગ કેમીકલ્સ

★ હાઇડ્રો કવીનોન ★ સોડીયમ અને પોટાશિયમ મેટાબાઇ સલ્ફાઈટ

વ્યાપાર સાથે સંબંધ ધરાવતી પૂછપરછ પર પૂરતું ધ્યાન આપવામાં આવશે.

# ગીત મંજુષા

મીઠાં મીઠાં હૃદય ઝરણું, ખામણાં નીર જેવાં,
ધૂવે સર્વે હૃદય મળને દિવ્ય દૃષ્ટિ ખીલવે;
વાળે માર્ગે સહજ શિવના દુઃખના ઓઘ ટાળે,
ઉંચા ઉંચા સકળ ગુણની ઉચ્ચતા શીઘ્ર આપે.

સાંધે મૈત્રી નયન મનની તુચ્છતાં ટાળનારાં,
વ્હાલાં મારાં પ્રતિદિન વસો દિલના આંગણામાં;
સંદેશો એ પરમ સુખનો મુક્તિનું બારણું એ,
ખામું જીવો સકળ જગના સર્વ જીવો ખમાવો.

સિંચે સર્વે હૃદય ગુણને મેઘની વૃષ્ટિ જેવાં,
સાચી એ છે સહજ વિભુને દેખવા શુદ્ધ દૃષ્ટિ;
આવો પ્યારાં હૃદય વસશો શાંતિને આપનારાં,
બુદ્ધ્યબ્ધિ હા પ્રતિદિન થશો ખામણાં એ મઝાનાં.

૧૭-૯-૧૯૧૨

## હૃદય ઝરણાં

સ્વ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ. ના કાવ્ય ગ્રંથોની સંકલિત પદ્ય કટાર :—

જગતના સર્વ જીવોને, અમારા આત્મવત્ માની;
પરસ્પર જે થયા દોષો, ખમું છું ને ખમાવું છું.
અનાદિકાલથી જગમાં, રહી સર્વે જીવો સાથે;
કરી સંતાપના આદિ, ખમું છું ને ખમાવું છું.
જીવોની સાથ આચારે, જીવોની સાથ વિચારે;
ધર્યા જે વૈરને ક્લેશો, ખમું છું ને ખમાવું છું.
જીવોના સર્વ ભેદોને, ત્રિયોગે રાગ ને દ્વેષે;
હણ્યા, હણાવ્યા, ધ્વંસ્યા, ખમું છું ને ખમાવું છું.
અતીતકાલે કર્યા ગુના, તણી માફી દઈ પ્રેમે;
કરી ઉદારતા મનની, ખમું છું ને ખમાવું છું.
વિચારે યાદ જે આવે, વિચારે યાદ ન આવે;
જરા ના ચિત્તમાં રાખી, ખમું છું ને ખમાવું છું.
વિરોધીએ કર્યા ગુના, અમારી યાદમાં આવે;
વિરોધી ભાવ મૂકીને, ખમું છું ને ખમાવું છું.
ભલું કરતાં બુરૂ માની, પ્રતિપક્ષી બન્યા જેઓ;
ચહી માફી જ તેઓની, ખમું છું ને ખમાવું છું.
રહીને વિશ્વમાં કીધાં, કરાવ્યાં પાપ અનુમોદ્યાં;
બુદ્ધ્યબ્ધિ સર્વની સાથે, ખમું છું ને ખમાવું છું.

## ખમું છું ને ખમાવું છું

દરેક જાતના લખવાના છાપવાના તથા પેક કરવાના
કાગળો તથા હાથ બનાવટના કાગળો વિવિધ
આકર્ષક જાતોમાં મળશે.

રજિસ્ટર્ડ માર્કાવાળો 'અજંટા' લેજર
તથા 'લકીબોન્ડ' પેપરના

એક માત્ર મૂખ્ય વિક્રેતા

# ચીમનલાલ પેપર કંપની

[ ડીસ્ટ્રી : ગોપાળ પેપર મીલ્સ લી. ]

૨૭૬, દાદાભાઇ નવરોજજી રોડ, મેકમિલન બીલ્ડીંગ
પો. બો નં. ૧૪૭૫, મુંબઇ ૧.

: તાર :
સીલેક્શન

ફોન : ૨૬૨૦૪૧-૪૨
૨૬૨૨૧૦

પુનિત મહારાજ

# બલિદાન

વીજળી પડે અને જેવો આંચકો લાગે એવો આંચકો આજે પાટણ વાસીઓ અનુભવી રહ્યા હતા. મહારાજા કુમારપાળે રાજ–આજ્ઞા બહાર પાડી હતીઃ 'આ વર્ષે કુળદેવી કંટેશ્વરી પાસે કોઇપણ જીવનું બલિદાન ધરવામાં નહિ આવે !'

રાજ–આજ્ઞા સાંભળતા જ પૂજારીઓનો ક્રોધાગ્નિ ભભૂકી ઊઠયો. એક પૂજારી બોલ્યોઃ

'અરે ! મહારાજા કુમારપાળને આ અવળી મતિ શી સૂઝી છે ? આ તો કુળદેવી ! ખફા થાય તો રાજ આખાનું ધનોતપનોત કાઢી નાખે !'

'એ તો મહારાજા કુમારપાળ પેલા ઢૂંઢિયાની વાદે ચડયા છે એટલે ! આ તો મા ભવાનીનો ભોગ ! પરાપૂર્વથી ચાલ્યો આવે છે. એ તે કાંઇ બંધ થતો હશે ! એક તો શરીરે કોઢ છે. હવે રગતપીત ન નીકળે તો કહેજો ને !'

એક પૂજારી જરા દબાતા ચંપાતા અવાજે બોલ્યો.

એક–બે દિવસમાં તો આખા નગરમાં વાયુ વેગે વાત ફેલાઇ ગઇ. આમાત્યો, શ્રેષ્ઠીઓ, અને નગરજન ચિંતાના સાગરમાં ડૂબી ગયા. છેવટે મહારાજા–કુમારપાળને સમજાવવા મહાજન ગયું.

કુમારપાળે સૌને શાંતિથી સાંભળ્યા અને કહ્યું, 'નગરજનો, શું તમે એમ માનો છો કે મૂંગાં નિર્દોષ પશુઓને મા આગળ વધેરવાથી મા રાજી થશે ? આ સમજણમાં તમારી મોટી ભૂલ થાય છે, દયા ધર્મ જેવો એકે બીજો ધર્મ નથી. મા મારીને રાજી ના થાય. માની આંખ તો ત્યારે જ હરખે કે જ્યારે નિર્દોષ પશુ એની આગળ ગેલ કરતાં હોય. અને હા, માને ભોગ જોઇતો હોય તો હું આપવા ખુશી છું. મા તો જગદંબા છે, સર્વ શક્તિમાન છે, એને જેટલા ભોગ જોઇએ એટલા એની શક્તિથી લઈ લે. આપણે હણવાના નહિ એ શરતે હું એ માગે એટલા ભોગ આપવા તૈયાર છું.'

'એ કેવી રીતે ?' નગર શ્રેષ્ઠીએ ચોખવટ કરવા પ્રશ્ન મૂકયો.

'જુઓ, પરાપૂર્વથી જેટલાં પશુઓનું બલિદાન દેવાયુ છે, એટલા પશુઓ આપણે માને ચરણે ધરી દઇશું. હોમહવન પણ ધામધૂમથી કરીશું. અને છેવટે બલિદાનમાં વધેરાતાં પશુઓને માને ખોળે રમત મૂકી, મંદિરના દ્વાર બીડી દઇશું.

આખી રાતમાં માને જેટલાં પશુઓનો ભોગ લેવો હોય એટલો લઈ લે. આમાં તમને છે કાંઈ વાંધો ?"

કુમારપાળની વાત સાંભળીને મહાજન એક બીજાની સામુ જોઈ રહ્યું. મહારાજા કુમારપાળની વાત પણ વ્યાજબી હતી. સૌએ તે કબૂલ કરી. અને હજારો જીવતાં પશુઓને માના મંદિરમાં પૂરીને બહાર ભૂંગળ-તાળા મરાઇ ગયાં. મંદિરની આજુબાજુ સખ્ત જાપ્તો મૂકાઇ ગયો.

બીજા દિવસનું પ્રભાત પ્રગટયું. હજારો પાટણ વાસીઓ કંટેશ્વરી માતાના મંદિર પાસે જમા થવા લાગ્યા, મહારાજા કુમારપાળ આવ્યા. હેમચંદ્રાચાર્ય આવ્યા, મહાજન આવ્યું. સૌની આંખમાં પશુઓના ભોગનું શું થયું એ જોવાની અધીરાઇ તરવરી રહી હતી.

ત્યાં તો કિચૂડ કરતું મંદિરનું-મહાદ્વાર ખૂલ્યું. અને હજારોની સંખ્યામાં પૂરાઇ રહેલાં નિર્દોષ પશુઓ હસતાં ખેલતાં બહાર દોડી આવ્યાં. કુમારપાળ અને હેમચંદ્રાચાર્ય ધીર-ગંભીર પગલે માની સમક્ષ જઇને ઊભા. માને પ્રેમથી વંદન કર્યાં. માની આંખમાંથી આ સપૂતો પર અમી વર્ષા વરસી રહી હતી.

અંધશ્રદ્ધાને પોષતા પેલા પાખંડી પૂજારીઓનાં મોઢાં પર જાણે કાળી શાહી ઢોળાઇ ગઇ.

માને વંદન કરી કુમારપાળ નગરજનો પાસે આવ્યા અને ધીરગંભીર સાદે કહ્યું: 'નગરજનો, જોયું ને મહામાયાને પશુઓનાં બલિદાન જોઇતાં નથી. એને તો નિર્દોષ પશુઓના હર્ષની કિકિયારીઓ ગમે છે. એવી તે કઇ મા હશે કે જે પોતાના બાળકોનો ભોગ લઇને રાજી થાય ? મા લોહી તરસી નથી, પ્રેમ ભૂખી છે. એને પ્રેમ આપો. એની અમીદૃષ્ટિ સૌ પર રહેશે.' અને,

બુલંદ અવાજે મહારાજા કુમારપાળનો જયઘોષ ચારે બાજુ ગુંજી ઉઠયો.

**(જનકલ્યાણના સૌજન્યથી.)**

## ગ્રાહકોને નમ્ર વિનંતી

**'બુદ્ધિપ્રભા' દર માસની દસમી તારીખે પ્રગટ થાય છે. આપને તા. ૨૦ સુધી અંક ન મળે તે પછી જ, આપનો ગ્રાહક નંબર લખીને કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.**

બુદ્ધિપ્રભા
C/o શ્રી જે. એસ. દંતારા
૧૨/૧૬, ત્રીજો ભોઈવાડા, ૧ લે માળે,
મુંબઇ ૨.



**શ્રી શત્રુંજય તીર્થાધિરાજની પવિત્ર ભૂમિમાં દાન તથા પૂન્ય કરવાનું અપૂર્વ ક્ષેત્ર**

# શ્રી ગૌરક્ષા સંસ્થા-પાલીતાણા

સંસ્થામાં અપંગ, અશક્ત, તથા પાકટ ગાયો, વાછડા, વાછડી વગેરેને સુકાળ તેમજ દુષ્કાળ જેવા સમયમાં બચાવી પાલન કરી રક્ષણ કરવામાં આવે છે. હાલમાં દોઢસો ઉપરાંત જાનવરો છે. પાણીના બન્ને અવેડા ભરવામાં આવે છે. ગૌરક્ષા, દુગ્ધાલય, ખેતીવિભાગ ઢોર ઉછેરની પ્રવૃત્તિઓ ચાલુ છે. આ સઘળા ખર્ચને પહોંચી વળવાનું ઘણું મુશ્કેલ છે. કુદરતી આફતો તથા દુષ્કાળ વખતે ખર્ચ થતાં સંસ્થાને નાણાંની ખૂબજ મૂંઝવણ રહે છે. તો સર્વે મુનિ મહારાજ સાહેબોને, દરેક ગામના શ્રી સંઘને, દયાળુ દાનવીરોને તથા ગૌપ્રેમીઓને મૂંગા પ્રાણીઓના નિભાવ માટે મદદ મોકલવા વિનંતિ છે. સંસ્થા તરફથી બહાર દેશાવરમાં ઉપદેશકોને મોકલવામાં આવ્યા છે. તો તેમને સહાય કરવા વિનંતિ છે.

**ગૌરક્ષા સંસ્થા**

પાલીતાણા

**રમણીકલાલ ગોપાળજી કપાસી**

**જીવરાજ કરમસી શાહ**

માનદ્ મંત્રીઓ

**જીવદયાના કાર્યમાં સહાય કરી મહાન પૂણ્ય મેળવો.**

# સમાજ, યોગ ને અધ્યાત્મને સ્પર્શતા ગુરુદેવના પત્રો

[ કલમના એક જ ગોદે બિહાર સરકારે આપણું પવિત્ર તીર્થ સમેતશિખર આંચકી લીધું છે. કાયદાની દ્રષ્ટિએ તે ગમે તેટલું ન્યાય પુરઃસર હોય પરંતુ સરકારે યાદ રાખવું જોઈએ કે કાયદો માનવી માટે છે. માનવ કાયદા માટે નથી.

આમ આજે તો સમેતશિખર સળગી રહ્યું છે. તેની આગ ઓલવવા ઘણા પ્રયત્ન કરી રહ્યા છે. પરંતુ જે સારાય સમાજમાં સમેતશિખરને બચાવવા માટે શૂરાતન પ્રગટવું જોઈએ તે હજુ પ્રગટ્યું નથી.

આજે સમાજમાં જ્યારે એ પ્રશ્ન અંગે ભારે ઉદાસી અને ઠંડી બેપરવાહી મોટે ભાગે પ્રવર્તી રહી છે. ત્યારે આજથી લગભગ અર્ધી સદી પહેલાં શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મહારાજે ફૂંકેલો પ્રેરણા મંત્ર–જૈનો જાગો! અને તમારા ધર્મનું રક્ષણ કરો. જાણે આજે પણ તેવો જ બુલંદ અવાજે સંભળાય છે. તેથી તેમનો એ પ્રાસંગિક પત્ર અત્રે પત્ર સદુપદેશ ભા. ૨ પાન નં. ૨૩૬ થી ૨૩૮ પરથી ઉધૃત કર્યો છે. —સંપાદક ]

ફાગણ વદી ૯, સં. ૧૯૭૮

વિજાપુર,

ફાગણ વદી નવમીના રોજ બે વાગ્યાના સુમારે ભાવસોર ગામ તરફથી કોઈક આવેનારે અફવા ફેલાવી કે વિજાપુરમાં લુટારાઓ ચઢી આવે છે, અને બાટવાકો લૂટે છે. એ અફવાથી કચેરીઓ અને નિશાળ બંધ થઈ ગઈ. કુંભાનો ઉપાશ્રય બંધ થઈ ગઈ. કેટલાંક બૈરાંઓ તો થર થર કંપવા લાગ્યાં

હિંદુ બૈરાંઓ તથા કેટલાંક જૈન પુરુષો બીકનાં માર્યા, વોરા અને મુસલમાનોના તેમજ ઢેડાના ઘરમાં સંતાયા કેટલાક તો ઘર વાસીને સંતાઈ ગયાં.

અમોએ તો ઉપાશ્રયમાં રહી આવી સ્થિતિ દેખી તેથી ગામ લોકોની ભીરુતા અને બાયલાપણા ઉપર દયા આવી. કારણ જે ગામના અને દેશનાં પુરુષો અને સ્ત્રીઓ આવાં બીકણ હોય છે તેનાં સંતાનોની પરંપરા દુનિયામાં જીવી શકે નહિ અને મંદિર, દેરાસર, ધર્મ તેમજ સ્વકુટુંબનું રક્ષણ પણ કરી શકે નહિ.

ખરેખર પોતાની માલમિલકતનું રક્ષણ કરવા જેટલી શક્તિ જેનામાં ન હોય તેવાઓએ ગૃહસ્થાશ્રમી બનવું ન જોઇએ. **અને જેઓ પોતાનું, ગામનું તેમજ સંઘનું રક્ષણ કરવા જેટલી શક્તિ ધરાવતા નથી તેવા બાયલા પુરુષોને ગૃહસ્થ જીવન જીવવાનો અધિકાર નથી કારણકે એવા લોકોના વંશપરંપરાના લોકો બકરીના જેવું પશુ જીવન જીવીને છેવટે મરે છે.**

**કર્મમાં અગર ધર્મમાં બાયલાઓને જીવવાનો અધિકાર નથી.** જે કર્મમાં શૂરા હોય છે તે જ ધર્મમાં શૂરા હોય છે. લુંટારાઓની સામે સ્વકુટુંબ, ગામ વગેરેના રક્ષણ માટે પહેલાથી શસ્ત્રાદિકનું શિક્ષણ મેળવીને ગૃહસ્થો ગૃહસ્થ ધર્મની ફરજ અદા કરે છે. ગૃહસ્થાવાસમાં ગૃહસ્થની ફરજો જે જે અદા કરવાની હોય છે તે તે આત્મોપયોગીને પણ ગૃહસ્થ દશામાં કરવી પડે છે. જો તે સ્વફરજોને અદા કરતાં મૃત્યુ આદિ ભયથી ડરે તો તે ગૃહસ્થ ધર્મને લાયક રહેતો નથી.

નિર્વીર્ય મનુષ્ય ખરેખર મડદા જેવો છે. દેરાસર, ઉપાશ્રય આદિનું રક્ષણ કરવામાં તથા લુંટારાઓથી પોતાની જાત, ઘર, દુકાન વગેરેને બચાવવામાં બાયલા તથા નપુંસક જેવા જૈનો અને તેઓની સ્ત્રીઓથી ઉત્તમ, શૂરા કર્મયોગી સંતાનો જનમી શકે નહિ અને એવા જૈનોથી જૈનધર્મનું રક્ષણ થઇ શકે નહિ. હિંદુઓ અને જૈનોની આવી પામર દશા છે ત્યાં સુધી તેઓ બાહ્ય સ્વરાજને લાયક નથી.

શસ્ત્રાદિક બળનો અન્યાયથી, સ્વાર્થથી દુરુપયોગ ન કરવો પણ ધાડપાડુ, લુંટારા જેવાની સામે રહી સદુપયોગ કરવો એવી ગૃહસ્થ લોકોની ફરજ છે તેથી ભ્રષ્ટ ચલિત થનારાઓ આર્યપણાને લજવે છે.

ગૃહસ્થ જૈનોના ત્યાગીના જેવા અહિંસક પરિણામ વર્તે તો પણ

તેઓએ ગૃહસ્થાવાસમાં રહેવાનું હોય ત્યાં સુધી ગૃહસ્થાવાસની ફરજો અંતરથી ન્યારા રહી બહારથી કરવી જોઇએ.

ત્યાગી અવસ્થાની ફરજો અદા કરવામાં તથા ધર્માચાર્ય પ્રવર્તકની ફરજો અદા કરવામાં જે કાયર હોય તેણે તે તે પદને સ્વીકારવું ન જોઇએ. ગૃહસ્થાવાસમાં રહ્યાં છતાં ત્યાગીના જેવું વર્તન થઈ શકે નહિ.

જે પોતે બાયલો બને છે તે પોતાનાં બાળકોને અને વંશપરંપરાને બાયલી બનાવે છે એવા લોકોની દેશભૂમિ, લક્ષ્મી, સંતતિ વગેરેને અન્ય શૂર પ્રજાઓ પોતાના તાબે કરે છે અને એવી પ્રજા ગુલામ બની પોતાના ધર્મનું તથા વંશપરંપરાનું નામ નિશાન મીટાવી દે છે.

પોતાનામાં પોતાના રક્ષણનું બળ પ્રગટાવવું જોઇએ. અને પારકાના બળ ઉપર વિશ્વાસ રાખી પરાશ્રયી ન બનવું જોઇએ. જે બીજાના આધારે જીવે છે તે જીવતા મરેલા છે અને તેવા મરેલાની જગ્યાએ બીજા જીવંત લોકો આવે છે.

ગૃહસ્થ લોકોએ ગૃહસ્થાવાસમાં સર્વ પ્રકારની શકિતયોથી યુકત રહેવું અને પોતાનો નાશ કરનારાઓ સામે સ્વશકિત તથા સંઘશકિત વાપરીને જીવવું પરંતુ અંતરમાં તો આત્માના શુદ્ધોપયોગે જ જીવવું. પોતાના બાળકોને બળવાન બનાવવાં. એક જ બાળક જ્યારે પ્રસંગ પડે ત્યારે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, અને શુદ્રનું પણ કાર્ય કરે અને જૈનધર્મને આરાધી શકે એવી રીતે માબાપે બાળકોને શિક્ષણ આપવું

જૈનોએ ક્ષાત્રકર્મની ફરજોને ખોઇ વણીકપણાની ફરજોથી હાલ મડદાલ બન્યા છે. અને જૈનધર્મની સાધનામાં પણ મડદાલ બન્યા છે. તે ગૃહસ્થ ધર્મથી પતિત થવાનું ચિહ્ન છે. તેઓ મોજીલા અને શોખીન બનીને જૈનત્વનું અસ્તિત્વ ન મીટાવી દે અને બહાદુર બની સ્વફરજોથી દેશ, કોમ, જ્ઞાતિ, સમાજ, સંઘ, રાજ્ય, કુટુંબ વગેરેનું રક્ષણ કરે અને ત્યાગીઓની, તીર્થોની તેમજ ચતુર્વિધ સંઘની સેવા–ભક્તિ કરી તેમજ તેનું રક્ષણ કરતાં જીવે અને વિશ્વવર્તિ ધર્મીલોકોને જીવાડે એમ જૈનધર્મના શાસ્ત્રો ફરમાવે છે.

કર્મયોગી-જ્ઞાની ગૃહસ્થ જૈનો વિશ્વમાં જયવંતા વર્તે છે. ગૃહસ્થ દશામાં ચોથા અને પાંચમા ગુણસ્થાનકમાં રહેલ જૈનોના શુભ અધ્યવસાયો કદાપિ છૂટા

અને સાતમા ગુણસ્થાનક વર્તી સાધુના જેવા વર્તે પણ ગૃહસ્થ વેષમાં ગૃહસ્થની લૌકિક લોકોત્તર ધર્મ્ય ફરજોને ઉત્સર્ગ અને અપવાદ માર્ગથી બાહ્યથી અદા કરવી જોઈએ.

મારી દશા શુદ્ધાત્મ સ્વરૂપના ત્યાગી ધર્મની છે તેમાં મારો ઉપયોગ છે અને વ્યવહારથી વ્યવહારિક ફરજોને અદા કરવાની છે. મારે મારા સ્વભાવમાં રહેવું અને ગૃહસ્થોને ગૃહસ્થ ધર્મની ફરજોનો ઉપદેશ દેવો તે તેમના ધર્મની દૃષ્ટિએ દેવાનો છે અને તે પ્રમાણે મેં તે દીધો છે.

એ જ ૐ અર્હમ્ મહાવીર શાંતિ

લી. બુદ્ધિસાગર


શ્રી સંભવનાથાય નમઃ

શ્રી સિદ્ધગિરીજીની યાત્રાએ પધારતા

## શ્રી વરતેજ જૈન પ્રાચીન ભવ્ય દેરાસરના દર્શનાર્થે અવશ્ય પધારો

અત્રે ઝીણી નકશીકોતરણી આલેખાયેલ શિખરબંધી સાત ધજાનું સુંદર



કલાત્મક ભવ્ય જિનાલય છે. ઉપરાંત બે ઉપાશ્રય, બે ધર્મશાળા, વાસણો, પાથરણ વિ. દરેક પ્રકારની સગવડતા છે. અત્રેના હવા પાણી પણ ખૂબ જ સારા છે.

વરતેજ આવવા માટે ભાવનગરથી શહેર સુધરાઈની બસો ઉપરાંત અન્ય બસો, રેલ્વે અને શિહોરથી બસ, રેલ્વે વિગેરેની અનેક પ્રકારની સગવડતા મળે છે. તો યાત્રાળુઓને અહીં પધારી દર્શન મંગળનો લાભ લેવા અમારી આગ્રહભરી વિનંતી છે.

લી૰

શ્રી વરતેજ જૈન શ્વે. મૂ. સંઘ વતી

**શાહ મોહનલાલ તારાચંદ**

શ્રી હરિપ્રસાદ વ્યાસ

# અભયદાન

[ કીર્તિ એક્સપ્રેસની કરૂણ હોનારતમાં બનેલી એક સત્ય ઘટના.

—સંપાદક ]

કીર્તિ એક્સપ્રેસના ભયંકર અકસ્માતની આ સત્ય ઘટના છે. માનવ જીવનને ધન્ય કરી બતાવતા એક પાવક પ્રસંગની આ યશગાથા છે.

એ એક્સપ્રેસમાં મનહરરાય મુસાફરી કરતા હતા. નિજાનંદમાં મસ્ત રહેનાર એ આદમી સહેજ આંખો મીંચીને તંદ્રામાં પડયા હતા. બાજુના ડબામાંથી કોઈ બાઈએ મોટેથી ઉચ્ચારેલાં વેણ "આ તો પંખીનો મેળો છે, ભા!" એમના કાન ઉપર અથડાયાં અને તંદ્રાવસ્થામાં ગુંથાતી એમની વિચાર ગુંથણીએ વધુ નક્કર સ્વરૂપ પકડયું.

દરમ્યાન ભયંકર અવાજ સંભળાયો.

કાળજાં કંપાવી નાંખે તેવો અવાજ.

અસંખ્ય માનવ કંઠમાંથી એક સામટી ચીસો સંભળાઈ.

સ્ત્રીઓ અને બાળકોના કરુણ સ્વર કર્ણને ભેદી રહ્યા.

કીર્તિ એક્સપ્રેસને જીવલેણ અકસ્માત નડયો હતો.

મનહરરાયની તંદ્રા ઊડી ગઈ. તેમને આછું આછું ભાન થયું કે અકસ્માત થયો છે. પરંતુ ડબાનો કાટમાળ તેમના શરીર ઉપર ઝીંકાયો અને તેઓએ ક્ષણમાં જ ભાન ગુમાવ્યું.

દરમ્યાન બચી ગયેલા ઉતારૂઓએ ચારે તરફ દોડાદોડ કરી મૂકી હતી. જેઓને બચાવી શકાય તેવાઓને બચાવી લેવાના પ્રયત્નો શરૂ થઈ ગયા હતા. એક–બે ડોક્ટરોએ સારવાર આપવાનું પણ શરૂ કરી દીધું હતું. પરંતુ જે ડબાઓ સહેજ પણ હઠાવી શકાય તેવા ન હતા, તેમની નીચે દબાયેલાઓને પ્રભુ શરણે છોડી દેવામાં આવ્યા હતા. તેમને માટે વધુ મદદ ના આવી પહોંચે ત્યાં સુધી કંઈ થઈ શકે તેમ ન હતું.

આવા એક ડબ્બા નીચે મનહરરાય દબાયા હતા. સદ્ભાગ્યે તેમના ઉપર આડાં પાટિયાં પડયાં હતાં, પણ તેને અવરોધ નડવાથી ત્યાં થોડુંક પોલાણ બન્યું હતું.

કેટલીકવાર પછી મનહરરાયને ભાન આવ્યું. તેમણે આંખો ઉઘાડી. આખા દેહ ઉપર ડબ્બાઓનો ભંગાર જાણે ખડકાઈ ગયો હતો! શરીરે કચ્ચર

માર લાગ્યો હતો. બદનમાં અસહ્ય કળતર થતું હતું.

તેમણે બૂમ પાડવા પ્રયત્ન કર્યો, પરંતુ ગળામાંથી અવાજ નીકળ્યો નહિ. બહાર બૂમ અવાજો આવ્યા કરતા હતા. પરંતુ તેમને અવાજ પહોંચાડવાનું મનહરરાયના ગળા માટે અતિ મુશ્કેલ હતું. એમનો કંઠ જાણે સૂકાઈ ગયો હતો.

એમને પાણીની તૃષા તો લાગી જ હતી. પરંતુ ભંગારમાં દટાયેલી વ્યક્તિને પાણી ક્યાંથી મળે?

તેમણે બે આંખો મીંચી દીધી.

ગળામાં શોષ પડતો હતો.

અંતર "પાણી! પાણી!" પોકારતું હતું.

તેમણે પોતાનો હાથ ગળા ઉપર ફેરવ્યો.

બહાર ચારે તરફ ફાનસો લઈને ઘણા જણ ફરતા હતા. ભંગારને ભેદીને કોઈ કોઈ વાર પ્રકાશ ત્યાં ઝળકી જતો હતો. ડોકી આમ તેમ ફેરવીને નજર નાંખી જોઈ શકાય તેવું અજવાળું ત્યાં અવારનવાર પ્રવેશી જતું હતું.

મનહરરાયે ડોકી ફેરવી અને તેમની નજરે બે બાબત ચડી ગઈ એક તો સહેજ વાંકો વળીને અડધો વળી ગયેલો પાણીનો લોટો અને બાજુમાં પડેલો એક યુવાન!

મનહરરાય સહેજ ઉત્તેજિત થઈ ગયા ડબ્બામાં તેમની સામે જે યુવાન બેઠેલો તે જ યુવાન ત્યાં બાજુમાં પડયો હતો!

"એ જીવતો હશે! કે પછી પ્રભુના દરબારમાં...! ના, ના, મારે જોવું તો જોઈએ. પણ હું આવી સ્થિતિમાં એને શી મદદ આપવાનો હતો?...અરે... પણ જોઉં તો ખરો. ઊભા નહિ થવાય, પણ હાથ તો લંબાવું."

મનહરરાયે હાથ લંબાવ્યો.

જુવાનની નાડી હજી ચાલતી હતી! એનામાં હજી જીવ હતો!

મનહરરાયને પાછું પાણી યાદ આવ્યું. તેમણે પેલા લોટા તરફ હાથ લાંબો કર્યો.

લોટામાં થોડુંક પાણી બચ્યું હતું!

થોડુંક જ પાણી!

મનહરરાયનું ગળું વધારે સુકાવા લાગ્યું. પાણી માટે ક્યારનાય એ ઝંખતા હતા અને દૈવયોગે પાણી ત્યાં આવી મળ્યું હતું.

"પણ...પણ...પણ" તેમનું મન વિચારે ચડયું. "પેલો જુવાન? હું તો ભાનમાં આવ્યો છું. હું પાણી પીઉં કે એને આપું? એને પાણીની ખાસ જરૂર લાગે છે. એના મોંમાં થોડું પાણી જાય, એની આંખ ઉપર પાણી છંટાય તો એને ખૂબ રાહત

મળે. એ ભાનમાં આવે. કદાચ પાણીના શોષને લીધે તો એ..."

આમ વિચાર ચાલે છે ત્યાં તો પેલા જુવાનના ગળામાંથી કંઇક વિચિત્ર અવાજ નીકળવા મંડયો.

મનહરરાય ચમકયા.

તેમણે તરત નિર્ણય કરી લીધો.

"નહિ નહિ! હું પાણી વગર ચલાવી લઇશ. પ્રભુ ઇચ્છા હશે તો હું થોડો સમય વધારે ખેંચી શકીશ. પણ આ યુવાન? નહિ, એને એમ પાણી વગર મરવા દેવાય નહિ. કોને ખબર! પરણેલો પણ હોય. ઘેર એની કોડભરી પત્ની એની વાટ જોઇને બેઠી હોય. એનાં માબાપ? એ બિચારાં પોતાના લાડકવાયાની પ્રતીક્ષા કરતાં બેઠાં હોય! ઓહ!"

મનહરરાયનું હૃદય દ્રવી ઊઠયું. તેમણે હાથ લાંબો કર્યો. પેલા યુવાનના હોઠ પાસે તેઓ પોતાનાં આંગળાં લઇ ગયા.

એનો શ્વાસ ચાલતો હતો.


અહિંસા એ માનવમાત્રનો મહામંત્ર છે. તેના વ્યવસ્થિત પ્રચાર વિના સમાજનો અભ્યુદય થઇ શકે નહીં. તેમાંએ જેઓ વિષમ સંયોગોના પરિણામે ધર્મ ભૂલ્યા છે, તેમને તો અહિંસાનો મહામંત્ર અવશ્ય સંભળાવવો જોઇએ.

આ કાર્ય માત્ર શબ્દોના સ્વસ્તિક પૂરવાથી થતું નથી. તે માટે એકનિષ્ઠ બની, અખંડ-અવિરત પ્રયત્ન કરવાની જરૂર છે.

# ગુજરાતનું ગૌરવશાળી જૈન મિશન.

## પરમાર ક્ષત્રિય જૈનધર્મ પ્રચારક સભા.

જે બોડેલી અને તેની આસપાસના પ્રદેશમાં અહિંસા ધર્મનો વ્યવસ્થિત પ્રચાર કરી રહ્યું છે. અને તેનું પરિણામ ઉત્તરોત્તર સુંદર આવતું રહ્યું છે. છેલ્લા પંદર વર્ષથી કાર્ય કરી રહેલ આ સંસ્થાનો પરિચય મેળવો અને સહકાર આપો.

જો આપણે એમ ઇચ્છતા હોઇએ કે અહિંસા ધર્મનો પ્રચાર વધે અને બીજા હજારો ભાઇઓ તેના ઝંડા નીચે આવી પોતાનું કલ્યાણ સાધે તો આ **સંસ્થાને** છુટા હાથે પૈસાની મદદ કરવી ઘટે છે.

બોડેલી અને તેની આસપાસના દેરાસરોની **પંચતીર્થી**ના દર્શન કરવા પધારો. અને આ કાર્ય ક્ષેત્રનું નિરિક્ષણ કરો.

| મદદ મોકલવાનું ઠેકાણું : | કાર્યાલય : | માનદ્ મંત્રીઓ : |
|---|---|---|
| **શેઠ વાડીલાલ રાઘવજી**<br>૬૧, ત્રાંબા કાંટા,<br>**મુંબઇ ૩.** | ૪૫૭, સરદાર વી. પી. રોડ,<br>૨ જે માળે,<br>**મુંબઇ ૪.** | જેઠાલાલ લક્ષ્મીચંદ શાહ<br>ઇશ્વરલાલ કસ્તુરચંદ<br>સાળવી |

તેમણે યુવાનના હોઠ છૂટા પાડયા પછી ધીમેથી પાણીનો લોટો નમાવ્યો.

મોંમાં બે ચમચી જેટલું પાણી ગયું.

જાણે અમૃત ગયું.

બાકીનું થોડું પાણી મનહરરાયે પેલા જુવાનની આંખો ઉપર ચોપડયું.

થોડુંક એના ચહેરા ઉપર લગાડયું.

હવે થોડાંક ટીપાં જ બચ્યાં હતાં.

અમૃતનાં ટીપાં !

અને મનહરરાયે ઉદાર દીલે એ વધેલાં અમૃતનાં ટીપાં ધીમે ધીમે યુવાનના મુખમાં રેડયા.

અનાયાસે પ્રાપ્ત થયેલી સંજીવની પરાયાને અર્પણ કરી દીધી !

થોડીવારે યુવાન સળવળ્યો.

મનહરરાયનું હૈયું નાચી ઊઠયું. પોતાના દેહ ઉપર ખડકાયેલા ભંગારની આરપાર થઈને આકાશ સામે મીટ માંડવાનો પ્રયત્ન કરી તેમણે પ્રભુને મૂંગી પ્રાર્થના કરી. આ જીવ બચાવ્યાનો તેમને પરમ સંતોષ હતો.

કેટલીક વારે મદદ આવી પહોંચી ભંગાર ખસેડાયો. ભંગારની નીચે દબાયેલા દેહોને બહાર કાઢવામાં આવ્યા. સહુને પ્રાથમિક સારવાર આપીને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા.

મનહરરાયને બે દિવસ હોસ્પિટલમાં રાખવામાં આવ્યા પછી તેમને રજા આપવામાં આવી.

જતાં પહેલાં તેમનાં મિત્રો પેલા જુવાનને શોધી રહ્યાં હતાં. "એને પણ અહીં જ લાવવામાં આવ્યો હશે ને ?...જીવતો તો હશે જ !"

અને લેવા આવેલા સગાને ઊભા રાખી તેમણે આમતેમ નજર ફેંકી.

દૂર છેલ્લા ખાટલામાં પાટાપીંડીથી વિંટાળાયેલો પેલો યુવાન બેઠો થઈને કોફી પી રહ્યો હતો.

મનહરલાલના અંતરે કદી અનુભવી ના હોય તેવી શાન્તિ—પરમ શાન્તિ અનુભવી.

તેમના સાથીએ પૂછ્યું : 'કેમ જઈશું ? શું વિચારમાં પડી ગયા ?'

મનહરરાય પાછા સ્વસ્થ થઇ ગયા. ચાલતાં ચાલતાં તેઓ બોલ્યા : "કંઈ ખાસ વિચાર નથી કરતો. મને એમ થાય છે કે આ સંસાર પણ પંખીના મેળા જેવો જ છે ને ? કોણ કોનું છે ? બે ઘડી આવીને મળવાનું અને પછી પોતાને પંથે પડી જવાનું !"

★

# અશોક

## સીલ્ક અને વેલ્વેટ



ફેશન-ડી-પારીસ
કિંગ્સ વેલ્વેટ
પદ્મિનિ
કામિનિ
અશોક બ્યુટી
સાટીન
બ્રોકેડ
ટાફેટા
લાઈનીંગ
ટેપેસ્ટ્રી

સેલીંગ એજન્ટસ:

**મેસર્સ વી. ચત્રભુજ એન્ડ કંપની પ્રાઈવેટ લીમીટેડ**

**કૃષ્ણ ચોક, એમ. જે. માર્કેટ, મુંબઈ-૨.**

ફોન: ઓફિસ — ૩૮૬૯૦ મીલ્સ — ૪૭૧૦૭૨ — ૪૭૧૨૭૬

ગ્રામ: વીસીકો

ગો
ચ
રી

(સ્વ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મ. ના વિવિધ ગ્રંથોની સંકલિત ગદ્ય કટાર)

# જોગી અને જમાનો

આ જમાનામાં સંકુચિત દૃષ્ટિનું રાજ્ય ચાલવાનું નથી. જ્ઞાનના જમાનામાં તો વિશાળ દૃષ્ટિનું રાજ્ય પ્રવર્તે છે.

જૈનો જમાનાને અનુસરી જૈનાગમોને અવિરોધી એવી વિશાળ દૃષ્ટિને ધારણ કરશે તો ઉત્ક્રાન્તિના જમાનામાં અન્યધર્મી પ્રજાઓની સાથે સ્પર્ધામાં ટકી શકશે, અન્યથા જૈનોનો વ્યવહાર તથા ધાર્મિક અભ્યુદયનો સંભવ નથી....

જૈન શાસનની ઉન્નતિ થવાની જ છે એમ મનમાં વિચારીને જૈનધર્મની ઉન્નતિના ઉપાયો આદરવામાં જરા માત્ર પણ પ્રમાદ કરવો જોઇએ નહિ.

જૈન શાસનની જેઓના હૃદયમાં દાઝ છે એવા જૈનોએ ગમે તેવા મતભેદો છતાં સંપ ધારણ કરીને ધર્મકાર્ય કરવાં જ જોઇએ.

અંદર અંદરના કલહથી જૈનો જૈન શાસનરૂપ ગાયનો ઘાત થાય તેવી પ્રમાદદશાથી પ્રવૃત્તિ કરે તો ખરેખર તેઓ જૈન શાસનના નાશનું પાપ કરનારા ગણાય એમ માની શકાય.

જૈન શાસનરૂપ ગાયનું જે જૈનો રક્ષણ કરે છે તેઓ સુખ સંપદાને પામે છે. ભિન્ન ભિન્ન ગચ્છના જૈનોએ સર્વ સાધારણ જૈન શાસનની ઉન્નતિના ધર્મકાર્યમાં એક થવું જોઈએ. સાધારણ ઉન્નતિના કાર્યોમાં એક થઈને જૈન શાસનની ઉન્નતિ કરવા કદિ ચૂકવું નહિ.

જૈન શાસનની ઉન્નતિમાં તકરારી વિષયને આડો ધરવો નહિ.

**જૈન** શાસનને પોતાના પ્રાણસમાન માનીને રક્ષા કરવા મન વચન અને કાયાનો ભોગ આપવો. અને અન્ય ધર્મવાળાઓના ઉપર કરુણાભાવ રાખીને જૈન શાસનનો સર્વત્ર ફેલાવવા પ્રયત્ન કરવો.

—ધાર્મિક ગદ્ય સંગ્રહ પાન નં. ૨૦૩.

# દિવ્યચક્ષુ ઊઘાડો

દુનિયામાં કોઇની સાથે વૈર-વિરોધ થવો ન જોઇએ. સ્વાર્થાદિ પ્રસંગે વૈર-વિરોધ ઊઠે છે. કિંતુ સ્વાર્થાદિ દૃષ્ટિ દૂર કરીને વિચારીએ તો વૈર-વિરોધ કરવાની જરૂર જણાતી નથી.

આખી દુનિયાના જીવોને નિર્દોષ આનંદના માર્ગે વાળવા માટે દિવ્યચક્ષુ ખોલવાની જરૂર છે. બીજાઓ તરફથી ઘણું ખમીને પણ વૈર-વિરોધ ન વધે એવો આત્મભાવ પ્રગટ કરવાની જરૂર છે.

કર્મના ઉદયે અનેક જીવો દુઃખમાં નિમિત્તભૂત થાય તો પણ દુઃખનું વાસ્તવિક કારણ કર્મ છે. એવું અવબોધીને તથા નિશ્ચય કરીને મનમાં બીજા જીવો સંબંધી કોઇપણ પ્રકારનો વિરોધ પ્રગટ કરવો નહિ. મનમાં વિરોધનાં સૂક્ષ્મ વિચારો પ્રગટ થતાં જ મૂળમાંથી તેને દૂર કરી દેવા જેથી ભવિષ્યમાં કોઇપણ જાતનો વૈર-વિરોધનો સંસ્કાર પ્રગટ થઇ શકે જ નહિ.

પંચેન્દ્રિયોના વિષયોના સ્વાર્થે તથા માન લોભાદિ દોષો વડે બીજા જીવોનું ખરાબ કરીને જીવોમાં વૈર-વિરોધ પ્રગટાવવા નિમિત્તભૂત ન થવું એમ વારંવાર ઉપયોગ ધારણ કરવાની જરૂર છે.

કોઇપણ જીવને મન, વચન અને કાયાથી દુઃખવવા નહિ એવો વારંવાર ઉપયોગ રાખીને જીવવાની જરૂર છે. પોતાના નિમિત્તે કોઈ જીવ કર્મ બાંધતો હોય અને તે બાબતમાં કોઇપણ જાતનું નુકશાન થતું હોય તો તે વેઠીને પણ બીજાઓને કર્મ બાંધવામાં નિમિત્તભૂત ન થવાય તે પ્રમાણે રહેવું. અથવા સદુપદેશથી કોઇ પોતાના નિમિત્ત કર્મ ન બાંધે એ પ્રમાણે વર્તવા પ્રયત્નશીલ થવું.

કોઇપણ જીવને સમ્યક્ચારિત્ર માર્ગમાં વિઘ્ન નાંખીને વૈર-વિરોધ વધારવો નહિ. વૈર-વિરોધ કદાપિ કોઇની સાથે થયો હોય તો ખમાવીને દૂર કરવા ઘણી જ નમ્રતા ધારણ કરવામાં કદી પાછા પડવું નહિ.

બાહુબલિએ માનનો ત્યાગ કર્યો, દશાર્ણભદ્રે માનનો ત્યાગ કર્યો તે પ્રમાણે માનનો ત્યાગ કરીને ગુણોનો વ્યાપાર કરવા સંતોના બજારમાં જવું જોઇએ.

સત્પુરુષોનાં વચનોને અમૃતની પેઠે હૃદયમાં પરિણમાવાં અને પ્રશસ્ત અધ્યવસાયની વૃદ્ધિ થાય તેવી રીતે આત્માને વારંવાર ભાવવો જોઇએ.

આત્માનો ઉદ્ધાર ખરેખર આત્મબળથી સદ્‌ગુરુના શરણે રહી કરવાનો છે. આખી દુનિયાના મનુષ્યોનાં હૃદયમાંથી વૈર–વિરોધ શમી જાય એવા સમતારસ વિચાર પ્રવાહના ઝરણાં આત્મામાંથી પ્રગટો !

—ધાર્મિક ગદ્ય સંગ્રહ
પાન નં. ૪૨૭–૪૨૮

★

# શ્રમણ સંઘની પડતીના કારણો.

૧. પરસ્પર નિંદા, ઈર્ષ્યા અને પરસ્પર અશુભ કરવાની ભાવના.

૨. કુસંપ, વૈર અને અશુભ કરવાની પ્રવૃત્તિ.

૩. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવે જે જે પ્રમાણે વર્તવાનું હોય તેનું અજ્ઞાન અને બેદરકારી.

૪. ગચ્છના બંધારણો અને ભિન્ન ભિન્ન ગચ્છીય ક્ષેત્રોમાં પરસ્પર મેળ અને સુવ્યવસ્થા પૂર્વક વિચારવાના પ્રબંધોની ખામી.

૫. ગૃહસ્થોની ત્યાગી પ્રત્યે જે તે કારણો વડે થતી અરુચિ અને તે તરફ બેદરકારી.

૬. અન્ય સાધુઓના રાગી શ્રાવકો ને શ્રાવિકાઓને તેના રાગી સાધુ-ગુરુના દોષો દેખાડીને ગમે તે રીતે તેના તરફથી અરુચિ બતાવીને પોતાના રાગી કરાવવાની પરસ્પર સાધુઓની પ્રવૃત્તિ તથા તેથી પરસ્પરમાં ક્લેશ વૈરનિંદાની વૃદ્ધિ અને તેને પરિણામે શ્રાવકોને બહુલતાએ પ્રાયઃ સાધુ વર્ગ પ્રત્યે થતી અરુચિ.

૭. સાધુઓમાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર બળની ખામી અને તેમાં સુધારો કરવાની બેદરકારી.

૮. ગચ્છના બંધારણો અને તે પ્રમાણે સાત્ત્વિક ભાવનાની પ્રવૃત્તિની ખામી તથા પરસ્પર સંઘાડાની નકામી ચર્ચાની ઉદીરણા–ક્લેશ પ્રવૃત્તિ.

૯. વર્તમાનકાળમાં સ્વભક્તોને તેની સ્થિતિના અનુસારે ઉપદેશ આપવાની ખામી તથા શ્રાવકોને સાધુઓ પ્રત્યે આકાંક્ષા રહે એવા તત્વોની બેદરકારી.

૧૦. પરસ્પર સાધુઓમા ભેદભાવની વૃદ્ધિ, સંકુચિત દષ્ટિ, એક બીજા પર પ્રેમ, મૈત્રીભાવના અને ગુણાનુરાગનો અભાવ.

૧૧. માનપૂજાની લાલસા, આધ્યાત્મિક જ્ઞાનનો અભાવ, શુષ્કજ્ઞાન અને શુષ્કક્રિયાની પરંપરા–પ્રવર્તાવી ઉત્કૃષ્ટ રીત્યા સાધુમાર્ગની દેશના દઇને વર્તમાન સાધુ પ્રત્યેથી શ્રદ્ધા ઉઠાવવાની પ્રવૃત્તિ.

૧૨. ઉત્સર્ગ અને અપવાદ ચારિત્રના માર્ગોનું અજ્ઞાન, પરસ્પર એકબીજાનું માન ન જાળવવું અને સ્વચ્છંદ પ્રવૃત્તિથી ગુરૂ વિનય-ભક્તિની મંદતા.

૧૩. પોતાના ભક્તોનો ઉદ્ધાર કરવાની કર્તવ્ય પ્રવૃત્તિની મંદતા અને તેઓને સ્વધર્મમાં સ્થિર કરવાની કર્તવ્ય પ્રવૃત્તિ તરફ બેદરકારી.

૧૪. રજોગુણ અને તમોગુણના આચાર વિચારની પ્રવૃત્તિ.

૧૫. સુવ્યવસ્થાનો અભાવ અને ધર્મ પ્રવૃત્તિમાં અવ્યવસ્થાનો પ્રાદુર્ભાવ.

૧૬. પરસ્પર સંઘાડા-ગચ્છના આગેવાન-આચાર્યો વગેરે તરફથી સુલેહસંપના કાયદાની વ્યવસ્થાનો અભાવ.

૧૭. પરસ્પર સાધુઓને ધર્મ સ્થિરીકરણ શક્તિમાં સહાયનો અભાવ.

૧૮. સર્વત્ર જૈનધર્મની વ્યાપક પ્રવૃત્તિનો અભાવ.

૧૯. સામાન્ય સંઘાડા-ગચ્છોના ભિન્ન ભિન્ન મત ભેદે કલેશકારક ઉદીરણાના ઉપદેશમાં તથા જાહેર છાપાઓમાં થતી પ્રવૃત્તિ.

૨૦. ગીતાર્થ સાધુઓના વિહારની મંદ પ્રવૃતિ અને અગીતાર્થ એકલા સાધુના વિહારની પ્રવૃત્તિ.


## જૈન દેરાસરો અને સંસ્થાઓ માટે

અતિ ઉપયોગી એવા અખંડ પિત્તળના પાઇપોમાંથી ધ્વજદંડો, ઘંટ તથા જર્મન સીલ્વરનું ફીટીંગ્સ, રેલીંગ તથા ગ્રીલ વગેરે તમારા પ્લાન મુજબ બનાવનાર તેમજ અમારે ત્યાંથી અસલ જર્મન સીલ્વરની ખીલીઓ પણ તૈયાર સ્ટોકમાંથી મળી શકશે.

મળો યા લખો :

## જયંત મેટલ મેન્યુફેકચરીંગ કું.

મુંબઈ

શો રૂમ
૧૫૨, લોહાર સ્ટ્રીટ
મુંબઈ ૨.
ટે. ૨૩૯૧૯

ઓફીસ અને ફેકટરી
૯૨૪. એ. શયાની રોડ,
મુંબઈ ૨૮
ટે. ૬૦૭૭૪

૨૧. પ્રમાદના વશવર્તી થઈને કષાયોની પ્રવૃત્તિમાં મસ્ત રહેવું.

૨૨. પરસ્પર એક બીજાને મળતાં આદર સત્કારનો અભાવ અને એક બીજા પર આરોપ મૂકવાની અશુભ પ્રવૃત્તિ.

૨૩. વાર્ષિક, દ્વિવાર્ષિક અને જરૂરી પ્રસંગે શ્રમણુસંઘ સંમેલનની પ્રવૃત્તિનો અભાવ.

૨૪. પરસ્પર સંપ રહ્યા કરે એવા સુવ્યવસ્થિત કાયદાઓ કરવાનો અને તે પ્રમાણે વર્તવાનો અભાવ.

૨૫. સંઘાડા ગચ્છના ઉપરી આચાર્યાદિકની આજ્ઞા પ્રમાણે સાધુઓ અને સાધ્વીઓએ પ્રવર્તવાની મંદતા.

૨૬. જમાનાને અનુસરી સર્વત્ર જૈન ધર્મનો પ્રચાર થાય એવી વ્યવસ્થાપૂર્વક યોજનાઓ ઘડવાનો અભાવ અને ઘડેલી હોય તો તે પ્રમાણે ચાલવાનો અભાવ.

૨૭. પરસ્પર ગચ્છ નાયકોમાં પ્રીતિ મેળનો અભાવ અને પરસ્પરમાં પડેલા વાંધાઓનું કોઈ પણ રીતે સમાધાન કરવાનો અભાવ.

૨૮. સાધુઓ અને સાધ્વીઓમાં શુદ્ધજ્ઞાનના પ્રચારની પ્રવૃતિમાં પ્રમાદ.

૨૯. શ્રાવકો અને શ્રાવિકાઓને ધર્મમાર્ગમાં અને સાધુ વર્ગ પર શ્રદ્ધા કરાવવાની શક્તિઓનો અભાવ અને તેવી શક્તિઓને પ્રકટાવવાની અરુચિ.

૩૦. શ્રાવક અને શ્રાવિકા વર્ગ પર પોતાની સત્તા રહે એવા કાયદાઓની શિથિલતા કરવી,

૩૧. શ્રાવકો અને શ્રાવિકાઓના ઘણા પરિચયમાં આવવું અને તેમને પોતાના સાધુધર્મની સત્તા સંબંધી કાર્યોમાં માથું મારવા દેવું.

૩૨. કોઈપણ ગચ્છ વા સંઘાડાની સત્તાનો નાશ કરવાનો પ્રયત્ન કરવો અને સત્તાના કાયદાઓની શિથિલતા થવા દેવી.

૩૩. કોઇ પણ ગૃહસ્થોના હાથે સાધુ સાધ્વીઓનું અપમાન કરાવવું અને કરતા હોય તો દેખ્યા કરવું અને તેની અનુમોદના કરવી.

૩૪. ગચ્છાધિપતિની આજ્ઞામાં નહિ રહેનાર સાધુ અને સાધ્વીને માન આપવું તથા હદ બહારની સ્વતંત્રતા માટે સ્વચ્છંદ વર્તન ધારણ કરવું.

૩૫. જે ક્ષેત્રમાં જે ગચ્છના સાધુઓનો રાગ હોય તેનો નાશ કરી પોતાનો રાગ સ્થાપવા અનેક પ્રપંચો કરવા, સાધુઓ અને સાધ્વીઓ કરતાં શ્રાવકો અને શ્રાવિકાઓને ખુશ કરવાને પ્રયત્ન કરવો અને સ્વમહત્તા થઈ એટલે સામાન્ય સાધુ વર્ગનું માન રહો વા ન રહો તેની દરકાર ન કરવી અને તેમની સ્થિતિ સુધારવા

કોઇ પણ પ્રયત્ન ન કરવો એ જ સાધુઓની પડતીનું કારણ છે.

૩૬. જે ગામમાં જે સંઘાડા વા ગચ્છની સત્તા શ્રાવકો પર પ્રવર્તતી હોય તે તોડીને તેને ઠેકાણે શ્રાવકોને રાગી કરી પોતાની સત્તા બેસાડવાનો પ્રયત્ન કરી ફાટફુટ કરાવી સંઘમાં વિગ્રહ ઘાલવો અને તુચ્છતાથી અન્ય સાધુઓની હેલના થાય એવા વિચારો અને આચારોમાં પ્રવૃત્ત થવું—એ સાધુઓની પડતીનું કારણ છે.

૩૭. અન્ય ગચ્છીય વા અન્ય સંઘાડાના ક્ષેત્રોમાં તે તે ગચ્છના ઉપરી આચાર્ય વગેરેની અનુમતિ વિના ચોમાસું કરવું અને તે તે ગચ્છના શ્રાવકો તે તે ગચ્છના આચાર્યો વગેરેથી વિમુખ થાય એવી ખાનગીમાં ખટપટ કરવી, તેથી પરસ્પર સાધુઓમાં વૈમનસ્ય (વિરોધ) ઉત્પન્ન થાય અને તેથી તેઓમાં સંપ ન રહે અને શ્રાવકોની અરૂચિ વધે.

૩૮. એક બીજાના ગચ્છ-સંઘાડાની સાધ્વીઓને અને સાધુઓને પરસ્પરની આજ્ઞા વિના પોતાના ગચ્છ-સંઘાડામાં રાખવા અને તેઓના આગળ જે ગચ્છમાંથી આવ્યા હોય તેના વિરુદ્ધ-બોલવાથી સાધુવર્ગની પડતી થાય છે. માટે સેવા કરનારા સાધુઓ, સાધ્વીઓ, શ્રાવકો, શ્રાવિકાઓને જૈન મહાસંઘની પ્રગતિ માટે અનેકધા પ્રવૃત્તિ કરવામાં ગંભીરતા ગુણને ધારણ કરવો જોઇએ.

**(શ્રમણ સંઘની ચડતીના માર્ગો જાણવા માટે વાંચો આગામી અંક.)**


દરેક પ્રકારના ટુલ અને એલોય સ્ટીલ માટે મળો યા લખો:

## કોન્ટીનેન્ટલ સ્ટીલ કોર્પોરેશન

**OFFICE**
હાજી મંઝીલ
૮૨-૮૬, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ,
મુંબઇ-૩
ફોન : ૩૨૫૮૧૭

**SHOP**
૧૨/૧૪, અરદેશર દાદી સ્ટ્રીટ,
ગોલપીઠા, મુંબઇ ૪.
ગ્રામ : HERKASHA



# મુંગા પ્રાણીઓને મદદ કરો.

## —: હાથે તે સાથે :—

ઈડર પ્રદેશના સેંકડો માઈલના વિશાળ પ્રદેશમાં જીવદયાનું કામ કરતી આ એકજ '**શ્રી ઈડર પાંજરાપોળ સંસ્થા**' સ્વ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયકમળસૂરીશ્વરજી મહારાજા સાહેબના પ્રતિકરૂપે સંવત ૧૯૭૫ ની સાલથી ઉભી છે. અને તેનો શરૂથી આજસુધી એકધારો વહીવટ સંગીન રીતે ચાલ્યો આવે છે.

આજે છેંતાલીસ વર્ષ થયા સંસ્થા અપંગ, માંદા અને વૃદ્ધ નિરાશ્રીત પશુઓને બચાવી તેમના સુખરૂપ જીવન નિર્વાહનો પ્રબંધ કરે છે.

હાલ સંસ્થા પાસે એકંદર ૬૦૦ જેટલા જીવો છે. સંસ્થાનાં સુવ્યવસ્થા અને ખ્યાતિના કારણે દરરોજની ઢોરની આવક ચાલુ જ છે.

ચાલુ વર્ષે ખરા ઉનાળામાં ઓચિંતિ ભયંકર આગ લાગવાથી ઘાસનો ઘણોખરો જથ્થો બળી જવાથી જીવોને જીવાડવા માટે રૂપિયા ૨૦,૦૦૦ જેવી મોટી રકમનું ઘાસ નવીન ખરીદ કરવું પડેલ. વધુમાં વર્ષાઋતુની શરૂઆતમાં ભયંકર વાવાઝોડાથી ઢોરોના શેડો ઉપરના છાપરાં ઉડી જવાથી રૂપિયા ૩૦૦૦) જેટલી રકમ ખર્ચી મકાનો ફરીથી દુરસ્ત કરાવવાં પડયાં છે. આવી રીતે આ વરસે સંસ્થાને કુદરતી આફતો નડી જવાથી સંસ્થાના જીવોના રોજીંદા ખર્ચને પહોંચી વળવું વધુ મુશ્કેલ બન્યું છે. તેમાં બિમણુ મોંઘવારી છે એટલે આવા કારણોએ મદદની જરૂર હોવાથી—

અહિંસાના અવતાર પરમપૂજ્ય આચાર્ય ભગવંતો તથા પૂજ્ય પંન્યાસજી મહારાજો તથા પુજ્ય મુનિ મહારાજો તથા પૂજ્ય સાધ્વીજી મહારાજો તથા શ્રી જૈન સંઘો તથા ધર્માદા ટ્રસ્ટોના કાર્યકર્તાઓ તથા શ્રી મહાજન એસોસીએશનો તથા શ્રી ધર્મધૂરંધર દાનેશ્વરી દાનવીરો વિગેરેને નમ્રપણે વિનંતિ કરીએ છીએ કે સંસ્થાની પરિસ્થિતિનો સંપૂર્ણ ખ્યાલ લક્ષમાં લેવડાવી મહા મંગળકારી પર્યુષણ પર્વના પુણ્ય પ્રભાતે મુંગા જીવો માટે યોગ્ય દાન મોકલી મોકલાવી પુણ્ય ઉપાર્જન કરશો એજ વિનંતિ.

મદદ મોકલવાનું ઠેકાણું:
**શ્રી ઇડર પાંજરાપોળ સંસ્થા**
જુના બજાર. ઈડર જી. સાબરકાંઠા.

લી.
**શ્રી ઇડર પાંજરાપોળ સંસ્થા**

---

મદદના રકમ અમદાવાદ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી, ઝવેરીવાડ, મારફતે પણ મોકલી શકાય છે.

# મમતાનું બંધન

—જયંતી ઠક્કર.

**[ ખેડૂને એક વહાલી ધરતી ને બીજો વહાલો તેને બળદ, બળદની મમતાના પાશમાં બંધાયેલ એક કરુણ હૈયાની મનોવેદનાને વાચા આપતી એક કરુણ કથા.**

**સંપાદક. ]**

રઘુ ડોસાનો બળદ ભાગી ગયો ત્યારે એમને અત્યંત શોક થયો.

લાલો–રઘુડોસાએ પાડેલું એનું હુલામણું નામ–એક તો વૃદ્ધ હતો. એના અંગનાં હાડકાં ગણી શકાય એવાં થઈ ગયાં હતા. ગઈ કાલે જ સ્ટેશનથી ઘેર આવતાં એને ડમણિયે જોડયો ત્યારે દોઢ કલાકે માંડ બે માઈલ કાપ્યા હતા...!

એટલે રઘુને લાલાના જવાથી અત્યંત શોક થયો. પોતે લાલુના બદલે એક બળદ ખરીદ્યો હતો. તેમાં તે ભાગ પડાવતો. વળી લાલીયાનો સ્વભાવ પહેલેથી જ મારકણો હતો. નવા બળદને તે મારવા દોડતો. ગભામણમાં પણ રાત્રે શિંગડાની ભેટીઓ અથડાવાનો અવાજ સાંભળ્યો હતો. ત્યારે રઘુનું હૈયું હાથ રહેતું નહીં. નવો બળદ પોચો હતો. શાંત હતો. કામગરો હતો. ને તેને તકરારમાં આઘું પાછું મારી બેસે તો ખેતી રખડે; એવી સતત ચિંતા રહેતી.

કેટલાય જણે લાલાને પાંજરાપોળમાં મૂકી આવવાની રઘુને સલાહ આપી હતી. પણ લાલુ સાથે બંધાયેલ સ્નેહની ગાંઠ તૂટતી નહોતી. એક વિચાર થતો; આજ સુધી જેણે પોતાની સેવા ચાકરી કરીને પોતાને જિવાડયો, એને હવે કાઢી મૂકવો ?

તો બીજી તરફ એનો દીકરો બાલુ રોજ રઘુડોસાનો જીવ ખાતો :

'બાપા, આ લાલિયાનું કાંઇક કરો...મફતનો પાલવવો આપણને પરવડે નહિ. એક તો આ દુકાળિયા જેવા વર્ષો હોય, તેમાં આનો હાથીહારો કયાં પોંચતો કરવો ?'

બાલુને એ ગમે તેમ કરી સમજાવતો. બાલુના મનને સંતોષ આપવા સ્ટેશન પર ભાડે ગાડું લઈ જવાતું ત્યારે એ કદી કદી લાલિયાને જોડતો.

બિચારો લાલિયો ! ડમણિયું કે ગાડું ખેંચતાં એના નાકે દમ આવતો. એનો શ્વાસ ભરાઈ જતો. ઘેર આવીને થાકી લોથપોથ જઈ જતો, ને બે ત્રણ

દ' તો માંદો પડયો હોય એમ ખાવા પીવાનું પણ બંધ કરતો.

તે વખતે બાલુ લાલિયાની આડાઇ પર ચિડાઇ જતો ને ગુસ્સામાં આવી જઇ બે ત્રણ ડંડા પણ લગાવી દેતો।

લાલુનો મિજાજ તેજ હતો. એની આંખો પરથી રઘુડોસા તો ગુસ્સાનો ભાવ ઓળખી જતા. ગઇ કાલે જ સ્ટેશન પર ડમણિયે જોડયો ત્યારથી જ એની આંખ લાલ થઇ હતી. રઘુડોસાને જાણે ઠપકો આપતો હોય એમ કહેતો હતોઃ અલ્યા, ઘરડે ઘડપણ તો ઠરવા દે! આટલાં વર્ષો સુધી તારી ગુલામી કરી...તને જિવાડયો. હવે બે દિવસ તો સુખે જીવવા દે.'

રઘુડોસાનું મન મુંઝાઇ ગયું. લાલિયાની આંખના એ ક્રોધભર્યા ભાવ જોવાની હિંમત રઘુડોસાની આંખોએ ગુમાવી દીધી હતી.

ને તે સાંજના જ ખબર આવીઃ બાલુ બે બળદોને તળાવે પાણી પાવા લઇ ગયો હતો ત્યાં લાલો તોફાને ચઢયો. બાલુના હાથમાંથી રાશ છોડાવી દઇ એ ભાગ્યો...

બાલુએ બહુ જોર કર્યું પણ લાલિયાના જોર આગળ એનું કાંઇ જ વળ્યું નહીં. લાલિયો ભાગી ગયો. એથી એણે પરમ સંતોષ અનુભવ્યો, ને તેથીસ્તો એ રોજ જલદી–જલદી પાણી પાઇને ઘેર જતો; પણ આજે તે ઇરાદાપૂર્વક મોડો ગયો. રઘુડોસાનો જીવ અદ્ધર જ થઇ ગયો. એણે લાલિયાની મનોવેદના જાણી હતી. લાલિયો શું કરશે એ એણે કલ્પ્યું ન હતું. લાલિયાના ભાગી જવાના સમાચારે એમને બેચેન બનાવી દીધા. એકદમ એમણે દોડાદોડ કરવા માંડી. ગાંડાની માફક બકવા માંડયું. બાલુ આ બધો તાલ જોઇ ચિડાયોઃ 'ડોસાને આ ઘરડા બળદની શી હાયવરાળ લાગી છે.' એ મનોમન બોલી ઊઠયો.

પણ ડોસાએ તો નાટક જ શરૂ કરી દીધુંઃ 'ગમે તેમ થાય પણ મારે તો મારો–લાલિયો જોઇએ! બાલુ, તું લાલિયાને ખોળવા જા...!'

ને બીજી તરફ જોત જોતામાં લોકોનું ટોળું ભેગું થઇ ગયું, લાલિયાને શોધીને શું કરવો છે, એવું સમજાવવા લોકો દોડી આવ્યા. પણ ડોસો માનતો નહોતો.

ડોસો ન માન્યો. નછુટકે બાલુ ઊપડયો.

'તમે શું સમજો...? લાલિયાને કોણ ખવડાવશે? કયાં ગયો હશે! કોઇ મારે તો એનું કોણ...? તમને મૂંગા પ્રાણીની દયા આવે છે કે નહીં? માળા પાતકી...તમને શું...તમારા દીકરા ખોવાય છે, તો શોધવા જાવ છો...ને મારા દીકરાને માર ખવડાવવો છે? અજાણ્યા મલકમાં એનું કોણ?'

ને એમ ડોસાની વાક્ધારા ચાલી!

લોકો ડોસાના ગાંડપણ પર પેટ ભરીને હસ્યા. ડોસાની લાલા પરની માયાની એમને ખબર હતી. કેટલાયે વખતથી એ એને પાલવી રહ્યા હતા. એમાં તો એ વેચતાં નહીં ને પાંજરા-પોળમાંય મોકલતા નહીં. લોકોને આ નરાતર ગાંડપણ જ લાગતું. ડોસાની બુદ્ધિ બહેર મારી ગઇ છે; એટલે હવે તો એમને કોઇ સલાહ પણ આપતું નહોતું.

ને તેમાં લાલિયો ભાગી ગયો, તેથી લોકોને આનંદ થયો. અત્યાર સુધી ડોસા 'મારો લાલો! મારો લાલો!' કરતાં હતા. પત્નિના મૃત્યુ બાદ તો એમના સ્નેહનો સાગર લાલા પર જ ઠલવાતો. 'હવે લાલો જડશે નહિ...ને ડોસાનો તાલ થશે.'

લોકો એક બીજાને તાલી આપવા માંડયાં.

પણ ડોસાનું નસીબ પાધરૂં હતું. ચાર–પાંચ કલાક બાદ જોડેના ગામમાંથી બાલુ લાલિયાને પકડી લાવ્યો. લાલો ભાગીને ત્યાં પહોંચ્યો હતો, તેને ગામના ડબ્બામાં પૂરી દેવામાં આવ્યો હતો. બે રૂપિયા દંડ આપી બાલુએ એને માંડ છોડાવ્યો હતો!

લાલુને જોતાં ડોસાનું અંતર નાચી ઉઠયું. એમની આંખોમાંથી અશ્રુધારા વહી; 'બેટા, તને દુભવ્યો! હું જાણું છું...તને બાલુએ માર્યો હશે! એટલે જ નાઠો...ના...ના...બેટા, હવે નાસીશ નહિ. હવે હું જ તને પાણી પીવા લઇ જઈશ! મારે હાથે જ ખવડાવીશ પિવડાવીશ!'

ડોસાએ લાલુ સાથે આવી કૈંક વાતો કરી ને તે દિવસથી પાછું ગાંડપણ ચાલ્યું.

બાલુએ ડોસાને બળદની માયા મૂકવા સમજાવટ શરૂ કરી. બળદને પાંજરાપોળમાં મૂકી દેવા જોઇએ એવી આડકતરી સૂચનાય કરી.

પણ ડોસાનું મન માનતું નહોતું. પોતાનો સગો દીકરો પોતાની સગી આંખ આગળ વહેરો–આંતરો કરે છે, તો એ પાંજરાપોળવાળા પારકા શું ન કરે? એમને પોતાના બળદની ટેવોની શી ખબર? એનો સ્વભાવ તો તેજ હતો. કોઇને ગાંઠતો નહીં. એનાથી કોઇને સહેજ પણ ડચકારો સંભળાતો નહીં. ઘરડો થયો છે, તે એની પાસે ખેતી કરાવે તો એની શી દશા થાય?

બાલુએ હવે જાણ્યું કે ડોસો માનવો મુશ્કેલ છે, એટલે એણે પ્રયત્ન પણ મૂકી દીધા. તોય ડોસાની હાડછેડ કરતો રહેતો કદી કદી ડોસાને ખોટું લાગી જાય એવું વર્તન કરતો.

વચમાં એક દિન ડોસાનો જમાઈ શહેરમાંથી આવ્યો. બાલુએ આ લાગ સાધ્યો. જમાઈ શહેરનો હતો ને સમજુ હતો. વળી ડોસા એનું કહ્યું માનતા. બાલુએ ડોસાને સમજાવવા એના બનેવીના કાન ફૂંક્યાં. જમાઇએ

બાલુની વાત કાઢી. ડોસાને જમાઇની વાત સાચી લાગી. પાંજરાપોળ વિષે પોતાને લગતી હરેક શંકા પૂછી. પાંજરાપોળમાં મૂંગા ઢોરને દર્દીની માફક રાખવામાં આવે છે. ને અનેક ધનપતિઓ એમાં મોટાં મોટાં દાન આપે છે. આ સાંભળી ડોસાનું મન પલળ્યું. ડોસાને થયુ પણ ખરું કે આ બધા જ લોકો એ માનતા હોય તો એ ખરું પણ હશે ને? ને હવે પોતાના શરીરનો ભરોસો નહોતો. ક્યારે યમરાજનું તેડું આવે એ નક્કી નહોતું. પોતાના મરણ પછી તો બાલુ લાલિયાને પાંજરાપોળમાં અચૂક મૂકી આવશે એ નક્કી જ છે. તો પછી પોતાને હાથે એની સગવડ–અગવડ જોઇને મૂકી દેવો શું ખોટો?

ને એક દિવસ ડોસાએ જાહેર કર્યું: 'ત્યારે બાલુ...ચાલ આપણે જમાઇને કાગળ લખીએ. આપણે લાલિયાને પાંજરાપોળમાં મૂકી આવીએ!'

તે દિવસે બાલુ ને બાલુની વહુને શેર શેર લોહી ચઢ્યું. ગામ લોકોએ પણ આ વાતથી આશ્ચર્ય અનુભવ્યું. અત્યાર સુધી જિદ્દે ચઢેલો ડોસો સમજ્યો ખરો! ને બાલુએ કાગળ પણ લખી દીધો.

કાગળ લખાવ્યા બાદ ડોસાને અતિ પશ્ચાતાપ થયો. એમનું મન ફરી બેઠું: 'ના...ના...મારા જીવતે જીવત તો એને પારકા હાથમાં નહીંજ સોંપું ભલે મારા મરણ પછી જે થવાનું હોય તે થાય! ડોસાને કેમ સમજાવવો એ બાલુને મન કોયડો થઈ પડ્યો. ઘડીભર લાગ્યું પણ ખરું કે બાજી હાથથી ગઇ છે.

પણ એના બનેવીએ રસ્તો કાઢી આપ્યો. ડોસાને ફરીથી સમજાવવા માંડયો. ડોસાના મનનું રંજન કર્યું. ડોસાને ત્યાંની સગવડો બતાવી, પછી ઠીક લાગે તો લાલિયાને પાંજરાપોળમાં મૂકવો એમ નક્કી થયું.

તોય ડોસાનો જીવ તો હજીય મુંઝવણમાં જ હતો. પણ જમાઇની લોભામણી વાતને પોતાની એક વખતની સંમતિને લીધે એમનાથી કાંઇ જ બોલી શકાયું નહીં.

ને બીજે દિવસે સારું મુહૂર્ત હોઈ તે દિવસે જ પાંજરાપોળમાં મૂકી આવવાનું નક્કી થયું.

ડોસાએ સવારમાં વહેલા ઊઠી જ્યારે લાલાને ગમાણમાંથી બહાર કાઢ્યો ત્યારે હૈયે ચીરો પડ્યો. એમની આંખમાં આંસુ આવી ગયાં. અજ્ઞાન લાલાને પોતે છેતરતા હતા. અત્યાર સુધી જેણે પોતાનું પાલન કર્યું, પોતાની જાત ઘસી એને જ એ આ ઘરથી દૂર દૂર મૂકી આવતા હતા...!

હૈયાને કઠણ કર્યું છતાંય એ ફસડાઇ પડ્યા. બાલુને કહી દીધું: 'ના...ના...બાલુ, રહેવા દે! આપણે આપણે જવું નથી.'

★ ★

★

સ્થાપના :

૧૯૨૫

શ્રામ :

'મ્યુરેકોમ'

ટેલિફોન :

૨૧૧૫૧૫

સ્કૂલ–કોલેજ

તથા

સિનેમા થિયેટરના

**અદ્યતન સ્ટેજ કર્ટન**

આકર્ષણ પૂર્ણ રીતે બનાવરાવવા માટેનું

વિશ્વાસનીય મથક :—

| | |
|---|---|
| ફર્નીશીંગ | ઝારન્સ તેમજ<br>રેશમજયોર્જેટસ |
| ટેબલ મેનીન | નીનાન્સ અને સુતરાઉ<br>સાડીઓ |
| કારપેટસ | ડ્રેસ સ્કર્ટસ |
| બાથરૂમ લીનન | બ્લાઉઝ કાપડ |
| બેડલીનન | ....વગેરે— |

વ્યાજબી ભાવે મળશે.

# ચુનીલાલ મુલચંદ એન્ડ કું.

વોટરલુ મેન્શન, મેથા રોડ, મ્યુઝયમ સામે કોટ–મુંબઇ ૧.

તો બીજી તરફ ગામ લોકો જાણતા હતા કે ડોસાનો જીવ ગતે જવાનો નથી. જો આ બળદની માયા ન છૂટી તો ! ને જમાઈને તો બાલુએ ચઢાવ્યો હતો. લાલુ ડોસાથી તંગ આવી ગયો હતો. ગમે તેમ કરી બાલુને અહીંથી વિદાય કરવો એ જ એમની નેમ હતી.

ડોસાથી એની રાશ ન ઝલાઈ, બાલુએ ઝાલી. ડોસાએ હૈયાને કઠણ કરી લથડતે પગલે ચાલવા માંડ્યું. એમનાથી લાલુની આંખો તરફ જોવાતું નહોતું. બાલુ જાણે કહી રહ્યો હતો. ' હે સ્વાર્થી મનુષ્ય આટઆટલાં વર્ષ તને જિવાડ્યો, લોહીનું પાણી કરીને મેં પાલવ્યો ને તારી ખેતી કરી ત્યારે આખરે બદલો તો આજ આપે છે ને ! ઘરડે ઘડપણ મને પાંજરાપોળમાં મોકલે છે ! ધિક્કાર છે તને !'

ને ડોસા મનોમન કંપી ઊઠ્યા મનને તો બહુએ માર્યું. પણ રહી રહીને લાલાની મૂંગી વાચા એમના કાને પ્રતિધ્વનિત જ થતી હતી.

કોણ જાણે પહેલેથી જ પાંજરાપોળના મંત્રીને જમાઈની શીખવણી હોય કે ગમે તેમ, પણ ડોસા તો એ મંત્રીના મીઠા આવકારથી રાજી રાજી થઈ ગયા.

વળી મંત્રીએ જ્યારે પાંજરાપોળની હકીકત કહી ત્યારે એમને લાગ્યું કે લાલિયો અહીં જરૂર સુખી થશે. લાલિયાને અહીં કશું જ કામ કરવાનું નહોતું. અનેક દાનેશ્વરીઓ દાન કરતા હતા. એમાંથી પાંજરાપોળ ચાલતી હતી. કોઈપણ પ્રકારની ચિંતા નહીં કરવાનું મંત્રીએ કહ્યું.

છતાંય મંત્રી લાલિયાની સરભરા સારી કરાવે એટલે એમણે પચીસ રૂપિયા ધર્માદામાં પણ આપ્યા. ને અંતમાં લાલિયાની ટેવો વર્ણવી. લાલાને અઠવાડિયે નવડાવવાની સૂચના કરી. ને ખાસ તો એનો મિજાજ તેજ છે, એટલે કોઈએ ચીડવવો નહિ, એ કહ્યું.

ડોસાએ કંઈ હળવાશ અનુભવી મંત્રીએ એની વાત શાંતિથી સાંભળી ને પોતાથી બનતી બધી સેવા કરવાની ખાત્રી આપી. પાંજરાપોળ છોડતાં છોડતાં પણ એમનાથી એની એજ વાતનું પુનરાવર્તન થયું. " જો જો સા'બ, લાલાને ભૂખે ન મારશો ! એને સારી પેઠે ખવડાવજો-પિવડાવજો વિ. વિ...

છેવટે મંત્રીએ કહ્યું:–' કાકા, એ મારો જ બળદ સમજો. તમારી જેમ એની સેવા સુશ્રૂષા કરીશ."

ત્યારે તો ડોસાને મંત્રી દેવ જેવો થઈ પડ્યો.

ડોસા લાલિયાને ભુલાવીને ઘરને મારગ વળ્યાં.

રસ્તામાં એમણે લાલિયાને વિસારવા બહુ પ્રયત્ન કર્યો પણ વિસારાયો નહિ.

રહી રહીને લાલુ યાદ આવતો હતો.

ઘેર આવ્યા ત્યારે સહુ કોઈ એમની રાહ જોતું હતું. એમના પાડોસી મંગા ડોસાએ : 'કેમ, લાલાને પાંજરાપોળ મૂકી આવ્યા ?' એવો પ્રશ્ન કર્યો ને એ ફસડાઈ પડયા. એમની આંખોમાં અશ્રુનો પ્રવાહ છલકાઇ ગયો. જેમ તેમ કરી લાલુને વિસારવા પ્રયત્ન કર્યો, પણ વિસારાયો નહિ.

વહુએ પાણી આપ્યું, પણ તેય ડોસાએ પીધું નહિ. ફળિયાના લોકો એકઠા મળ્યા હતા. તે પણ ડોસાની મનોવેદના સમજી ગયા હોય એમ વિખરાઇ ગયા.

પણ ડોસાના કાનમાં તો મંગા ડોસાએ પૂછેલો પ્રશ્ન જ પ્રતિધ્વનિત થતો હતો : 'લાલુને પાંજરાપોળમાં મૂકી આવ્યા ?'


# અહિંસા જીવનનો પરમ ધર્મ છે.



**દસાવાડા**-ચારૂપ અને **મેત્રાણા** તીર્થ વચ્ચે આવેલું છે. પૂ૦ મહારાજશ્રીના સદુપદેશથી **જીવદયા મંડળી** સ્થાપવામાં આવી છે તે મંડળીના કાર્યવાહકો આજુ બાજુના ગામોમાંથી જીવોને છોડાવી અહીં લાવે છે. **પાંજરાપોળ** માટે જગ્યા મળી છે પણ મકાન ખર્ચ માટે તેમજ જીવ છોડાવવામાં ખર્ચ પણ ઠીક-ઠીક થાય છે તો જીવ દયાપ્રેમી ગૃહસ્થોને વિનંતિ કરવામાં આવે છે, કે યથાશક્તિ રકમ મોકલી જીવદયાના પુણ્ય કાર્યમાં સહકાર આપશો.

**આપની એક એક પાઇનો સદુપયોગ થશે.**

મદદ મોકલવાનું ઠેકાણું :—

**શ્રી જોરાભાઇ કરણસિંહ દેસાઇ** — મંત્રી,

**શ્રી જીવદયા મંડળી દશાવાડા,** વાયા પાટણ જિ. મહેસાણા (ઉ. ગુ.)

લી. સેવકો,

**શાહ બાબુલાલ મોહનલાલ કલાણાવાળા** — **શાહ સુખીચંદ અમીચંદ** વાટાડોદ

**શાહ નેમચંદ જેચંદભાઇ પાટણ**

**શાહ ભગવાનજી ભેમજી દશાવાડા (સરપંચ)** — **શેઠ કિશનચંદ ભોજરાજ**

ટ્રસ્ટીઓ, **દશાવાડા**

તે સાથે જ એમને એમની જાત પર તિરસ્કાર જનમ્યો. 'પોતે એને પાંજરાપોળમાં મૂકી આવ્યા! અત્યાર સુધી એણે સેવા ચાકરી ને ગુલામી કરી...મારા હળને ખેંચ્યું તેને જ...?

થોડીવાર બાદ વહુએ એમને જમવા ઊઠવાનું કહ્યું. માંડ માંડ ઊઠયાં. થોડીવાર લાલુને વિસાર્યો.

પણ જેવા થાળી પર બેઠા કે એમને ફરીથી લાલુની યાદ આવી ગઇ.

અત્યારે રોજ જમવા બેસતાં ત્યારે એ લાલુને પાણી પાઇને ગભાણમાં પૂળો નાંખતાં. અડધો પૂળો પૂરો થતો ત્યારે એ ઊઠતાં. એ જાણતા હતા કે હવે લાલિયો ખાશે.

પણ આજે તો લાલુ હતો નહિ. લાલુને કોઇએ પૂળો નાંખ્યો હશે કે નહિ એની ચિંતા થઇ. એમના હૈયે ડૂમો ભરાઇ આવ્યો. આંખે આવેલાં આંસુ માંડ માંડ રોકી રાખ્યાં.

દીકરો-વહુ જોઇ ન જાય એ ખાતર એમણે આડું જોયું અને હાથની આંગળીઓ વડે આંસુઓને ઝાટકી દૂર છાંટી દીધાં.

ખાવાની શરૂઆત કરી પણ પહેલો જ કોળિયો એમના મોંમાં પેસતો નહોતો. લાલુની યાદ ભૂલાતી નહોતી. હૃદયના બંધ તૂટી પડયા. લાલુની અપાર ચિંતા થવા માંડી. રઘુ ડોસાની આંખમાંથી આંસુ સરી પડયાં ને ટપ ટપ થાળીમાં ટપકયાં.

બાલુની વહુ ડોસાના પ્રદર્શિત રુદને શરમાઈ ગઈ. બીજી તરફ બાલુને ડોસા પર ચીડ ચઢી. ડોસાના ત્રાગાથી એને કંટાળો આવ્યો હતો. મનમાં ને મનમાં કેટલીય ચોપડી દીધી. ડોસાના લાગણીશીલ હૃદયને ટોણો મારી શકવાની હિંમત ન ચાલી.

ડોસા થાળી પરથી ઊઠી ગયાં. એમને તો રહી રહીને લાલુ જ યાદ આવતો હતો! લાલુને મૂકી શેં ખવાય? ને લાલુએ ખાધું હશે કે નહિ એની શી ખાત્રી?

બહાર આવી વાડામાં ખાટલો ઢાળી આડા પડયા: એમનું મન વિચારે ચડયું.

'લાલિયાએ આટ આટલાં વર્ષો સુધી પોતાની ગુલામી કરી, મજૂરી કરી. ત્યારે એને આખર ગૃહ ત્યાગ કરાવ્યોને?'

એમનું મન પોકારી ઉઠયું: 'લાલા લાલા!!

રઘુડોસાનો સમદુઃખનો સાથી હોય તો લાલો જ હતો. એના પિતાના મૃત્યુ બાદ પિતાએ એને વારસામાં એ બે જણાં આપ્યા હતા.

એ બળદો અને પ્રેમાળ પત્ની!

પોતાની પાંસઠ વરસની ઉમરમાં

# પુરૂષની નજરે—

બેન પર્યુષણના વ્યાખ્યાન સાંભળવા તો એવા બની ઠનીને જાય છે કે જાણે દીકરીના લગનમાં નીકળ્યા !

*

બેનને ચશ્માની તો એવી ટેવ પડી ગઈ છે કે સંવચ્છરી પ્રતિક્રમણમાં પણ ગોગલ્સ પહેરી બેસે છે !

*

બેન સીનેમાની ટીકિટ માટે કલાક લાઈનમાં ઊભા રહે છે પણ પ્રભાવના વખતે તો એ ધક્કાધક્કી જ કરે છે !

*

બેને પર્યુષણનો પહેલો ઉપવાસ કર્યો એમાં ચા તો સો વાર સંભારી !

*

બેને અઠ્ઠાઈ કરીને આજે પારણું કર્યું તેમાં ત્રણ ત્રણ તો ફોટોગ્રાફરને બોલાવ્યા છે!

—સમીર

# આમને

એમણે બળદોની અદલા બદલી બહુવાર કરી નહોતી. એની પ્રેમાળ પત્ની એને એમ કરતાં અટકાવતી. એ કહેતી— 'બળદો પણ ભાઈ ભાંડુ છે...એ આપણને જિવાડે છે. તો આપણે એને કેમ ન જિવાડીએ ?' એ ઉપદેશ રઘુના હૈયે ચોંટી ગયો હતો.

પહેલા એ બળદોએ દશેક વર્ષ એની સેવા કરી. ઘડપણમાં પણ એમને ત્યજ્યાં નહિ. પણ એ બળદો શાંત હતાં તે ભૂખે જ મરી ગયાં.

તે વખતે રઘુના હૈયે જે ચીરો પડયો હતો તેનાથી મોટો ચીરો આજ પડયો હતો. એ બળદો તો મૃત્યુની શાંત ગોદમાં ગયા, પણ પોતાનો લાલો કયાં ગયો હતો ?

એ બળદોનાં મૃત્યુ વખતે બાલુની ઉંમર દશેક વર્ષની હતી. પિતાના શોકને એ સમજતો. તે સાથ પુરાવતો જ્યારે આજ તો બાલુએ જ લાલિયાને પાંજરાપોળમાં મૂકવાનો આગ્રહ કર્યો. આજ તો એ પચ્ચીસ વરસનો જવાન હતો.

પહેલા એ બળદોના મર્યા પછી રઘુના નસીબમાં એમ જ ચાલ્યું. જે બળદ ખરીદે તે બે વરસ માંડ ટકે ને મરી જાય.

છેવટે એક લાલિયો ટકયો હતો...

લાલિયાએ એમની સેવા સાત

વરસ લગી કરી. એ સાત વરસનો સથવારો કેમ ભૂલાય ?

બાલુ તો જુવાન હતો. તેમાંય એની પત્નીને હમણાં તેડાવી હતી. એટલે બાલુનું યુવાન મગજ ગમે તેવા વિચારો ધરાવે તે પિતૃહૃદયને ગમતું નહિ.

વળી જે એક ઓથ હતી તે પણ ગઈ હતી. પ્રેમાળ પત્ની જીવી પાંચ વર્ષથી પ્રભુના દરબારમાં ગઈ હતી. એટલે સમદુઃખિયું જો રઘુના જીવનમાં કોઈ હોય તો તે લાલિયો હતો. લાલિયો એના ભૂતકાળનાં મીઠાં સંસ્મરણો લાવતો. એની પત્ની જીવીને એ અતિ વહાલો હતો. આવા મારકણા સ્વભાવવાળો ને તેજીલો બળદ જીવીએ જીવનમાં પ્રથમવાર મેળવ્યો હતો. પણ જીવીના નસીબે એને વધુ જોવાનું લખ્યું નહતું. બે વર્ષ એની સાથે રહી એણે અલવિદા લીધી.

રઘુના હૈયે હજી જીવીના મૃત્યુનો શોક પાંચ વરસ પછીય હતો. તેમાં લાલાનો ત્યાગ કરવો પડયો.

બાલુ કામ કરવામાં ચોક્કસ હતો. ખેતીના કામમાં જરાય આળસ બતાવતો નહિ. ખેતીનું બે પૈસાનું પણ બગડવા દેતો નહિ. પોતે લોહી પાણી એક કરી મહેનત કરતો.

બાલુને ડોસા પર ખીજ તો હતી. વળી ડોસા હમણાં હમણાંના કામ પર

## —સ્ત્રીની નજરે

ભાઈ સુપનના ટાંક-ઘી-તો ઘણા મોટા બોલે છે પરંતુ તેનો હિસાબ ચૂકતે કરવામાં વહીવટકર્તાને હજાર ધક્કા ખવડાવે છે !

*

ભાઈ ! સંવચ્છરીનું પ્રતિક્રમણ કરે છે અને સંવચ્છરીસૂત્ર સાંભળવાનું મૂકી માત્રા બહાને બહાર જઈ વાળ ઓળે છે !

*

ભાઈને મોટા કાઉસગ્ગનો કંટાળો આવે છે એટલે નવલકથા ઉઘાડીને વાંચે છે !

*

ભાઈ મહાવીર જનમની ખુશાલીમાં નાળીયેર તો વધેરે છે પરંતુ ઉપાશ્રયની બાજુની હોટલમાં !

*

ભાઈ મિચ્છામિ દુક્કડમ્ મોટા અવાજે બોલે છે અને રાતે સૂતી વખતે પગ દબાવવા માટે બૈરીને દબડાવે છે !

—સમીર

## સામને

**છત્રીસ વર્ષથી મહાગુજરાત પાટનગર જૈનપુરી રાજનગર (અમદાવાદ) ના આંગણે એકધારી સેવા આપનાર સંસ્થા**

# શ્રી શાન્તિચંદ્ર સેવા સમાજ

**સ્થાપના સંવત ૧૯૮૫–કારતક સુદ ૧૩**

ટ્રસ્ટ રજીસ્ટર નંબર એ. ૧૭૮

પ્રત્યેક ગામોના શ્રી સંઘો, ઉપાશ્રયોના વહિવટદારો અને દાનવીર જૈન શ્રીમંતો જોગ,

## નમ્ર અરજ

ઉપરોક્ત સંસ્થાની હાલની ભિષણ મોંઘવારીમાં જીવન નિર્વાહમાં મુશ્કેલી ભોગવી રહેલા આપના મધ્યમ વર્ગના સાધર્મિક કુટુંબોને ગુપ્ત સહાય કરે છે.

આપણા અનેક તીર્થ સ્થળોમાં જતા જાત્રાળુઓને અચાનક માંદગીમાં મેડીકલ સાધનો અને દવાઓની તાત્કાલીક સહાય મળે તેવા હેતુથી મેડીકલ કેન્દ્રો ચલાવે છે.

આ બન્ને સેવા પ્રવૃત્તિ ખૂબજ ઉપયોગી છે.

સાધર્મિક બંધુઓને સહાય કરવામાં ગત વર્ષમાં રૂા. ૩૯૭૫ ની કારતકથી જેઠ માસ સુધીમાં ઉપજ થઇ અને રૂા. ૫૬૬૨ ની ૧૨૮ કુટુંબોમાં અમદાવાદ તેમજ બહારગામના કુટુંબોને જરૂરી સહાય કરવામાં આવી છે.

**પર્વાધિરાજના પૂણ્ય અવસરે આ સંસ્થાને યાદ કરી તમારો કિંમતી ફાળો મોકલી આપવા કૃપા કરશોજી.**

મદદની રકમ નીચેના સરનામે મોકલવી

**જમનાદાસ સુરજમલ શાહ**

C/o યુનીવર્સલ ઇન્સ્યુરન્સ કંપની
ગાંધીરોડ, ફતાસાની પોળ સામે
પોસ્ટ ઓફીસની બાજુમાં.
**અમદાવાદ**

લી. સેવકો

**જમનાદાસ સુરજમલ શાહ**
પ્રમુખ–ટ્રસ્ટી

**પુરૂષોત્તમદાસ કેશવલાલ શાહ**
ટ્રસ્ટી

**શાન્તિલાલ જગાભાઇ શાહ**
મંત્રી

**મહેન્દ્રભાઇ બાલાભાઇ શાહ**
સહમંત્રી

જતાં નહિ. ખેતરમાં આવતાં તો એક બાજુ નિરાંતે બેસી રહેતાં.

રઘુ ડોસાનું શરીર લથડી ગયું હતું. તેમાંય એની પત્નીના મરણ પછી તો રઘુએ હુંફ ગુમાવી હતી. પોતાના સુખ દુઃખની સાથી ગુમાવીને રઘુએ જાણે જિંદગીનો પરમ આનંદ ગુમાવ્યો હતો.

ડોસાના પશ્ચાતાપનો પાર નહતો.

એને આ લોકોના સાંકડા મન પર દાઝ ચઢી.

જે પ્રાણીએ રાતદિન જોયા વગર મહેનત કરી, લોહી પાણી એક કરી, પરસેવો પાડયો ને જિવાડયા. એને જ ઘરડે ઘડપણ પાંજરાપોળમાં જવાનો વારો આવ્યો! કેટલું સ્વાર્થીપણું! માણસની હરેક પ્રવૃત્તિ સ્વાર્થમય હોય છે, એનો સાક્ષાત્કાર આજે થયો.

ડોસાના ભક્તિ પરાયણ મનને અન્યાય લાગ્યો. પોતે દાન દક્ષિણા આપતા. સાધુ–બાવાને ઘેરથી પાછા જવા દેતા નહિ. ને એ માટે બાલુ સાથે બોલાચાલી થતી એ તે સહી લેતા...પણ આજે લાલાએ પોતાનું શું બગાડયું? તે પોતે જાતે ઉઠીને તેને પાંજરાપોળ મૂકી આવ્યાં?

ને એમની આગળ જાણે લાલાની દયામણી મુખમુદ્રા તરવરી. જાણે કહેતો ન હોય.

"રે સ્વાર્થી માનવ! આખર તું પણ તારી જાત પર જ ગયો ને! તેં તારા જ હાથે મને અહીં આણ્યો ને? તને શી ખબર કે આ લોકો તારા ગયા પછી મને ખાવાનું પણ નહિ આપતાં હોય?"

ને ડોસાનો જીવ હાથમાં ન રહ્યો. અંતરમાં અપાર વેદના થઈ રહી. વળી આગળ વાચા ચાલીઃ–'તું પણ ઘરડો થયો છે તો તું પણ કેમ પાંજરાપોળમાં જતો નથી? તારૂં અહીં શું છે? ખેતી તો મેં નીપજાવી છે. અને તારા મરણ સાથે શું આવશે?"

ડોસાના હૃદયના ધબકારા વધી ગયા. ડોસાનો જીવ મુંઝાવા લાગ્યો. શું માનવી ઘરડો થાય છે ત્યારે એને પાંજરાપોળમાં કોઈ ધકેલે છે?

એમને પોતાની દશા યાદ આવી.

વહુ વેળા–કવેળા ખાવા આપતી હતી. પોતાની પત્ની પોતાની રૂચિ સમજતી. એવું જ લાલાને થયું હશે ને? લાલાનો સ્વભાવ હું જાણું. પાંજરાપોળવાળા શું જાણે? હું તો જાણે બોલી જાણું છું, પણ એ મૂંગા પ્રાણીની ઇચ્છા કોણ પૂરી પાડશે?

એ વિચાર સાથે એમના મન પર ક્રોધ ધસી આવ્યો. જાત પર તિરસ્કાર આવ્યો. 'પોતે શું કર્યું? હાય! પોતે પોતાની દશા પર વિચાર ન કર્યો?'

ને બાલુ ને એની વહુની કરડી નજર તાદૃશ્ય થઇ. પોતે કામ નહોતો કરતો એ જોઇ કેટલાં ગુસ્સે થતાં જાણે દયા–દાન કરતાં હોય એમ ખાવા આપતાં હતાં...તો ત્યાં લાલિયાને તો દયા દાનનું જ ખાવાનું હતું તો...?

પચ્ચીસ રૂપિયા યાદ આવ્યા.

પચીસ રૂપિયા એટલે અઠવાડિયા પંદર દિનનો ખોરાક...પણ પછી? પછી તો એને પણ મારી જેમ ઠોહલા ખાવા પડશે ને?...લાલા...લાલા... માફ કર..! મને માફ કર...અરેરે! મેં આ શું કર્યું?

તો વળી એમને લાલો ગમાણમાં હોવાના ભણકારા થતાં હતાં. બે વખત તો એ ઊભા થઇ ગયા અને ગમાણમાં જોઇ આવ્યાં. ત્યારે પેલા નવા બળદના દર્શને બાલુ પર ખીજ ચઢી.

'એણે જ...એણે જ...એ ચાંડાળે જ આ કારસ્તાન કર્યું છે! ને એણે જ પેલા જમાઇને પણ આણ્યો. હું ભરમાઇ ગયો. હું ભોટ એમની ફેંસલામણી વાત પણ સમજી શક્યો નહિ...

મંત્રીએ કહેલી વાતો યાદ આવી ને છેલ્લે છેલ્લે મંત્રીએ કહેલા શબ્દો યાદ કર્યાં છતાંય ડોસાનો જીવ હેઠો બેઠો નહિ.

Office : 261018 Resi. : 262428

THE MULTANI DAIRY FARM

42–44, Bazargate, Street, BOMBAY–1.

માલિક:–

પ્રભુદાસ મોહનલાલ

ચોકખું દુધ, દહીં, મલાઈ, શ્રીખંડ, બાસુંદી, દુધપાક વિગેરે ઓર્ડર મુજબ બનાવી આપનાર.

૪૨–૪૪, બજારગેટ સ્ટ્રીટ, મુંબઇ–૧.

આમ એમની આખી રાત ચિંતામાં ગઇ.

શું કરવું એ નક્કી નહોતું થતું. લાલાને પાછો લાવવો જ એવો વિચાર થતો હતો. તો કાછટિયો બાલુ જીવવા નહિ દે! એ કાંઈક ખટપટ નહિ કરે એની શી ખાત્રી?'

અત્યારે પોતાને બાલુ શું સુખ આપતો હતો તે જાણતો હતો. જીવીના મૃત્યુ પછી પોતે પેટ ભરીને જમ્યો નહતો. કોઇ 'દિ' લગન પ્રસંગે પણ સારાં લૂંગડાં પહેર્યાં નહતા. દરરોજ કકળાટ થતો તેમાંય લાલો જ એની આંખમાં ખૂંચતો હતો. એના ગયા પછી બાલુને આનંદ થયો હતો. જો ફરી એને પાછો લાવે તો પાછું પોતાનું જીવન પાંજરાપોળ જેવું થઇ જાય!

તો બીજી તરફ લાલિયાની સેવા–સ્વાર્પણ યાદ આવતાં હતાં! લાલુએ કરેલી એમની પ્રેમભરી સેવા ને જિંદગીનાં છેલ્લાં વર્ષોમાં એક પ્રેમાળ મિત્રને ગુમાવવો એમને પાલવે એમ નહોતું. બાલુના જડ હૈયાને પોતાની સ્નેહગાંઠની શી ખબર? ગમે તેમ થાય પણ લાલિયાનો સ્નેહ કેમ તરછોડાય?

ડોસાનું મન આવા અસ્પષ્ટ વિચારોમાં આખી રાત્રિ રહ્યું. એમણે ઘણાં પડખાં ફેરવ્યાં પણ ઊંઘ આવી નહિ. ને છેવટે મળસ્કે જ્યારે પવનથી ગમાણનો ઝાંપો ખખડયો ત્યારે તો હૈયાના બંધ તૂટી ગયાં. રોજ લાલુને અત્યારે પૂળો નાંખવા જતાં. રાતનો પૂળો થઇ રહ્યો હોય એટલે અડધો અડધો પૂળો નાંખી ડોસા બંને બળદ પર હાથ ફેરવતાં.

રોજની ટેવ મુજબ ડોસા અંદર ગયા. ને લાલુને ન જોતાં એકદમ એમની આંખે અંધારાં આવી ગયાં. લગભગ એ ફસડાઇ પડયા.

ને એમને યાદ આવ્યું.

લાલાને તો પાંજરાપોળ મૂકી આવ્યાં હતાં...!

ને ફરીથી લાલાની યાદે એમની આંખમાં આંસુ ધસી આવ્યાં. અફાટ આંસુ જોઇ પેલા નવા બળદને પણ જાણે એ વેદના સમજાઇ હોય એમ એણે ભાંભરીને સૂર પુરાવ્યો.

લાલિયાને રાખવામાં પોતાનું કાંઈ ન વળ્યું એથી દાઝ ચડી હતી. પોતાના સ્વમાનશીલ સ્વભાવ પર આજ કુહાડો માર્યો હતો. બાલુએ પોતાનું જ ધાર્યું કર્યું એ એમને સાલતું હતું. લાલો ઘરડો થયો તો એને પાંજરાપોળ મળી, પણ પોતે ક્યાં જવું? આ શોકમાં ને આવા ગુંગળાતા વાતાવરણમાં કેમ જીવવું? શું માનવ પ્રાણીઓ ઘરડા થાય તો એમને રાખવા માટે કોઇ ધર્મીએ પાંજરાપોળ કરી નથી?

વળી એક નવો જ વિચાર એમને ઉદ્દભવ્યોઃ—'માનવીના ધર્મની વ્યાખ્યા કઇ ? જીવતા માનવ પ્રાણીઓની કોઇ દયા ખાતું નથી. એનું અપમાન કરવામાં આવે છે. એને ટંકે સવાશેર બાજરી મળતી નથી. ને પશુઓને માટે પાંજરાપોળ ! એ જ પ્રમાણે માનવ પશુઓ માટે પાંજરાપોળ હોત તો ?

લાલાની ફરીથી એકવાર યાદ આવી.

'લાલિયાને મેં કયા વિચારે પાંજરાપોળમાં મૂકયો ? બાલુના મનને રાજી કરવા જ આ કર્યું ? રે જીવનની કરુણતા ! લાલિયાએ જરા તોફાન કર્યું ને નાસી ગયો. બે રૂપિયા દંડ થયો તેમાં એણે શું કર્યું ? પોતાને ખાવા ઘાસચારો આપતાં નવા બળદ જેટલું નહિ આપતાં વહેરા-આંતરો કરે તો મૂગું પ્રાણી કયાં સુધી રહે ?

'ભલે ભલે...મારું થશે તે લાલાનું થશે.'

સવારમાં ઉઠીને બાલુએ જ્યારે જાણ્યું કે ડોસા ખાટલામાં નથી ત્યારે એના આનંદનો પાર ન રહ્યો. ડોસો જઈ જઇને કયાં જવાનો હતો...પણ એને વિચાર થયો કે રાતના ખાધું નથી. વળી લાલિયાની ફિકર કરતા હતા.

*With the best compliments of :*

**DADHA & COMPANY**

P. O Box 541
MADRAS-3.

TELEPHONE : 33884 ; 34716
TELEGRAMS : "INCREASE"

આખાય ગામમાં વાયુવેગે વાત ફેલાઇ ગઇ કે ડોસા ભાગી ગયા છે.

ડોસાને દીકરો ખૂબ દુઃખ દે છે!

જીવી કાકીના મરણ પછી ડોસા ડોસા જ રહ્યા નથી! રઘુકાકા બદલાઈ ગયા છે! બિચારાથી કાંઈ થાય નહિ વહુ દીકરો કામના અલાખા કરે! શું કરે...ભાગી ન જાય તો?

'પેલા લાલિયા પાછળ એ તો ગયા હશે...લાલિયો એમને વહાલો હતો ને બાલુને ભારે પડતો હતો. ડોસાને દીકરા વચ્ચે ચકમક ઝરતી હતી. ડોસાને ગમે તેમ સમજાવી હજી કાલે જ પાંજરાપોળ મૂકી આવ્યા...!

ને એની વાતને અનુમોદન પણ મળ્યું. બાલુએ કહ્યું: 'નક્કી એ લાલુની પાછળ જ ગયા હશે. એમણે એની ચિંતામાં કાલનું ખાધું સરખું નહોતું!

ત્યારે એક મજાકિયાએ કહ્યું:

'બાલુ, તને શી ખબર? લાલુ ઘરડો થયો તો પાંજરાપોળમાં મૂકયો. પણ પોતે ઘરડા થયા તો કંઇ પાંજરા-પોળમાં જવું...એટલે ડોસા કોઇક પાંજરાપોળની શોધમાં ગયા હશે...!

બાલુએ ડોસાને શોધવા દોડધામ કરી મૂકી.

ઠેર ઠેર શોધવા માણસ મોકલ્યા.

પણ સૌના આશ્ચર્ય વચ્ચે સાંજના પાંચ વાગ્યે રઘુ ડોસા પોતાના વહાલસોયા લાલુને માનવ સર્જિત પ્રાણીઓની પાંજરાપોળમાંથી હરખ ભેર ભાગ્ય સર્જિત માનવ પાંજરાપોળમાં દોરી લાવતા હતા.

卐

Phone : **334801**

**CHOKSI & CO.**

IMPORTERS & STOCKISTS

**HIGH-SPEED, STAINLESS, CARBON & ALLOY STEEL**

Godiji Chawl No. 2, Bapu Khote X Lane, Bombay-2.

# શ્રી જૈન આશ્રમ (મહાવીર નગર) વટવા

વાયા–મણીનગર

# નમ્ર નિવેદન

**શ્રીમાન ધર્મ પ્રેમી સજ્જનો,**

આપને જણાવતાં હર્ષ થાય છે કે “ શ્રી જૈન આશ્રમ વટવા ” નામની સંસ્થા લગભગ ૩૧ વર્ષથી વટવામાં “ મનુષ્ય સેવા ” ના મુખ્ય ધ્યેયથી ચલાવવામાં આવે છે. સંસ્થામાં અનાથ. અપંગ અને વૃદ્ધોને કોઇ પણ નાત, જાત અને સંપ્રદાયના ભેદ રાખ્યા સિવાય દરેક જૈન કોમના માણસને નિયમ પ્રમાણે રાખવામાં આવે છે અને તેમની દરેક પ્રકારે ખાવા, પીવા, રહેવા, કપડા લત્તા, દવા તેમજ યોગ્ય શિક્ષણ મારફત સારવાર કરવામાં આવે છે. વૃદ્ધો ને અપંગોને મરણ પર્યંત આસરો આપવામાં આવે છે.

આજ સુધી સેંકડો માણસોએ આ સંસ્થાથી લાભ લીધો છે. જે સંસ્થાના રીપોર્ટ ઉપરથી માલુમ પડી શકે છે, ગવર્નમેંટના નિયમ મુજબ સંસ્થા રજિસ્ટર પણ થઇ ચુકી છે.

આ સંસ્થા સંવત ૧૯૮૪ માં પૂજ્ય શ્રી આચાર્ય માણેકમુનિના સતત પ્રયાસથી શરૂ કરવામાં આવેલી હતી તેઓ સંસ્થાના પ્રાણ હતા પરંતુ સંવત ૧૯૯૩ માં તેઓશ્રી કાલધર્મ પામ્યા પછીથી અમે લોકો સંસ્થાને યથાશક્તિ મહેનત કરી ચલાવતા આવ્યા છીએ. છેલ્લા ૩–૪ વર્ષોથી તો મોંઘવારીનો ખુબ સપાટો આવ્યો છે. તેમજ જોઇતી મદદ મલી શકતી નથી. ખરચો વધતો જ જાય છે.

અમારી સર્વ સજ્જનોને નમ્ર વિનંતી છે કે આપ આ સંસ્થાને સમાજનો અગત્યનો અંગ લેખી ઉદાર ભાવે મદદ કરશો તો અમે વિશેષ ઉત્સાહ અને ખંતથી “ મનુષ્ય સેવા ” સંસ્થા દ્વારા કરી શકીશું.

રૂા. ૧૨) ૫) ૨) વાર્ષિક સભાસદ લવાજમ છે.

મોટી રકમના સદ્‌ગૃહસ્થોની ઇચ્છા મુજબ કમિટી તેમની કાયમ યાદગીરી રહે તેવી યોગ્ય વ્યવસ્થા કરશે.

ચતુર્વિધ સંઘ કે જેમાં સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા જેઓ શ્રી પૂજ્ય સાધુ મહારાજ કે સાધ્વીજી મહારાજ જે વિહારચારી કરી શકતા ન હોય તેમજ શારિરીક સંયોગો વસાત અટકી ગયેલ હોય તેને પણ આ આશ્રમમાં રાખી પૂરતી સેવા કરવામાં આવે છે.

મદદ મોકલવાનું ઠેકાણું

(૧) મંત્રી પં. છોટાલાલ પરવાર, દિપાશ્રમ, ૯. સોસા. મણીનગર, **અમદાવાદ૮.**

(૨) **ગૃહમંત્રી:–બાબુભાઈ મગનલાલ, ભાવનગરી** ફોટોગ્રાફર,

કૃપાકાંક્ષી : બાલાહનુમાન સામે, **અમદાવાદ.**

પ્રમુખ:–**નરોત્તમદાસ કેશવલાલ ઝવેરી** ગૃહમંત્રી **બાબુલાલ મગનલાલ**

ઉપપ્રમુખ:–**જેસીંગભાઈ ઉગરચંદ.** **પં. છોટાલાલ પરવાર.**

# સુસંસ્કારોની સરિતા....શિબિર

શ્રી કુમારપાળ વી. શાહ

વીજાપુરવાળા

શ્રી જૈન ધાર્મિક શિક્ષણ ગ્રીષ્મ શિબિર અચળગઢ [માઉન્ટ આબુ]

તારીખ ૧ લી મે ૧૯૬૪ થી ૩૧મી મે ૧૯૬૪ સુધી

જૈનધર્મ, જૈનશાસન અને જૈન સંઘનું ભાવિ આજની ઉગતી પેઢીના હાથમાં છે. તે ભવિષ્યમાં સંઘના કર્ણધારો કે સુકાનીઓ બનશે. કેમકે આજનો બાળક આવતી કાલનો નેતા છે. તે ભગવાન મહાવીરના ધર્મ રથને વહન કરનારા ચક્રો છે. સંઘના ઘડવૈયા, સુકાની, કે સ્થંભો સમાન છે. પણ જો તે અયોગ્ય, બીન કેળવાયેલ, કુસંસ્કારી, સ્વધર્મ ગૌરવ, અભિમાન કે સ્વમાન વિહીન હશે તો આવતી કાલે સમાજની સ્થિતિ શી હશે? આજની કેળવણી દેવ, ગુરૂ અને ધર્મ માટે બહુમાન નહિ પણ અપમાન જ શીખવે છે. આધ્યાત્મિકતા નહિ પણ ભૌતિકવાદ તરફ દોટ મૂકતા બનાવે છે. સુસંસ્કારો નહિ પણ કુસંસ્કારો રેડે છે. જોડવાનું નહિ પણ તોડવાનું શીખવે છે. આજની કેળવણી મુક્તિ આપવાનું નહિ પણ બંધનોમાં ફસાવાનું શિખવે છે. આજે ચોતરફ હિંસા, અસત્ય ચોરી, વ્યભીચાર, તૃષ્ણા, ક્રુરતા અને અશાંતિનો દાવાનળ સળગી રહ્યો છે. આવા સમયે માનવીને આજના બાળકોને આજની ઉગતિ પેઢીને "**सा विद्या या विमुक्तये**" મુક્તિ અપાવે તે જ સાચું શિક્ષણ અને એવાજ શિક્ષણની પરમ આવશ્યકતા છે. સાચેજ આજના બાળકોને સાચી શાંતિ, સુસંસ્કારો અને સત્ ધર્મની ઓળખ કરાવી શકે તેમ હોય તો તે શિબિર જ માત્ર એક માર્ગ છે. શિબિર જ ધર્મ, શાસન કે સંઘના ઘડવૈયા, સુકાની સ્થંભો, ધુરંધર પંડિતો કે સુસંસ્કારીઓનું પ્રોડકશન [Production] કરનાર મહાન ફેકટરી કે કારખાનું છે.

સાચે જ હું શિબિરમાં જઇ શકયો તે મારા મહા પુણ્યનો કે મહાભાગ્યનો ઉદય માનું છું. શિબિરની અસર મારા પર એટલી અદ્દભૂત પડી છે કે તેને હું લખી...ને વર્ણવી શકું તેમ નથી પણ ટુંકમાં કહું કે "હું પહેલાં હતો તેવો આજે નથી રહ્યો, આજે જેવો છું એવો એ પહેલાં નહતો." શિબિરે મારા જીવનમાં મહાન અને અજોડ જાગૃતિ આણી છે. મારા જીવનમાં અદ્દભૂત ક્રાન્તિ થઇ છે. સાચેજ શિબિર માણસને માનવ અને મહામાનવ બનવાનું

શીખવે છે. ધર્મનું વાસ્તવિક સ્વરૂપ બતાવનાર હું કોણ? મારૂ સાચું સ્વરૂપ કયું? એ બતાવનાર આત્મિક શાંતિ આપનાર, આધ્યાત્મિકતાનો આસ્વાદ ચખાડનાર, ભૌતિકવાદના ભૂતમાંથી બચાવનાર અહિંસા, સત્ય, અપરિગ્રહ, સંયમ અને પ્રેમના પાઠ શીખવનાર એવી એક જ માસ ચાલતી આ મહા-શાળા છે. વિકાસની વિજ્ઞાનશાળા, પ્રસ્થાનની પ્રયોગશાળા અને ઘડતરની મહાશાળા છે.

અમારી શિબિરના સંચાલકો, મંત્રીઓ હતા. શ્રી શાન્તિલાલ ઉજમલાલ ચોકસી અને કેશવલાલ મોહનલાલ શાહ તેઓશ્રીની તન, મન અને ધન સાથેની


## નમ્ર વિજ્ઞપ્તિ



મહાન આચાર્ય ભગવંતો તેમજ પરમ પૂજ્ય મુનિરાજો તથા સકલ સંઘને અમારૂં નમ્ર નિવેદન છે કે :--

મહામંગલકારી અવસરે અને અનેક શુભ પર્વોમાં જીવદયા પ્રેમી ભાઈ-બહેનો જીવદયામાં દ્રવ્યનો સદુપયોગ કરે છે.

ધોળકા પાંજરાપોળ એક ઘણી જ જૂની સો વરથી ચાલતી સંસ્થા છે અને તેમાં ઘણાં જાનવરોને રાખવામાં આવે છે. તેમજ જાનવરોને ઘાસચારો, કપાસીયા, ગવાર વગેરે ખવરાવવા માટે નાણાંની ખાસ જરૂર રહે છે. તેમજ આ પાંજરાપોળ મ્યુ. ના ડબામાંથી તેમજ બીજી અનેક રીતે જીવોને અભયદાન આપવામાં પણ નાણાં ખરચે છે, તો આપ અવશ્ય આ સંસ્થાને ઉપરના પ્રાણીઓને પોષવા માટે મદદ કરશો તેવી નમ્ર વિનંતિ છે.

લિ૦ આપના સંઘ સેવકો,

**૧. વકીલ ચંદુલાલ મયાચંદ શાહ** પ્રમુખ બી. એ. એલ. એલ. બી.

: સભ્યો :

**૨. ચંપકલાલ શાન્તિલાલ શાહ** **૩. ઠક્કર નાનજીભાઈ બેચરદાસ**
**૪. શાહ ઉજમશી ગફુરદાસ** **૫. શેઠ વસંતલાલ ગિરધરલાલ**
**૬. શાહ કાળીદાસ જેઠાલાલ** **૭. શાહ નારાયણદાસ ગોપાળદાસ**
**૮. કાન્તિલાલ સાંકળચંદ ગાંધી** **૯. પટેલ રમણલાલ ડાહ્યાભાઈ**

**ધોળકા પાંજરાપોળ** પાંજરાપોળ-બજાર.

સેવા સમગ્ર વિદ્યાર્થીઓ પર અજોડ અને અદ્દભૂત અસર કરતી હતી. તેઓશ્રી-ઓનો વિદ્યાર્થીઓ પ્રત્યેનો અપ્રતિમ પ્રેમ હું વર્ણવી શકવા અસમર્થ છું.

"કેશુભાઇ યોગી સમા, નિજ કાર્ય છોડી અહીં રહ્યા,
શાંતિભાઇ સહકાર કાજે, શિબિરના અવધૂત બન્યા."

અભ્યાસ કરાવવા માટે, સંસ્કારોના સિંચન માટે અને વિદ્યાર્થીઓને ધર્મની સાચી ઓળખ કરાવવા માટે એક માસ સુધી વર્ધમાન તપની ૭૧ મી ઓળી ચાલતી હોવા છતાં પણ સાત સાત કલાક એકધારું પ્રવચનોનું મીઠું પાણી પરમ પૂજ્ય પં. શ્રી ભાનુવિજયજી રેડતા હતા. સાચેજ તેઓ 'ભાનુ' સમાન છે. શ્રી ભાનુવિજયજીના માટે અને એમના જ્ઞાન, ચારિત્ર કે તપ માટે લખવા પુરાતા શબ્દો નથી. કદાચ શારદા પણ તે શબ્દોમાં વર્ણવી ન શકે અરે...જો સરસ્વતી પોતાની વિણા કાળાન્તર સુધી બજાવે તો પણ તેમના ગુણોનો પાર આવે તેમ નથી. વિદ્યાર્થીઓ પર તેમનો અસીમ ઉપકાર છે. આવા ઉપકારી, જ્ઞાની, તપસ્વી અને શ્રેષ્ઠ ચારિત્રશીલ પાસેથી વિદ્યાર્થીઓએ શું નહિ મેળવ્યું હોય? શ્રી ઋષભદાસજી જૈન, શ્રી શાંતિભાઇ [ભાણાભાઇ] ગુજરાત વિદ્યાપીઠના પ્રોફેસર શ્રી ભટ્ટ, અમદાવાદ રામાનંદ કોલેજના શ્રી બાબુભાઇ કાપડિયા તથા બીજા અનેક વિદ્વાનોના પ્રવચનોનો લાભ મળ્યો હતો.

શિબિરમાં ભારત ભરમાંથી ૧૮૮ જૈન-જૈનેતર કોલેજીયન વિદ્યાર્થીઓ આવ્યા હતા. એમ. એ., બી. એસ. સી., બી. કોમ., અને બી. એ. ભણતા વિદ્યાર્થીઓ સારી સંખ્યામાં હતા. શિબિરનો અભ્યાસક્રમ માટે "જૈનધર્મનો સરળ પરિચય ભાગ ૨" એ પુસ્તક શ્રી ભાનુવિજયજીએ તૈયાર કર્યું હતું. એમાં માર્ગાનુસારી જીવન [શ્રાવકના ૩૫ ગુણો] કર્મવિજ્ઞાન, ગણધરવાદ, ષોડશક અને જૈન તત્વ-જ્ઞાનના વિભાગો હતા. જ્યારે જ્યારે માર્ગાનુસારી જીવન પરનાં પ્રવચનો ચાલતાં ત્યારે વિદ્યાર્થીઓ ઉભા થઇને મહારાજ સાહેબ......નિયમ આપો.....મહારાજ સાહેબ પ્રતિજ્ઞા આપો. પ્રતિજ્ઞા આપો. પ્રતિજ્ઞાઓ પણ શ્રાવક જીવન કેમ જીવંત અને જવલંત બને તે પ્રકારની લેવાતી થાળી ધોઇને પીવી, બીડી સિગારેટનો ત્યાગ, સિનેમા, પીકચરોનો ત્યાગ, રાત્રી ભોજન ત્યાગ, કંદમૂળ વગેરેનો ત્યાગ, જીવનભર અહિંસક ચંપલ પહેરવા માટેની પ્રતિજ્ઞા, એંઠા મોંએ ન બોલવું, જ્ઞાનની વિરાધના ન કરવી, પાંચ તીથી પ્રતિક્રમણ કરવું, ૧૦ વર્ષમાં નવ લાખ મંત્ર ગણવા આવી અનેક નાની મોટી પ્રતિજ્ઞાઓ અતિ ઉલ્લાસ પૂર્વક વિદ્યાર્થી-ઓએ લીધી હતી.

અ મા રા બે

લે : ગુણવંત શાહ

સંપાદક

બુદ્ધિપ્રભા

અભિનવ શૈલી, આધુનિક ઉપમાઓ અને સરળ ભાષામાં ચરમ તિર્થંકર ભગવાન મહાવીરની સારીય જીવન ગાથા વણી લેતી એક અનોખી જ પુસ્તિકા

કીંમત પચાસ નવા પૈસા (પોસ્ટેજ અલગ)

# આધુનિક મહાવીર

## અભિનવ

આ અંકના પહેલા બે પાના તમે વાંચ્યા ?

સ્વ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મહારાજે સંસ્કૃત ભાષામાં લગભગ છસો શ્લોક પ્રમાણ પ્રેમ ગીતા લખી છે.

તેનો રસળતી શૈલીમાં ભાવાનુવાદ કરવામાં આવ્યો છે. પ્રેમનું પૃથક્કરણ સમજવા માટે વાંચો.

કીંમત પચાસ નવા પૈસા (પોસ્ટેજ અલગ)

# પ્રેમ ગીતા

ભાવાનુવાદક :

ગુણવંત શાહ

—: લખો :—

બુદ્ધિપ્રભા

C/o શ્રી જે. એસ. દંતારા

૧૨/૧૬ ત્રીજો ભોઇવાડો,

૧ લે માળે, મુંબઈ ૨.

પ્ર કા શ ન

આજીવન બ્રહ્મચર્ય (જીંદગી સુધી) ચોથું વ્રત પાળવાની પ્રતિજ્ઞા શિબિરના પાંચ યોગ્ય સમજદાર વિદ્યાર્થીઓએ લીધી છે. સારીય શિબિરે આ વિદ્યાર્થીઓનું બહુમાન કરી અતિ હર્ષ પ્રદર્શિત કર્યો હતો. આ છે...એ બ્રહ્મચારીઓ...

(૧) શ્રી નગીનદાસ જીવરાજ જસાણી (ભુજ કચ્છ) પરણેલા હોવા છતાં
(૨) શ્રી વિનુભાઈ ચીનુભાઈ ( કડી )
(૩) શ્રી કુમારપાળ વી. શાહ (વીજાપુરવાળા )
(૪) શ્રી મનુભાઈ પ્રેમચંદ
(૫) શ્રી મહાસુખભાઈ

આ સિવાય આતે કઠીન બીજા નિયમો પણ વિદ્યાર્થીઓએ લીધા હતા.

(૧) શ્રી પ્રવિણચંદ્ર હીરાલાલ (જીવનભર સત્ય બોલવું. અજાણતાથી બોલાઈ જવાય તો બાંધી નવકારવાળી ગણવી.)

(૨) શ્રી કુમારપાળ વી. શાહ [વીજાપુરવાળા] (જીંદગી સુધી ઘીનો ત્યાગ અને ઘી વાળી તમામ ચીજોનો સંપૂર્ણ ત્યાગ. અજાણતાથી ખવાઈ જાય તો એક આયંબીલ)

દીક્ષા લેવાના અભિગ્રહવાળા ઘણા છે. અમુક વર્ષમાં દીક્ષા લેવી, ન લેવાય તો અમુક ચીજનો ત્યાગ એવી પ્રતિજ્ઞાઓ પણ લીધેલ છે.

આ છે શિબિરનાં મીઠાં ફળ. આમાંથી જ કોહીનુરના ઝળહળતા હીરા જરૂર પેદા થવાના જ, કર્ણધારો, સુકાનીઓ, ધુરંધર પંડિતો, ઉચ્ચ ત્યાગીઓ. ઉચ્ચ તપસ્વીઓ ભડવીર ભામાશાઓ, જગડુશાઓ અને જાવડશા, તેજસ્વી તેજપાળો અને વસ્તુપાળો, કુમારપાળ શ્રેણીક કે સાંપ્રતિ જેવા ધર્મવીર રાજનીતિજ્ઞો થવાના. પણ જરૂર છે શિબિર રૂપી કારખાના ને વર્ષો સુધી કાર્યશીલ રાખવાની. એને દર વર્ષે રૂપિયા ૩૦,૦૦૦ હજારની આવશ્કતા છે આ રકમ કંઈ જૈન સમાજ માટે વધૂ નથી. કેમકે સંખ્યામાં નાની કોમ છતાં દાન કરવામાં અતિ બળવાન છે. અને આજના કાળે ધાર્મિક શિક્ષણ અને ધાર્મિક કેળવણી તરફ વધુ પડતો ભોગ આપવો જરૂરી છે. માળી બાગમાં એક કયારામાં પાણી આવી ગયું હોય તો તરત તે પાણીનો પ્રવાહ બદલીને સુકા કયારા તરફ વાળે છે અને બાગના બધા જ કયારાને લીલાછમ રાખે છે. તેમ આપણે પણ અમુક જ ક્ષેત્રોમાં નાણાં વાપરતા રહીશું તો નહિ ચાલે કેમકે શિબિર રૂપી કયારાને આપણે હરિયાળો બનાવવો જ જોઈએ. શિબિરને આજે આર્થિક મદદની પરમ આવશ્યકતા છે. એની મજબૂતાઈનો આધાર સમાજ પર જ છે. તો દરેક ઉદાર હાથે રૂપિયા ૨૫ થી માંડી શક્તિ મુજબ આપશે તો જ્ઞાન માટે અપાયેલું દાન સર્વશ્રેષ્ઠ દાન બની જશે. દરેકને પાકી પહોંચ (રસીદ) આપવામાં આવશે.

મદદ મોકલાવાનું સરનામું:—

**શ્રી બંસીલાલ સોમચંદની કંપની**
૩૫૭, કાલબાદેવી રોડ, **મુંબઈ ૨.**

# શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ–પાલીતાણા.

## શ્રી પર્વાધિરાજ પર્યુષણ પર્વના આત્મકલ્યાણના દિવસોમાં
## આ સંસ્થાને યાદ કરશો કે ?"

આ સંસ્થા શ્રી સિદ્ધાચલની પવિત્ર ભૂમિમાં ૪૧ વર્ષોથી આપણા સમાજની બહેનોને ગચ્છ અને પ્રાંતીય ભેદભાવ વીના ખાનપાન અને રહેવાની સગવડ સાથે શિક્ષણ, સંસ્કાર આપવાનું કાર્ય બજાવી રહી છે તે આપ જાણો છો.

સંસ્થામાં અત્યારે એકસો ઊપરાંત વિધવા, ત્યકતા ને કુમારિકા બહેનો શિક્ષણ સંસ્કાર લઇ રહી છે. દર વરસે થોકબંધ દાખલ અરજીઓ આવે છે પણ અત્યારનું મકાન એટલું નાનું છે કે વધુ બહેનોને સ્થાન આપી શકાતું નથી જેથી સંખ્યાબંધ અરજીઓ નામંજૂર કરતાં કાર્યકરોને દુઃખ થાય છે. આ મુશ્કેલી મટાડવા સંસ્થા એક વિશાળ અદ્યતન નવું મકાન રૂા. ૭ લાખના ખર્ચે બંધાવી રહેલ છે જેમાં જિનમંદિર વિગેરે બધી ગોઠવણ થશે.

સારાયે ભારતવર્ષમાં આપણા સમાજમાં સ્ત્રી શિક્ષણની ધાર્મિક શિક્ષણને મૂખ્ય રાખી સર્વાંગી શિક્ષણ આપતી આવા પ્રકારની આ એક જ સંસ્થા છે જે સંસ્થા વિધવા બહેનોનો વિસામો, ત્યકતા બહેનોની શીતળ છાંયડી અને કુમારિકા બહેનોની શિક્ષણની સંસ્કારધામ સમી પૂરવાર થઇ ચૂકી છે.

સમાજના જે કોઇ ભાઇ–બહેનો પાલીતાણા યાત્રાર્થે પધારે તેમને આ સંસ્થાની મુલાકાત લેવા અને સંસ્થાને સહાય, સહકાર ને માર્ગદર્શન આપવા વિનંતિ છે. સંસ્થામાં રહેતી બહેનો દુઃખી. નિરાધાર ને ગરીબ છે તે દષ્ટિ કોઇ ન રાખે પણ આ બધી આપણી સાધર્મિક બહેનો છે તે દષ્ટિએ તેના હક્ક તરીકે આપવા ભાવના રાખે.

દેશ પરદેશમાં વસતા આપણા ભાઇ–બહેનો જે રીતે આજ સુધી સંસ્થાને સહકાર આપતા આવ્યા છે તે રીતે સંસ્થાને સહકાર આપવાનું ચાલુ રાખશે તેવી વિનંતિ છે.

પૂજ્ય આચાર્ય ભગવંતો, પૂજ્ય મુની મહારાજાઓ, પૂજ્ય સાધ્વીજી મહારાજાઓને વિનંતિ કે ચાતુર્માસ દરમ્યાન ગામે ગામના સંઘને, સંસ્થાને મદદ આપવા પ્રેરણા આપે તેવી પ્રાર્થના છે તેમજ ગામે ગામના સંઘ, ટ્રસ્ટ ફંડના ટ્રસ્ટીઓ, એસોસીએશનના પ્રમુખો વિગેરે બધાને સહકાર આપવા વિનંતિ છે.

મદદ મોકલવાના સ્થળો:–
હેડ ઓફીસ:—

**(૧) શેઠ જીવતલાલ પ્રતાપસી**
ઠે. ૯૭, સ્ટોક એક્ષચેન્જ બીલ્ડીંગ,
એપોલો સ્ટ્રીટ, કોટ,
**મુંબઇ ૧.**

**(૨) શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ**
**પાલીતાણા** (સૌરાષ્ટ્ર)

લી૦
ભવદીય,

**માણેકલાલ ચુનીલાલ જે. પી.**
**જીવતાલાલ પ્રતાપસી દલાલ**
**જયંતીલાલ રતનચંદ શાહ**
**જેઠાલાલ ચુનીલાલ ઘીવાળા**
**ચંદુલાલ ટી. શાહ**
ના જયજીનેન્દ્ર.

# વેરની વસુલાત

લેખક : **શ્રી રમણલાલ નાનાલાલ શાહ.**

**[ એક ક્રૂર હાથે એક નાજુક ને મુલાયમ, ફુલકળી જેવો હાથ કાપી નાંખ્યો.**

**લોહી નીંગળતા છરાને જોઈ એની વેરની આગ શાંત પડી.**

**પણ કુદરતના ખેલ !**

**જે હાથે એ નવયૌવનાને એણે ઠૂંઠી કરી હતી એજ હાથ પાસે ને હાથ ધરવાનો સમય આવ્યો.**

**અને એ ઠૂંઠા હાથે એનો વેરનો એવો–તો બદલો લીધો કે ખૂનીનું રોમેરોમ કંપી ઊઠ્યું.**

**વેરની આગમાં શેકાતા સ્ત્રી, સૌન્દર્ય અને સપૂતોની એક આગવી વાર્તા જરૂરથી વાંચો. —સંપાદક. ]**

અમેરિકા ખંડના દક્ષિણ પ્રદેશની આ વાત છે. સેંકડો વર્ષ અગાઉની છે.

એ વેળા એક મોટા ગામમાં એક ખૂબ શ્રીમંત જાગીરદાર રહેતો હતો. આલીશાન મહેલ જેવું મોટું એનું મકાન હતું, વાડી–વજીફા હતા, વિશાળ ફળદ્રુપ બાગાયત જમીન હતી, અને એમાં ખેતીવાડી મોટા પાયા ઉપર થતી હતી.

દિવસે દિવસે આ જાગીરદારની આબાદી અને વૈભવ વધતાં જ જતાં હતાં. એમ થવાનું એક કારણ હતું. એ જાગીરદાર ખૂબ મહેનતુ હતો. પોતાના તાબાના નાનામોટા સર્વ નોકરો ઉપર એ સતત કાળજીભરી દેખરેખ રાખતો, અને એમની પાસેથી એ પૂરેપુરું કામ બરાબર લેતો. એ ન્યાયથી વર્તતો. એમને વ્યાજબી પગાર આપતો. પણ કામ પણ એ જ રીતે લેતો.

આમ જાતમહેનત, બીજા પાસે કામ લેવાની કળા, અને ન્યાયી વર્તનને લઈને એ દર વર્ષે વધુ ને વધુ આબાદ થાય એમાં નવાઈ ન હતી.

પણ ઘઉંમાં કોઈક કાંકરા પણ હોય છે. આ જાગીરદારના સંખ્યાબંધ નોકરોમાં એક બેઠાખાઉ અને આળસુ નોકર હતો. એ હંમેશાં ઓછું કામ કરવામાં આનંદ લેતો. શેઠની નજર ચૂકવી એ આળસુ માફક બેસી રહેતો.

લાગ મળે તો કામ કરવાને બદલે ઊંઘી પણ જતો. શેઠને કામચોરી કરી છેતરવામાં એને વધારે આનંદ આવતો.

નોકર વર્ગમાં એ સારો માનીતો હતો. ચાડિયું માણસ અને વાયડું ધાન્ય વધારે વહાલું લાગે એવી એક કહેવત છે. આ માણસ શેઠની અને શેઠના કુટુંબની ખોટી અને હડહડતી જૂઠી ચાડીઓ નોકરોની આગળ છાનામાના કરતો, અને શેઠનું બોલાય એટલું જૂઠું બોલતો. આથી એ કામ નહોતો કરતો તોપણ નોકરો આંખ આડા કાન કરતા હતા.

માણસ બીજાને થોડો વખત છેતરી શકે; કાયમ માટે છેતરી ન શકે. એક દહાડો જાગીરદારે આ હરામી કામચોર નોકરને જરૂરનું કામ સોંપ્યું હતું. તે કામ કરવાને બદલે ધોળે દહાડે તેને નિરાંતે કામ કરવાની જગા ઉપર ઊંઘતો જોયો.

જાગીરદાસ ગુસ્સે થયો.

એને ઉઠાડયો.

એના આ બેહાકુવેડા માટે એને ઠપકો આપ્યો.

ફરીથી એમ ન કરવા તાકીદ આપી.

પણ પોતે પકડાઈ ગયો એથી નોકરનો મિજાજ ગયો. શેઠના ઠપકાથી એના ક્રોધમાં વધારો થયો હતો. વાંક એનો પોતાનો હતો. નિમકહરામી એણે પોતે કરી હતી, છતાં એ એના પાજી સ્વભાવ ઉપર ગયો. શેઠને સામે

મને ગમે છે ચાંદીનો ચળકાટ અને રોશનીનો ઝળકાટ
મને ગમે છે સુંદરતા અને સુઘડતા આથી તો હું 'વાઘ' છાપ
સ્ટેનલેસ સ્ટીલના વાસણ વાપરું છું તમે પણ

**'વાઘ' છાપ વાસણ વાપરો.**

**પનાલાલ બી. શાહ**

૨૧, કંસારા ચાલ, મુંબઈ ૨

મેંએ ખૂબ કડવાં વચન કહ્યાં. શેઠનું હાડોહાડ અપમાન કર્યું. થાય તે કરી લેવા સામે ચાલીને શેઠને આવાહન આપ્યું.

માણસની સહનશક્તિને પણ હદ હોય છે. વળી આવા નાફરમાન નોકરનો વાંક જતો કરે તો બીજા નોકરો પણ આવા જ નીકળવાનો ભય. આથી જાગીરદારે એ નોકરને એનો પગાર અને વાટખરચી આપી તરત જ નોકરીમાંથી કાઢી મૂકયો.

આંખમાંથી નર્યું ખૂન વરસાવતો અને દાંત પીસતો નોકર જતાં જતાં બોલ્યોઃ 'મને નોકરીમાંથી કાઢી મૂકવાનું ફળ કેવું મળે છે તે હવે પછી કોઇક વાર સમજાશે, શેઠ !'

[ ૨ ]

જાગીરદારના ગામની બહાર મોટું વિશાળ જંગલ હતું. એ જંગલમાં પેલો કાઢી મૂકવામાં આવેલો નોકર જઇને રહ્યો. ગામમાં કોઇક વાર ચોરી-ચપાટી કરીને અથવા જંગલનાં કંદમૂળ ખાઇને એ દહાડા કાઢતો હતો. એના મનમાં માત્ર એક જ મુરાદ હતીઃ કોઇને કોઈ રીતે માલિક ઉપર વેર લેવું. એ લાગ એ રોજ શોધ્યા કરતો હતો.

એક વેળા એની એ ઇચ્છા ફળી.

શેઠને એક માત્ર નાનકડી રૂપસુંદર પુત્રી હતી. નકરી દેવબાળા જોઇ લો. વેરીના હૈયામાં પણ પ્રેમ જગાવે એવી દયામયી, ભોળી, ભલી અને દિવ્યસ્વરૂપિણી.

નિર્દોષ બાળા વગડાઉ ફૂલ વીણવા એક વાર ગામને સીમાડે ગઇ. એની ભાળ રાખનાર આયા એની સાથે જ હતી, પણ સ્ત્રીનો ધણી બીમાર હતો એટલે પેલી નાની બાળાને ફૂલ વીણતી મૂકી એ આયા એના ધણીને જોવા ગઇ.

ફુલનો રૂપાળો દડો બનાવી અને ગળામાં ફૂલોની માળા પહેરી નિર્દોષ બાળા મસ્ત બની આમતેમ રમી રહી હતી. તે પેલા દુષ્ટ નોકરની નજરે પડી. આજુબાજુ કોઈ કરતાં કોઈ ન હતું.

એણે પોતાની કમ્મરે છૂપાવી રાખેલો તીક્ષ્ણ ધારવાળો છરો કાઢ્યો. બિચારી નિર્દોષ બાળાનો હાથ કોણીની ઉપરથી નિર્દયતાથી કાપી નાખ્યો. ત્યાંથી જીવ લઇને તે ભાગી ગયો.

બાળકીએ કારમી ચીસ પાડી.

દડદડ દડદડ લોહી વહી જતું હતું.

બાળા બેભાન થઈ ધરતી ઉપર ઢળી પડી.

આજુબાજુથી લોકો દોડી આવ્યા પેલી આયા પણ દોડી આવી.

બાળકી માટે સારામાં સારા ડોકટરો બોલાવી એની દવા કરવામાં આવી.

એને ધીમે ધીમે મટ્યું પણ ખરું, પણ એનો હાથ તો જે ગયો તે ગયો જ. નવો હાથ કાંઇ આવી શકે એમ ન હતું.

[ ૩ ]

ઉપરની વાતને વીસ વર્ષો વીતી ગયાં.

પેલો દુષ્ટ નોકર તો પેલી બાળાનો હાથ કાપી નાખ્યા બાદ એ જંગલ અને એ મુલક પણ છોડીને નાસી ગયો હતો.

હાથ કપાયેલી બાળા હાલ ૨૫ વર્ષની ખૂબ સોહામણી સુંદરી બની ગઈ હતી. એનો પિતા મરણ પામ્યો હતો. બધી જાગીરનો અને જમીનનો વહીવટ એ બાળા જ હવે જાતે દેખરેખ રાખી કુશળતાથી સંભાળતી હતી. એ કુમારી હતી. હાથ વગરની ઠુંઠી સ્ત્રીને મનગમતો પતિ મળવાનો સંભવ ક્યાંથી હોય? એ પોતાની જમીન-જાગીરની સંભાળમાં અને


શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ

દશ વર્ષ પછી વિશ્વવંદ્ય પ્રભુ મહાવીરસ્વામીના નિર્વાણને ૨૫૦૦ પૂરાં થાય છે.
તે સાથેજ જૈન શાસનની ઉન્નતિનો કાલ શરૂ થાય છે.

આ મહામંગલકારી પ્રસંગની ઉજવણીનું સચોટ નિરૂપણ-અને આવી રહેલા ઉન્નતિના સમયનું શાસ્ત્રીય માર્ગદર્શન ચતુર્વિધ સંઘને ઉન્નતિનું દર્શન કરાવે છે.

# ઉન્નતિ દર્શન

પ્રોત્સાહક : શાસન સમ્રાટ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજશ્રીના
પટ્ટાલંકાર શાસ્ત્રવિશારદ કવિરત્ન પીયૂષપાણિ

**પૂ. આચાર્યશ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજ**

પ્રેરક : પૂ. આચાર્ય શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજના વિનેયરત્ન વિનય નિધાન પંન્યાસપ્રવર શ્રી પુણ્યવિજયજી ગણિવર્ય મહારાજના શિષ્ય

**પૂ. પંન્યાસ શ્રી ધુરન્ધર વિજયજી ગણિવર્ય**

સંપાદક : **જયન્તીલાલ નાલચંદ શાહ**

પ્રકાશક : **શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન દેરાસરની પેઢી**

શ્રી અમૃતસૂરીશ્વરજી, જ્ઞાનમંદિર, દૌલતનગર બોરીવલી, મુંબઈ નં. ૬૬

**મુલ્ય રૂપિયા પાંચ**

આત્મોન્નતિનો માર્ગ બતાવે તેજ સાચું દર્શન

તમારી જાહેર ખબર મોકલી તેમજ નકલ ખરીદી લાભ લો.

બાકીનો સમય પ્રભુભક્તિમાં ગાળી પોતાનું જીવન વીતાવી રહી હતી.

એક વાર એ આંગણામાં ફરતી હતી ત્યાં એક વિકરાળ ચહેરાવાળો માણસ આવી લાગ્યો. એની દાઢી વેંતવેંત વધી ગઈ હતી, મૂછો તારનાં ગૂંચળાં જેવી ગંદી બની ગઇ હતી. ભૂખ, ત્રાસ, થાક, ચિંતા અને હાડમારીથી એની આંખો ખૂબ ઊંડી ઉતરી ગઈ હતી, અને પીળી પડી ગઇ હતી. એની કાયા નરી હાડપિંજર જેવી હતી. એનાં વસ્ત્રો તદ્દન ગંદાં, મેલાં અને ફાટેલાં હતા. પગમાં ઊઝરડા પડવાથી પગની ચામડી ફાટી ગઈ હતી.

એ ગળાગળા સાદે બોલ્યોઃ

'બા! મને ગરીબને નોકરીમાં રાખશો ?'

બાઇએ એની સામે ધારી ધારીને જોયું. એના હૈયામાં એક કંપારી પસાર થઇ ગઈ. એ રૂપાની ઘંટડી સમા મધુર અવાજે મીઠાશથી બોલીઃ 'ભાઇ, તને નોકરીમાં રાખીશ. ગભરાઇશ નહિ. હાલ તો તું ભૂખ્યો છે. તું તરસ્યો છે. તારી પાસે વસ્ત્રો નથી. તું થાકી ગયેલો છે. તું દુબળો પડી ગયેલો છે. પહેલાં ખા, પી, અને તને સ્વચ્છ નવાં વસ્ત્રો અપાવું છું. તે પહેર. પછી તારે માટે જુદી જગા કઢાવી રાખું છું, ત્યાં પથારીમાં સારી રીતે થોડા દહાડા આરામ લે. બરાબર તાજો થાય એટલે તારાથી પણ બની શકે એવું હળવું કામ તને આપીશ. તું જરા પણ ચિંતા કરીશ નહિ.'

શેઠાણીએ કીધા મુજબ બધી ચીજોનો અમલ કર્યો.

એકાદ મહિનામાં તો નોકર તદ્દન સાજો થઇ ગયો હતો, અને કામ પર લાગી ગયો હતો. એના અત્યારના દેખાવ ઉપરથી થોડા દહાડા પરના ભૂતના ભાઇ સરખા એવા હાલહવાલ અવતારની કોઇને કલ્પના પણ આવે એમ ન હતું. માત્ર એણે પોતાની દાઢી–મૂછો કઢાવી નાખી ન હતી.

શેઠાણી બધા નોકરોની ખૂબ પ્રેમથી સંભાળ રાખતી. એ વયમાં નાની હતી, પણ બધા નોકરોને એ પોતાનાં સંતાન સમાં ગણતી. જનેતા પણ ન રાખે એટલી કાળજી રાખી એ સર્વની સંભાળ રાખતી હતી. એમાં પણ આ ગરીબ, કંગાલ નવા નોકરની તો એ ખાસ કાળજી રાખી જાતે ચાકરી કરતી હતી. રોજ ને રોજ નોકર ડૂસકાં તાણી–તાણીને રડતો, રોજ ને રોજ એની આંખમાંથી ચોધાર આંસુ પડતાં.

આખરે એક દહાડો એ શેઠાણી એકલી બેઠી હતી ત્યાં એની પાસે ગયો.

પોતાની કમ્મરે છૂપાવી રાખેલો ધારદાર ચકચકતો છરો એણે બહાર કાઢ્યો. એ શેઠાણીના પગ આગળ મૂકી, હાથ જોડીને ઊભો રહ્યો.

શેઠાણીએ એની આ વિચિત્ર વર્તણૂંકનું કારણ પૂછ્યું.

નોકર બોલ્યોઃ 'બા, મને તમે ઓળખતાં નથી એટલે જ મારા ઉપર આટલું વહાલ વરસાવો છો. જાણી લો કે તમારી જિંદગી બરબાદ કરી, તમને આ જ છરા વતી ટૂંઠા કરી હાથ કાપી નાખનાર એ નીમકહરામ પાપી હું જ છું. આ છરો લો. મારા ગળા પર ફેરવી દો. તો જ મને સંતોષ થશે. તો જ મારાં પાપોનું પ્રાયશ્ચિત્ત થશે. આવી દેવબાળાને મેં પાપીએ જે નુકસાન કર્યું છે તેથી આજ વીસ વર્ષોથી મારા હૈયામાં પળે પળે સેંકડો વીંછીઓ ડંખ દેતા હોય એવી વેદના થઇ રહી છે. આજે મને જિંદગીથી ખતમ કરી નાખી વેરની વસૂલાત કરી નાખો.'

શેઠાણી નરમાશથી હસીને બોલીઃ 'ભાઇ, ઊઠ. મેં તો તું અહીં આવ્યો તે જ વખતથી મારા વેરની વસૂલાત કરી જ લીધી છે. વેરની વસૂલાત થઇ ગયા પછી કશું કરવાપણું રહેતું જ નથી.'

નોકર આશ્ચર્ય પામીને બોલ્યોઃ 'બા, આપ શું કહો છો? મારી સામે આપે આંગળી પણ ઊંચી કરી નથી. મને દયા, માયા ને સ્નેહના સાગરમાં આપે તો ડુબાડી દીધો છે. ત્યાં વેરની વસૂલાત કરવાની વાત જ ક્યાં આવી?'

શેઠાણી બોલીઃ 'ભાઈ, તું આવ્યો

Resi : 572585 Shp. Phone : 324334

**R. M. Shah & Company**

**CHEMISTS & MANUFACTURER'S REPRESENTATIVES**

135, Musjid Bunder Road,
BOMBAY-3.

**આર. એમ. શાહની કું.**

દવાવાળા.

ત્યારે તારા શરીર અને મોંની વિકૃત દશા છતાં, જોતાંની સાથે જ હું તને ઓળખી ગઇ હતી. મેં તે વખતથી જ તારી ઉપર વેર લેવા નક્કી કર્યું હતું અને મેં વેર લઈ લીધું.'

'બા, આપ બોલ્યાં એમાં હું જરા પણ ન સમજ્યો.' નોકર નમ્રતાથી બોલ્યો.

'વેર શત્રુ ઉપર લેવાનું હોય કે મિત્ર ઉપર?' શેઠાણીએ પૂછ્યું.

'શત્રુ ઉપર.'

'તારા આજના વર્તન ઉપરથી તું મારો શત્રુ છે એમ કદી હું માની શકું ખરી?' બાઇએ પૂછ્યું.

'ના બા, હું તમારો શત્રુ હવે કદી રહ્યો જ નથી.'

'તો પછી જે મિત્ર છે તેની ઉપર વેર લેવાનું હોય જ ક્યાંથી? હું તને શત્રુ માનતી જ નથી. તેં મારા જીવનની બરબાદી કરી નાખી, છતાં તારી ઉપર પ્રેમ રાખી મેં તને મિત્ર બનાવી દીધો. તું શત્રુ મટી મિત્ર બન્યો, એ પછી વેર લેવાનો પ્રશ્ન જ ક્યાં ઊભો થાય છે?'

'બા, આ બધી લાંબી વાતમાં મને બરાબર કાંઇ ન સમજાયું. શું ખરેખર હું એમ માનું કે મારા જેવા નીચ નામકહરામ કૃતઘ્નીનાં દુષ્કૃત્યો માટે તમે મને માફી આપી છે?' નોકર ડઘાઇને બોલ્યો.

'જરૂર...જો, ઈશ્વર કેટલો બધો દયાળુ છે! એ આપણને અનેક પાપોની ક્ષમા આપે છે. તો પછી આપણે પણ અન્યને ક્ષમા આપીને જ પ્રભુ ઉપરની આપણી શ્રદ્ધા દર્શાવવી જોઇએ કે નહિ? ભાઇ, તારા સર્વ અપરાધ તું આવ્યો ત્યારના જ મેં માફ કરી દીધા છે. હવે એ વાત સંભારીશ નહિ. બીજા નોકરો કરતાં પણ હું તારી વધારે કાળજીપૂર્વક સંભાળ લઇશ.' શેઠાણી બોલી.

નોકરે શેઠાણીનાં ચરણ પકડી લીધાં. એ રડયો, ખૂબ રડયો. ક્યાંય લગી એનું છાતીફાટ રુદન શમ્યું નહિ. આખરે એ બોલ્યો: 'માતા! તમે તો દયાનાં દેવી છો. તમે તો પ્રભુના આ જગત ઉપરનાં ફિરસ્તા છો. તમે તો મને માફ કર્યું, પણ મારો ભગવાન આવાં દુષ્કૃત્યો શી રીતે માફ કરશે? મારી જાતને હું શી રીતે માફ કરી શકીશ?'

બાઈ બોલી: 'ભાઈ, શુદ્ધ હૃદયથી કરેલાં પાપનો પશ્ચાત્તાપ કરવાથી પ્રભુ પાપ માફ કરે છે. અને ફરી બૂરાઇને રસ્તે ન ચાલવાની દૃઢ પ્રતિજ્ઞા કરી, એનું પાલન કરવાથી આપણું અંતઃકરણ પણ હળવું બની જાય છે, અને આપણે આપણને માફ કરી શકીએ છીએ. જા ભાઈ, હવે તારે કામે જા.'

જિંદગીના છેલ્લા દહાડા લગી નોકરે પોતાની શેઠાણીના પડછાયાની પણ પૂજા કરી એમ કહીએ તો ચાલે*

---

* લ્હાદિયા સ્ટુઅર્ટની એક અંગ્રેજી વાર્તા વાંચેલી, એનાં સ્મરણો ઉપરથી આધારિત.

" સહકાર આ યુગનો જીવન મંત્ર છે "

# ❋ સંસ્થા સમાજ અને સહકાર ❋

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ જૈન સમાજની કેન્દ્રસ્થ સંસ્થા છે. સમાજના અનેક પ્રકારના પ્રશ્નો ઉપર તેની સહાય માંગવામાં આવે છે, તેની સલાહ લેવામાં આવે છે અને તેની પાસેથી વિગતો માંગવામાં આવે છે. આપણી છૂટી છવાઈ વિખરાઈ ગયેલી શક્તિઓને એકત્રીત કરી સમાજને મધ્યબિંદુ રાખી કોન્ફરન્સની વ્યાસપીઠ ઉપર કાર્યો કરવામાં આવે તો જૈન સમાજની સ્થિતિ વધુ ગૌરવભરી બની શકે.

કોન્ફરન્સ જેવી સમાજ સેવાને વરેલી મોટી સંસ્થાએ ખૂબ મોટા પ્રમાણમાં અને ખૂબજ ઝડપથી પોતાની કાર્ય પ્રવૃત્તિને વિસ્તારવી જોઇએ; ત્યારે સંનિષ્ટ કાર્યકરો ઓછા થતા દેખાય છે! કોઈપણ જાહેર સંસ્થા ત્યારેજ પ્રવૃત્તિશીલ બની શકે કે જ્યારે એ સમાજ કે વર્ગને માટે કામ કરવા ઊભી થઇ હોય તે સમાજ કે વર્ગ તરફથી એને બધી રીતે પૂર્ણ સાથ અને સહકાર હંમેશને માટે મળતો રહે.

સમાજનો સાથ અને સહકાર એટલે એના ઊંચી શક્તિ અને સમજ ધરાવતાં નિઃસ્વાર્થ અને સેવા પરાયણ આગેવાનોનો સંસ્થા સાથે ઘનિષ્ઠ સંબંધ. આવો સંબંધ કોન્ફરન્સને મળે તો પોતાના ધ્યેયમાં અવશ્ય મહત્વના કાર્યો હાથ ધરી શકે.

જૈન સમાજના મધ્યમવર્ગ સિવાય સમાજ અને રાષ્ટ્રમાં એવા કેટલાય સવાલો રોજ–બ–રોજ ઉકેલતાજ રહે છે કે જેમાં શકિતશાળી જાહેર સંસ્થાજ યોગ્ય માર્ગદર્શન આપી શકે અને સંસ્થાને પ્રવૃત્તિશીલ રાખનારી મુખ્ય શક્તિ તો સમાજના આગેવાન કાર્યકરોજ છે. કોન્ફરન્સ તો આખા દેશ માટેની સંસ્થા છે. એટલે એના કાર્યકરો આખા દેશમાંથી મળવા જોઇએ. અને ઠેરઠેર એના નાના મોટા કેન્દ્રો ચાલવા જોઇએ. ઉપરાંત આપણે ત્યાં જેઓ નિવૃત્તિ જીવન ગાળતા હોય એવા, સમાજ સેવાની સૂઝ સમજ અને શકિત ધરાવતા મહાનુભાવો તથા ઉછરતી પેઢીના નવ જુવાનો પણ આ દિશામાં ઘણું કરી શકે.

**" સહકાર એ યુગનો જીવનમંત્ર છે "** એટલે પર્વાધિરાજના મંગલ દિવસોમાં જૈન સમાજને હાર્દિક વિનંતિ કે કોન્ફરન્સને પોતાથી બને તેટલો વધારેમાં વધારે તન, મન અને ધનથી સાથ સહકાર આપે. પૂ. સાધુ–સાધ્વીજી મહારાજાઓને પણ વિનંતિ કે જે સમાજે આ સંસ્થાનું સર્જન કર્યું છે. તેમણે જૈનધર્મની પ્રભાને વિશેષ તેજોમય બનાવી જ્યોતને જલતી રાખી છે આ જ્યોતને વધુ તેજસ્વી બનાવવા આપનો–પૂર્ણ સહકાર મળો.

અંતમાં સબળ અને ઉદાર જૈન સમાજ કોન્ફરન્સ જેવી પ્રસિદ્ધ સંસ્થાને પોતાની નૈતિક ફરજ સમજી પોતાની સેવાઓ અર્પણ કરે એવી મંગલ ભાવના.

૨૦ પાયધુની, ગોડીજી બીલ્ડીંગ
મુંબઇ–૨ BR.
તાર : 'હિંદુ સંઘ'

લિ. ભવદીય,
**શ્રી અભયરાજ હિરાચંદ બલદોટા**
પ્રમુખ, શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ,
ફોન : ૩૩૩૨૭૩

❁
જગત ગુપ્તા

# આધુનિક જીવદયા

**પશુ–પક્ષીઓને માત્ર ચણ કે ઘાસ નાખવું કે કતલખાનેથી છોડાવવા એ જીવદયા જરૂર છે. પરંતુ એથી ય ઉમદા જીવદયા તો તેમના જીવનમાં એકરાગ બનવાની છે. એવી જીવદયા બતાવી જતી સત્ય ઘટના.**

**—સંપાદક ]**

અમેરિકાના મિસિસિપી રાજ્યના પોપર વિલના રહેવાસી, ૪૭ વર્ષની ઉંમરના સજ્જન કેલર બ્રિલેન્ડને પરિચય કરવા જેવો છે. એ છે માનસશાસ્ત્રી ને ધંધો કરે છે જાનવર પાળવાનો !

જાનવર પાળવાનો ધંધો તો ઘણા લોકો કરે છે. પણ બ્રિલેન્ડની દૃષ્ટિ બીજાઓ કરતાં કંઈક જુદી છે. જાનવર પાળવામાં એનો હેતુ દૂધ, માંસ કે ઈંડા મેળવવાનો નથી. એ તો જાનવરોને નાચવું, કુદવું, ઊછળવું એવા એવા ખેલ શિખવાડે છે. આ બધું કેળવણી શાસ્ત્ર અને પશુ–મનોવિજ્ઞાનના સિદ્ધાંતો અનુસાર કરવામાં આવે છે.

આજ સુધીમાં બ્રિલેન્ડ, એની પત્ની માનસશાસ્ત્રી સાથીદાર મેરિયને ચાલીસ જાતનાં જાનવર પાળ્યાં છે, જેમાં ભીમકાય વહેલથી લઇ નાના હેમસ્ટર ઉંદરનો પણ સમાવેશ થાય છે. એમાં સુવ્વર, કૂતરાં, બિલાડી અને મરઘાં તો છે જ. બ્રિલેન્ડ દંપતી આજ સુધીમાં લગભગ સાત હજાર જાનવરોને જાહેરખબરની રીતો અને જુદી જુદી જાતના ખેલ શિખવાડી ચૂકયા છે.

બ્રિલેન્ડની આ જાનવરશાળાને આપણે અજાયબ ઘર પણ કહી શકીએ, કેમકે અહીંનાં આ જાનવરો ભાતભાતના ખેલ કરે છે. અહીં મરઘીઓ જ્યૂક બોકસનું બટન દબાવી ફિલ્મી રેકાર્ડ વગાડે છે ને એના સ્વર પર નાચે છે. મરઘાં ટોળીઓ બનાવી બેઝ બોલની રમત રમે છે. જો કે સવારે બાંગ પોકારવાનું હજી એમણે બંધ નથી કર્યું !

રેકૂન, જેનું શરીર કૂતરા જેવું અને મોઢું સુવ્વર જેવું હોય છે, હોશિયારીથી બાસ્કેટ બોલની રમત રમે છે. રેન્ડિયર છાપખાનું ચલાવે છે. બતકો સમયે સમયે પિંજરામાંથી બહાર નીકળી પાસે રાખેલ એક ધાતુની પ્લેટને ચાંચ મારે છે. આ પ્લેટ યંત્રથી

ચાલતા ડંડાને સક્રિય બનાવતાં, ડંડો બાજુમાં પડેલ નગારું વગાડવા લાગે છે.

સસલાં પિયાનો વગાડે છે અને સાત આઠ ફૂટ દૂરનાં નિશાન પર દડો ફેંકવાની કસરત પણ કરે છે. એ જ પ્રમાણે બકરીઓ, કૂતરાં, સુવ્વર વગેરે જાત જાતનો ખેલ કરી બતાવે છે.

આ ખેલ એમને બ્રિલેન્ડે શિખવાડયા છે. બ્રિલેન્ડની શાળામાંથી કેળવણી પામેલ આ માનવેતર વિદ્યાર્થીઓની ઘણી ટોળીઓ આજે અમેરિકાના જુદા જુદા ભાગોમાં પોતાનો ખેલ બતાવી રહી છે.

પોતાનો ખેલ બતાવતાં આ જાનવરોને એક પ્રલોભન પણ હોય છે. એમનો ખેલ પૂરો થતાં એમને ઇનામ તરીકે કંઇક ખાવાનું આપવામાં આવે છે. એટલે એ ખેલ દેખાડતાં જાય છે ને ઇનામ મેળવતાં જાય છે. માલિકને ખુશ રાખવો એ એમને મન ખૂબ અગત્યનું છે. પણ એક જાનવર એવુંયે છે, જે પોતાની મરજી મુજબ જ ચાલે છે. એ છે સૂંસ.

ઇ. સ. ૧૯૫૫ માં ફ્લોરિડાના મેરાઇન સ્ટૂડિયોએ બ્રિલેંડ દંપતીને પોતાનાં સૂંસને કેળવવા માટે રોકયાં. એ પહેલાં એક જર્મન પશુશિક્ષક અનેક વર્ષોના પ્રયત્ન પછી એમને ફક્ત એક-બે ખેલ જ શિખવાડી

Phone : 321925

Gram : KIRTIRAJNI
Bombay–Mandvi.

# Maneklal & Sons

WORK SHOP,
SHEET-MAETAL AND
WOOD-WORKING
MACHINERY MERCHANTS.

★ SHOW ROOM & SALES DIVISION ★

277, Nagdevi Street, BOMBAY-3-BR.

શકયો હતો. બ્રિલેન્ડે પહેલાં એમનો અભ્યાસ કરી શોધી કાઢ્યું કે આ જાનવરોને કેળવવા માટે સામાન્ય રીત ઉપયોગી થઈ શકે એમ નથી, કારણકે એ જાનવર પોતાની ઇચ્છા પ્રમાણે વર્તનારાં છે. એમને એ જાણવાની પરવા નથી કે એમનો માલિક કડક છે કે નરમ, સજ્જન છે કે દુર્જન! એટલે પશુઓ સાથે નરમાશથી કામ લેનાર બ્રિલેન્ડે આ જાનવરોને સજા કરવાનું નક્કી કર્યું—કામ કરો તો ખાવા મળશે, નહિ તો નહિ! એનું પરિણામ ધાર્યું આવ્યું. સૂંસ સીધાં-દોર થઈ ગયાં. બ્રિલેન્ડે બતાવી આપ્યું કે સૂંસ માણસ કરતાં પણ વધુ ચપળ હોય છે.

કોઈ એવાં પણ જાનવર મળે છે કે તનતોડ મહેનત કરવા છતાં બ્રિલે-ન્ડને સફળતા મળતી નતી. એક વાર એક રેકૂનને એણે સિક્કો ઊંચકી બાળકોની બેંકમાં જમા કરે એ શિખવાડવાનો પ્રયત્ન કર્યો. રેકૂન સિક્કો ઊંચકતું જરા ચાલતું, સિક્કાને બેંકની આજુબાજુ ઘસતું પણ એમાં નાખતું નહિ. અનેક વ્યર્થ પ્રયત્નો પછી પણ બ્રિલેન્ડ એને એ શીખવી શકયો નહિ, ત્યારે એણે એને બીજું કામ શીખવ્યું.

જાનવરોને કેળવવામાં બ્રિલેન્ડ જે સિદ્ધાંતનો ઉપયોગ કરે છે એ છે 'કંડીશનીંગ' નો સિદ્ધાંત. એ સિદ્ધાંત પ્રમાણે કોઈપણ પ્રાણીના વ્યવહાર પર એના વારસાગત ગુણ કરતાં પણ વાતાવરણનો પ્રભાવ વધારે પડે છે. એક વખત એમના મગજમાં એમ ઠસાવવામાં આવે કે આમ કરવાથી આમ થશે તો એ ઘણા બદલાઈ જાય છે. એમને એમ ખબર પડે કે અમુક કામ કરવાથી ખાવાનું મળશે, તો પછી તેઓ એ કામ કરશે જ, પણ એમાં કયારેક મળતી નિષ્ફળતા એમ બતાવે છે કે આ સિદ્ધાંત સંપૂર્ણ તો નથી જ.

**Brothers Corporation**

: **Dealers in** :

G. I. Pipes, Pipefittings, Hardware,
Tools & Sanitary ware.

142, **Kika Street,** (Gulalwadi) **Bombay–4** (BR)

બ્રિલેન્ડના કહેવા પ્રમાણે સહુથી બુદ્ધિમાન પશુ છે સુવ્વર. એણે કેળવેલાં સુવ્વર સૂઈ ઊઠ્યા પછી રેડિયો વગાડે છે. મેજ પર બેસી પ્લેટમાં ભોજન કરે છે, મેલાં અને ગંદા કપડાં ઊંચકી ધોવાના મશીનમાં નાખે છે.

સુવ્વર પછી કૂતરાં, બિલાડી અને રેકૂન આવે છે. પરંતુ કૂતરાં સાથે કામ કરવાનું બ્રિલેન્ડને ગમતું નથી. કૂતરાં એટલા લાગણીશીલ હોય છે કે પોતાના શિક્ષકને છોડવા તૈયાર નથી થતાં. બિલાડી દ્વિમુખી હોય છે તે પોતાની આરામની અને શિકારની ચિંતા પહેલાં કરે છે.

હૉટ સ્પ્રિંગને છેડે બ્રિલેન્ડ કેલરની જાનવરશાળા 'એનીમલ બિહેવિયર એંટરપ્રાઇઝ' ૨૮૦ એકર ભૂમિ પર પથરાયેલી છે. આ સંસ્થાની વાર્ષિક આવક આશરે પાંચ લાખ ડૉલર એટલે કે લગભગ ૨૫,૦૦,૦૦૦) રૂપિયા છે. એમાં ૧૪ માણસો કામ કરે છે. સંસ્થા પાસે પોતાની પ્રયોગશાળાઓ પણ છે. બ્રિલેન્ડ પોતાની વાર્ષિક આવકનો મોટો ભાગ આ સંસ્થાના વિકાસ માટે ખર્ચે છે.

★

Tel. No.: 70538 Grams: "MOTORBODY"

# RUBY INDUSTRIES

## Coach Builders

75 Dr. Annie Besant Road,

**Worli, BOMBAY-18.**

# મૃત્યુ તમારી પાસે શરણુ માગે છે....

## વિદ્યાભૂષણ શ્રીરશ્મિ

તમે કહેશો કે, 'સાવ ખોટી વાત. મૃત્યુ ક્યાં આપણું શરણ શોધે છે? ઊલટાના આપણે જીવધારીઓ જ એનો આશ્રય શોધીએ છીએ!' પણ હું વિનમ્ર ભાવે કહીશ કે તમે સમજવામાં જરા ભૂલ કરી છે. ખરી રીતે મૃત્યુ જ તમારી પાસે આશ્રય માગે છે. અસંખ્ય વર્ષોથી સતત પ્રયત્નશીલ રહેવા છતાં એ તમને •તમારા આત્માને હણી શક્યું નથી. સમયના આટલા લાંબા ગાળામાં પણ એ એક આત્માનો નાશ કરવામાં સફળ થઇ શક્યું નથી. તો પછી પરાજય કોનો, તમારો કે મૃત્યુનો? પહેલાં પાશ્ચાત્ય જગત માનતું હતું કે મૃત્યુની સાથે જ જીવનનો અંત આવી જાય છે–જીવન પર મોતનો વિજય થાય છે, પણ હવે એ પણ કહેવા લાગ્યું છે કે, 'જીવન અપરાજેય છે. મૃત્યુ પછી પણ જીવન હયાત રહે છે. એ ક્યારેય મરતું નથી.'

અદ્યતન ખ્રિસ્તી જગતના વિખ્યાત ધર્મ–પ્રચારક નોર્મન વિન્સેન્ટ પીલનું કહેવું છે કે, 'પચાસ વર્ષ દરમિયાન જીવન મરણની સમસ્યાઓને ઉકેલવાનો પ્રયત્ન કરતાં મને જે અનુભવો થયા છે, તેને આધારે હું કહી શકું છું કે, મૃત્યુ એ જીવનની સમાપ્તિ નથી, પણ વધુ મોટા વિસ્તારની ઉપલબ્ધિ છે. મૃત્યુ તો માત્ર બે જીવન વચ્ચેની સીમારેખા જ છે.'.

જાણીતા માનસશાસ્ત્રી ડો. કેનેથ વોકર પણ કહે છે કે 'પ્રાણી ફરી ફરી જન્મે છે. પુનર્જન્મનો અસ્વીકાર નહીં કરી શકાય. પણ મૃત્યુ અને પુનર્જન્મ વચ્ચે જે તૂટેલી કડી છે તેનું રહસ્ય જ્યાંસુધી વૈજ્ઞાનિકો નહીં પામી શકે ત્યાંસુધી, પુનર્જન્મનાં બધાં પાસાં સ્પષ્ટ નહિ થાય.'

પુનર્જન્મનાં બધાં જ પાસાંઓની બાબતમાં તો ભારતીય તત્ત્વજ્ઞાન પણ અંધારામાં જ છે. હકીકતમાં આ એક એવો વિષય છે કે એમાં ગમે તેમ નિષ્કર્ષ પર ન પહોંચી શકાય. પ્રબુદ્ધ વિચારક સ્ટાવર્ટ વ્હાઇટના શબ્દોમાં કહીએ તો, 'આપણું જગત જડ છે અને મૃત્યુ પામેલાઓનું જગત ચૈતન્યના અત્યંત વેગને કારણે સૂક્ષ્મ છે. આને કારણે આપણી દૃષ્ટિ પેલા જગત સુધી નથી પહોંચી શકતી.'

અહીં એક પ્રશ્ન થાય છે કે, જો માણસ ફરી ફરીને જન્મે છે તો એને પોતાનું પાછલું જીવન કેમ યાદ નથી રહેતું? અર્વાચીન સમયના સર્વોત્તમ માનસશાસ્ત્રી ફ્રોઇડે એનો જવાબ આ રીતે આપ્યો છે કે, જન્મ સમયની વ્યથા અને યંત્રણા એટલી તીવ્ર અને

દુઃખદ હોય છે કે એને કારણે માનસ-પટ હંમેશને માટે શૂન્ય થઈ જાય છે. જન્મ વેળાની આ વેદના માનસશાસ્ત્રીય વિશ્લેષણમાં ઘણીવાર ઉપર આવે છે. આ જ રીતે યુવાવસ્થામાં પ્રૌઢાવસ્થામાં થતો પ્રવેશ પણ અતિ કપરો હોય છે. કેટલાય આઘાતો એવા લાગે છે, જેથી પહેલાંની ઘણી વાતો સ્મૃતિમાંથી સરી જાય છે.'

પણ ડૉ. વોકર ફ્રોઈડના આ કથન સાથે સહમત થતા નથી. તેઓ કહે છે કે જન્મ વેળાએ માનવ-મગજની જે અવસ્થા હોય છે, તેની સાથે ફ્રોઈડની દલીલનો મેળ બેસતો નથી. એમનું કહેવું છે કે 'જન્મ વેળાએ બાળકનું મગજ કીડા-પતંગિયા જેવું હોય છે. એ વખતે બાળક માત્ર શારીરિક કાર્યો જ કરી શકે છે. દા. ત. શ્વાસ લેવો, ગળી જવું, ચૂસવું વગેરે. વિચારો અને સ્મૃતિઓ તો ત્યારે એની શક્તિની બહાર જ હોય છે. મારા ખ્યાલ પ્રમાણે તો આપણને પૂર્વજન્મ યાદ નથી રહેતો. કારણ કે ચયન કરવું એ પ્રકૃતિનો સનાતન ગુણ છે. એ માત્ર આવશ્યક એટલી જ અનુભૂતિઓ અને સાધન-સામગ્રીને રહેવા દઈને બાકીનાનો નાશ કરે છે.'

આમ આ બે પરસ્પર વિરોધી મતો છે. આમાં સાચું કોણ છે અને સાચી વાત શું છે, એ ચોક્કસપણે કહી શકવું મુશ્કેલ છે. હકીકતમાં આ હજુ વૈજ્ઞાનિક શોધખોળનો વિષય છે. પણ એટલું નક્કી લાગે છે કે આત્મા શરીર સાથે નાશ પામતો નથી. એ અમર છે અને જરૂર પ્રમાણે પોતાનું શરીર બદલે છે. સામાન્ય રીતે આત્મા તદ્દન નવો જ દેહ ધારણ કરે છે, પણ કોઈ કોઈ વાર એ બીજા આત્માના દેહ સાથે પોતાના દેહની અદલ બદલ પણ કરે છે. આ બન્નેને લગતાં પ્રમાણો અદ્યતન જગતને મળ્યાં છે.

પહેલાં નવો દેહ ધારણ કરવા વિષે વાત કરીએ. જેને પુનર્જન્મના પક્ષમાં અત્યંત સબળ પુરાવો ગણી શકાય, એવું એક તથ્ય, આ ક્ષેત્રમાં જાણીતા સંમોહન-વિજ્ઞાન-વિશેષેરા મોરે બર્ન્સ-

*Phone : 332511* *Gram :* **CARTOON**

SHANTILAL & Co.

**Manufacturers of :**

All Kinds of Card Board and Corrugated Boxes and Printers.

*99, Banian Road,* **BOMBAY-3.**

ટીને રજુ કર્યું છે. આજથી અગિયાર વર્ષ પહેલાં, ૧૯૫૨ ના નવેમ્બરમાં એમણે રૂથ સિમંસ નામની એક સ્ત્રી પર સંમોહન (હિપ્નોટીઝમ)ના પ્રયોગો કર્યા હતા. ઈ. સ. ૧૯૨૩માં અમેરિકાના આયોવા રાજ્યમાં એ સ્ત્રીનો જન્મ થયો હતો. પ્રયોગ વેળાએ એ રેકસ સિમંસ નામના એક વીમા એજન્ટની પત્ની હતી. સંમોહનાવસ્થામા એ સ્ત્રી પોતાની ૧૪૬ વર્ષ પહેલાંની, એટલે કે ઈ. સ. ૧૮૦૬ ની અવસ્થામાં પહોંચી ગઈ અને એણે એ સમયની પોતાની સ્થિતિ વિષે જે કંઈ માહિતી આપી તે અક્ષરશઃ સાચી પુરવાર થઈ. બ્રિટિશ ઇન્ફર્મેશન સર્વિસે પણ એ આપેલી માહિતીને પુષ્ટિ આપી. સંમોહનાવસ્થામાં એ સ્ત્રીએ કહ્યું કે એ આયરલેન્ડની રહેવાસી હતી. એનું નામ બ્રાઈડી મર્ફી અને પિતાનું નામ ડંકન મર્ફી હતું. તેઓ બેરિસ્ટર હતા. એ મિસ સ્ટ્રેનની શાળામાં ભણતી હતી. એના પતિનું નામ બ્રિયન મેકાર્થી હતું. એ બેરિસ્ટરનો દીકરો હતો, તેમજ પોતે પણ બેરિસ્ટર હતો એ સેંટ ટેરેસાના દેવળમાં અર્ચના કરવા જતી. ત્યાંના પાદરીનું નામ ફાધર જોન હતું. એ પોતે પ્રોટેસ્ટન્ટ હતી, પણ એનો પતિ કેથોલિક હતો. ૬૬ વર્ષની વયે દાદર પરથી પડી જતાં એનું મૃત્યુ થયું હતું તે દિવસે રવિવાર હતો. એણે એમ પણ જણાવ્યું કે ફાધર જોનના કહેવા પ્રમાણે એનો આત્મા કોઇ વિશુદ્ધ સ્થળે જવાનો હતો, પણ એમ ન બન્યું. એટલે મૃત્યુ પામ્યા પછી પણ ફાધર જોન જીવતા રહ્યા ત્યાં સુધી એ પોતાના ઘરમાં જ રહી. જ્યારે તેઓ મૃત્યુ પામ્યા ત્યારે એણે એમને કહ્યું કે તેઓ જૂઠું બોલ્યા હતા. ત્યાર પછી પતિનું ઘર છોડી એ પોતાને પિયર જઇ રહેવા લાગી. છેવટે ઈ. સ. ૧૯૨૩માં આયોવામાં એનો જન્મ થયો. મૃત્યુ પછીના જીવન વિષે એણે કહ્યું કે એ જીવન પૃથ્વી પરના જીવન કરતાં સારૂં નહોતું. એ અવસ્થામાં મન ફાવે તેમ કરી શકાતું નહિ. લાંબા સમય સુધી કોઈની સાથે વાતો પણ કરી શકાતી નહિ. ખાવા–પીવાની પણ જરૂર ન પડતી. આ જીવનમાં એ સ્ત્રી આયરિશ ભાષાથી તદ્દન અજાણ હતી. છતાં સંમોહનાવસ્થામાં તેણે આયરિશ ભાષામાં વાતો કરી હતી. કેટલાક લોકોએ આશંકા વ્યક્ત કરી કે કદાચ બ્રાઇડી મર્ફી કે મર્ફી કુટુંબ વિષે કોઇ પુસ્તક લખાયું હશે અને એને આધારે આ સ્ત્રીએ બધી વાતો કહી હશે. પણ તપાસ કરતાં માલુમ પડયું કે આ રીતનું કોઈ પુસ્તક ક્યારે ય પ્રગટ થયું નહોતું. વળી તે કદી આયરલેન્ડ ન ગઈ હોવા છતાં, કોઇ પુસ્તકમાં પણ ન હોય એવી ઝીણવટભરી માહિતી એણે આપી હતી. એના ઘરમાં કેટલા ઓરડા હતા, રસોડું કયાં હતું. ઘરની સામે કયાં કયાં વૃક્ષો હતાં વગેરે પણ એણે કહ્યું હતું.

પુનર્જન્મ વિષે આથી સબળ પુરાવો બીજો શું હોઇ શકે? આ સંમોહનના પ્રયોગે પુનર્જન્મના સિદ્ધાંતના વિરોધીઓની દલીલોને તોડી પાડી. આ ઉપરથી એટલું તો સ્પષ્ટ કહી શકાય કે દેહત્યાગ પછી આત્મા અહીં-તહીં ભ્રમણ કરતો રહે છે અને પછી નવું શરીર ધારણ કરીને આ જગતમાં પાછો આવે છે.

મુરાદાબાદમાં સ્વામી ગોપાલતીર્થના આશ્રમમાં વિદ્યાભ્યાસ કરી રહેલ, દસ-સાડાદસ વર્ષની બાળા કલ્પના પણ પુનર્જન્મનું એક સારું ઉદાહરણ છે. ઈ. સ. ૧૯૫૩ ના જાન્યુઆરીની છવ્વીસમીએ આ બાળાનો જન્મ થયો હતો. તે માત્ર ત્રણ વર્ષની હતી ત્યારે જ વેદમંત્રોનો પાઠ કરી રહેલા પોતાના ગુરુ સ્વામીજીની ભૂલ એણે સુધારી હતી. કેટલાક મહિનાઓ પછી બીજા બે વિદ્વાનોની ભૂલો પણ એણે પકડી પાડી હતી. ઈ. સ. ૧૯૬૦ માં માત્ર સાત વર્ષની વયે આ છોકરીએ રાજસ્થાનના રાજ્યપાલની સામે પોતાનું વેદવિષયક જ્ઞાન વ્યક્ત કર્યું હતું. એને ચારેય વેદ મોઢે છે. વેદ મંત્રોના ઉચ્ચારો બહુ જ મુશ્કેલ છે એ જાણીતું છે. મહર્ષિ દુર્વાસાના ઉચ્ચારોમાં પણ ભૂલ થયેલી અને સરસ્વતી તેમના પર કટાક્ષ પૂર્ણ રીતે હસી હતી. પણ આટલી નાની બાળાના ઉચ્ચારોમાં

એકેય ભૂલ નહોતી પડી. જયપુરના કેટલાક પંડિતોએ એની પરીક્ષા લેવાના હેતુથી કેટલાક એવા મંત્રોનો પણ ઉલ્લેખ કર્યો હતો. જે સામાન્ય રીતે પ્રચલિત નથી. આ બાળાએ માત્ર એ મંત્રો બોલી સંભળાવ્યા એમ નહીં, પણ એ બધા કયા વેદમાં છે એ પણ બતાવ્યું. સ્વામી ગોપાલતીર્થ તથા અન્ય આશ્રમવાસીઓનું કહેવું છે કે કલ્પનાને કદી વેદોનો અભ્યાસ કરાવવામાં આવ્યો નથી. ત્રણ વર્ષની વયે વેદો ભણાવી પણ ન શકાય. 'ચોક્કસ

With Best Compliments From :- Phone : 582

हेमेन्द्र मोटर स्टोर्स

**HEMENDRA MOTOR STORS**

* Automotive Specialists *

**Dealers in :**

Motor Spare Parts, Tyres, Tubes, Accessories,
Bearings & Machinery Parts etc., etc.

**Chandekar Bhavan, AKOLA** (Maharastra)

પોતાના પુર્વજન્મના અભ્યાસને કારણે જ કલ્પના વેદવેત્તા છે.' સ્વામીજીના આ કથન સાથે ભાગ્યે જ કોઇને મત-ભેદ હોય !

આત્માની નવું શરીર ધારણ કરવા વિષેની વાત આ પ્રસંગથી પણ પુષ્ટિ પામે છે. જો કે કયારેક કયારેક એક આત્મા બીજા આત્માના શરીરમાં પણ પ્રવેશ કરે છે. ઈ. સ. ૧૮૭૪માં આનો એક અત્યંત સબળ પુરાવો મળી આવ્યો હતો. એ વર્ષે રશિયામાં એક અતિ ધનિક યહૂદી માંદો પડી ગયો અને ૨૨મી સપ્ટેમ્બરે તો એની હાલત એટલી ગંભીર થઇ કે છેલ્લી ઘડી આવી લાગી એમ માનીને લોકોએ પ્રાર્થના વગેરે કરવાનું શરૂ કરી દીધું. પણ થોડી જ વારમાં એની સ્થિતિ સુધારવા લાગી. એણે એક વાર આંખો ખોલીને પછી થાકયો-પાકયો હોય તેમ સૂઇ ગયો. બીજે દિવસે જ્યારે એ ઊંઘીને ઊઠયો ત્યારે એની સ્થિતિ તદ્દન જુદી જ હતી. ત્યારે એ પોતાનાં સગાં-સંબંધીઓને ઓળખતો નહોતો અને એમની ભાષા પણ સમજી શકતો નહોતો. પોતાની માતૃભાષા ઇદ્દીશની અને રશિયન ભાષા કરતાં કોઇક જુદી જ ભાષા એ બોલતો હતો. જ્યારે એણે અરીસામાં પોતાનું મોઢું જોયું ત્યારે એ જોરથી ચીસ પાડી ઊઠયો અને ઘર મૂકીને ભાગવા લાગ્યો ડોકટરોએ એને ગાંડો જાહેર કર્યો અને એક ઓરડામાં એને પૂરી દીધો. સ્વાભાવિક રીતે જ આ અદ્દભૂત સમાચાર દાવાનળની જેમ ચોપાસ પ્રસરી ગયા. સરકારી ડોકટર એની તપાસ કરવા આવ્યા. હવે ખબર પડી કે તે અંગ્રેજી ભાષા બોલતો હતો અને લેટિન લિપિમાં લખતો પણ હતો. આ પરથી એ ગાંડો હતો એ માન્યતા ખોટી પુરવાર થઇ એટલે અંતે સેન્ટ પીટ્સબર્ગના ચિકિત્સા-વિશ્વવિદ્યાલયમાં લઇ જવામાં આવ્યો. ત્યાં એણે

With Best Compliments

From

**Bharat Waterproof Paper Mfg., Co.**

12/14 Dariyasthan Street
BOMBAY-3.

કહ્યું કે–મારી સાથે આ એક વિચિત્ર જાતની રમત રમાઇ ગઇ છે. હું ઉત્તર અમેરિકાના બ્રિટિશ કોલંબયાના ન્યૂ વેસ્ટ નગરનો રહેવાસી છું. મારૂં નામ ઇબ્રાહિમ ડરહમ છે, નહીં કે ઇબ્રાહિમ ચારકો. મારી એક પત્ની છે અને એક દીકરો છે. પહેલાં હું લંગડો હતો. આ શરીર મારૂં નથી. કોણ જાણે આ બધું શું થઇ ગયું, શાથી થઈ ગયું !' એના આ કથનને આધારે ન્યુ વેસ્ટ નગરમાં તપાસ કરતાં માલૂમ પડયું કે ત્યાં પણ બરાબર આવો જ એક બનાવ બન્યો હતો. ઇબ્રાહિમ ડરહમ નામનો એક વેપારી ગંભીર માંદગીમાંથી મુક્ત થતાં ૨૨ મી સપ્ટેમ્બરે એ જ દિવસે ગાંડો થઇ ગયો હતો. એ પોતાને ઇબ્રાહિમ ચારકો તરીકે ઓળખાવતો હતો અને ઇબ્રાની તથા રશિયન ભાષાઓ બોલતો હતો. હવે પરિસ્થિતિ સ્પષ્ટ થઈ કે એ બન્ને વ્યક્તિઓના આત્માઓએ શરીર બદલ્યાં હતાં.

કેટલાંક વર્ષો પહેલાં બરાબર આવો જ બનાવ ઉત્તરપ્રદેશના અલીગઢ જિલ્લામાં બન્યો હતો. આ જિલ્લામાં હેબતપુર નામનું એક ગામ છે. આ ગામના એક બ્રાહ્મણનો ૭ વર્ષનો પુત્ર રમેશ સખ્ત રીતે માંદો પડયો અને ઘણી ચિકિત્સા તથા સેવા શુશ્રૂષા પછી સાજો થયો. પણ હવે એ બાળક એક જ વાત બોલ્યા કરતો કે કોઇ ભૂતણીએ એના પર જાદુ કરી દીધું છે. એ ઘર પણ એનું નહોતું અને એ શરીર પણ એનું નહોતું. એણે કહ્યું, 'હું રમેશ છું. મારૂં ઘર ધર્રામાં છે. (ધર્રા હેમતપુર ગામથી ૭ માઇલ દૂર આવેલું એક પરું છે.) અને હું બાળક પણ નથી. મારી ઉંમર ૩૧ વર્ષની છે, મારી પત્ની છે, મારાં બાળકો છે. હું અહીં કેવી રીતે આવી ગયો, બાળક કેવી રીતે થઈ ગયો, કંઇ સમજાતું નથી. એના ઘરના લોકોએ ધર્રાના રમેશની તપાસ કરી. જે દિવસે આ બાળક લાંબા

Phone : 327556
Gram : "CARBOSTEEL" (MD)
IMPORTERS & STOCKISTS
HIGH SPEED, STAINLESS,
CARBON & ALLOY STEEL
92-A, Memonwada Road,
Dada Mansion,
BOMBAY-3.

CAMBAY
TOOL STEEL CO.

સમયની માંદગી પછી ભાનમાં આવ્યો હતો. તે જ દિવસે ઘરનો રમેશ મૃત્યુ પામ્યો હતો. પણ ખરેખર કોણ મૃત્યુ પામ્યું હતું તે સત્ય તો બાળક રમેશના કુટુંબીઓ જ જાણતા હતા.

આત્માઓનું આ દેહપરિવર્તન એ તથ્ય તરફ અંગુલીનિર્દેશ કરે છે કે દેહત્યાગ કરીને પણ આત્મા તો જીવિત જ રહે છે. હા, પણ એનો આભાસ આપણને ત્યારે જ મળે છે જ્યારે એ દેહ ધારણ કરે છે. પણ કેટલાક લોકો એવો દાવો કરે છે કે તેઓ શરીરહીન આત્માઓ સાથે પણ સંપર્ક સાધી શકે છે. આવા આત્માઓને તેઓ 'પ્રેતાત્મા' તરીકે ઓળખાવે છે. નોર્મન વિન્સેન્ટ પીલે એક જગ્યાએ લખ્યું છે કે એક પાદરી હોવાને કારણે એવા કેટલાય લોકો સાથે મારે સંબંધ રહ્યો છે, જેઓ પ્રેતાત્માઓનો સાક્ષાત્કાર કરવાની શક્તિ ધરાવે છે.' નોર્મન વિસેન્ટ પીલ એક વિદ્વાન અને અદ્યતન વૈજ્ઞાનિક વિચારો ધરાવતા માણસ છે, એટલે એમની વાતોને અવિશ્વસનીય માનવાને કારણ નથી. તેઓ કહે છે કે, 'પ્રેતાત્માઓના જગતમાં એમને અપાર સૌંદર્યનાં દર્શન થાય છે, અને સાથે પરિચિત ચહેરાઓ પણ દેખાય છે.'

હવે જરા વિચાર કરીને જવાબ આપો કે મૃત્યુથી તમે પરાજિત છો કે તમારાથી મૃત્યુ પરાજિત છે? કોણ કોનું શરણ શોધે છે?

★

Grams : **SUKESHI** Phone : 334238

Please Contoct For.
ALLOY TOOL STEEL.
AND

◀ High SPeed Steel
◀ O. H. N. S. Steel
◀ Stainless Steel
◀ High Carbon High Chrome
◀ Carbon Steel
◀ Nickle Chrome Steel
◀ Hot Die Steel

**UNITED STEEL AGENCY**
(India) 92, Nagdevi Street, **BOMBAY-3.**

# સમાલોચના

## સમાલોચનાની સમાલોચના.

સુરેન્દ્રનગરથી નીકળતા "જૈનોદય" સાપ્તાહિકના પાન નં. ૯૬ તા. ૪-૯-૬૪ના અંકમાં **જૈનોદય એક પ્રસ્થાન આગળ ભરે છે. એ** વાંચી પ્રથમ નજરે આનંદ અનુભવ્યો. આજે જૈન સમાજ અનેક પ્રકાશનો બહાર પાડે છે. એની સમાલોચના કોઇ જાહેરમાં કરે ને તે નિયમિતપણે પત્રમાં થતી રહે એ આનંદની વાત છે. જૈનોદય એ શરૂઆત કરે છે તે સમાચારથી આનંદ થયો.

પરંતુ જ્યારે એ જ વિભાગમાં પ્રગટ થયેલી **'વંદના'** ની સમાલોચના વાંચી ત્યારે મનમાં થયું કે શું આ સમાલોચના છે? જો એવીજ સમાલોચના એ વિભાગમાં પ્રગટ થવાની હોય તો તે નકામા પાના જ ભરવા બરાબર થશે.

**'વંદના'** ના સમાલોચક લખે છેઃ—"જૈન સમાજના ઉગતા શ્રદ્ધા સંપન્ન યુવાન કવિ શ્રી બંસીલાલ શાહે પ્રસ્તુત પુસ્તિકામાં અનંત ઉપકારી તીર્થંકર ભગવંતના ગુણગાન ભાવવાહી શૈલીએ સુંદર સામગ્રીમાં પીરસ્યા છે. ૩૨ પાનાની આ લઘુ પુસ્તિકામાં ગઝલ, દુહા, રાસ તથા તથા ચલચિત્રોના પ્રસિદ્ધિ રાગો પરથી સ્તવન સંગ્રહ સચિત્ર રૂપે ગુંથીને પ્રકટ કર્યો છે. મુખપૃષ્ઠ સુંદર ડીઝાઇનથી આકર્ષિત છે. એક વખત હાથમાં લેતા હૈયામાં વસી જાય તેવું રોચક પ્રકાશન છે."

સાંપ્રત વિવેચન સાહિત્યનો કોઇપણ અભ્યાસી ઉપરોક્ત સમાલોચનાને સમાલોચના તરીકે નહિ સ્વીકારે. કોઈપણ પુસ્તકની સમાલોચનામાં એ પુસ્તકમાં કયા વિષયો છે, તેમાં નવીનતા શું છે, સમાજને આપવા માટે એ પુસ્તકમાં શું છે, અગાઉ પ્રગટ થઇ ગયેલા તે જ વિષયોના પુસ્તક કરતાં તે પુસ્તકમાં શું વૈવિધ્ય છે, અરે! એ જ પુસ્તકના લેખકે અગાઉ લખેલા પુસ્તક કરતાં તેમાં કંઈ નવું પ્રસ્થાન છે કે નહિ, વિષયને અનુરૂપ ભાષા, કલ્પન કે અલંકાર છે કે નહિ, આ ને આવું બીજું ઘણું પુસ્તકની સમાલોચના વખતે ધ્યાન રાખવું જોઇએ. પ્રસ્તુત **'વંદના'** ની સમાલોચના જો તેવી અભ્યસનીય બની હોત તો વાચકને તે **'વંદના'** વધુ ઉપયોગી બની રહેત,

પણ કંઇ નહિ, ફરીના પ્રસંગે **'જૈનોદય'** ના **સમાલોચક** સમાલોચના વખતે આ સમાલોચનાની સમાલોચના ધ્યાન રાખશે તો જરૂરથી **'જૈનોદય'ના સમાલોચના** વિભાગ સાર્થક બનશે.

# આભાર અને અભિવાદન

બુદ્ધિપ્રભા છેલ્લા પાંચ વરસથી નિયમિત પ્રગટ થતું રહ્યું છે. જો કે તેની પ્રથમ શરૂઆત તો અધ્યાત્મ જ્ઞાન દીવાકર, યોગનિષ્ઠ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી હયાત હતા ત્યારે જ થઈ હતી. ત્યાર પછી પણ બે ત્રણ વખત 'બુદ્ધિપ્રભા' ચાલ્યું અને બંધ પડયું. પાંચ વરસ સુધી એક ધાર્યું ચાલવાનો આ પ્રથમ જ ગાળો છે. તેનો સઘળો સુયશ શ્રીમદ્જીના વિદ્વાન શિષ્ય રત્ન આ. મ. શાંતમૂર્તિ શ્રી કીર્તિસાગરસૂરીશ્વરજી મ. સા. તેમજ તેમના શિષ્ય સમુદાયના ફાળે જાય છે.

છેલ્લા એક વરસથી 'બુદ્ધિપ્રભા' અમને સોંપી દીધું છે. છતાં પણ તેની સત્પ્રવૃત્તિ માટે તેઓ સૌનો અમને હમેશ સહકાર અને આશીર્વાદ મળતા રહ્યા છે.

તાજેતરમાં જ જુનાડીસા બિરાજિત થયેલ **આચાર્ય ભગવંત શ્રીમદ્ કીર્તિસાગરસૂરીશ્વરજી મ.** સા. તથા **મુનિરાજ ત્રૈલોક્ય સાગરજી મ. સા.** ની શુભ પ્રેરણાથી **જુનાડીસાના શ્રી સંઘે** 'બુદ્ધિપ્રભા' ના વધુ પ્રચારાર્થે રૂા. ૨૫૧) ભેટ આપ્યા છે.

સમીના **શ્રી ધર્મ ભક્તિ જૈન જ્ઞાન મંદિરે** પણ **પૂ. પં. પ્ર. અનુયોગાચાર્ય શ્રી મહોદયસાગરજી** મ. સા. તથા **મુનિરાજ શ્રી અમરેન્દ્રસાગરજી** મ. સા. ની શુભ પ્રેરણાને ઝીલીને રૂા. ૨૫૧) ની ઉદાર ભેટ આપી છે.

અને શ્રી ચાણસ્માના શ્રી **જૈન** સંઘે પણ રૂા. ૨૫૧)ની મંગળ

ઉપહાર 'બુદ્ધિપ્રભા' ને આપ્યો છે. આ ઉપહારના પ્રેરક **મુનિરાજ શ્રી દુર્લભસાગરજી મ. સા.** છે.

'બુદ્ધિપ્રભા' ને મળેલા આ ઉપહાર માટે અમે એ પૂજ્ય શ્રમણ ભગવંતોના ઋણી છીએ. અને તેમની પ્રેરણા ઝીલનાર એ જુનાડીસા શ્રી સંઘ, સમીના શ્રી ધર્મ ભક્તિ જૈન જ્ઞાન મંદિર તેમજ શ્રી ચાણસ્માના શ્રી જૈન સંઘ સમસ્તના અમે આભારી છીએ.

શ્રી સંઘોના એ ઉપહાર અને એ શ્રમણ ભગવંતોની શુભ પ્રેરણાને યોગ્ય એવો 'બુદ્ધિપ્રભા' ને વિકાસ પંથે લઈ જવાનું બળ અને બુદ્ધિ મળી રહો એ જ અભ્યર્થના. —**સંપાદક.**

卐


WITH BEST COMPLIMENTS
FROM

# THE KOHINOOR MILLS Co. Ltd.

Manufacturers of
**QUALITY FABRICS AND SEWING THREADS**

◆

Managing Agents :
**Killick Industries Ltd.,**

Killick House,
Home Street, BOMBAY 1.

# શાસન સમાચાર

## વાયણા અને પારણા
## જુનાડીસા

પરમપૂજ્ય **આચાર્યદેવેશ શ્રીમદ્ કીર્તિસાગરસૂરીશ્વરજી** મ. સા. તથા **પૂ. મુનિરાજ શ્રી ત્રૈલોકયસાગરજી** આદિ ઠાણાની શુભ નિશ્રામાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથના અઠ્ઠમ તપની આરાધના થતાં એંસો જેટલાં ભાઇબેન ઉલ્લાસપૂર્વક જોડાયા હતા. આ તપની વિશિષ્ઠતા એ હતી કે આમાં નાના ભૂલકાંઓ પણ જોડાયા હતા અને ઘણાજ આનંદથી અઠ્ઠમ તપની આરાધના કરી હતી. આ તપના અત્તરવાયણાનો લહાવો **શેઠશ્રી લહેરચંદ મંગળજીભાઇએ** લીધો હતો. જ્યારે પારણાનો લાભ **શેઠશ્રી શાંતિલાલ ચુનીલાલ** વારીયાએ મેળવ્યો હતો. ઉપરાંત પર્યુષણ પર્વની આરાધના નિમિત્તે અત્રે બિરાજમાન **પૂ. આ. મ. શ્રી પ્રભાશ્રીજી** મ. સા. ૧૦ ઉપવાસ કર્યા છે જ્યારે પૂ. સા. મ. **ચંપકશ્રીજીએ** અઠ્ઠાઈ કરેલ છે.

## તપસ્યાના મંગલાચરણ—ચાણસ્મા.

અત્રે આ. મ. શ્રી કીર્તિસાગરસૂરીજી મ. ના સમુદાયના પુજ્ય **મુનિરાજ શ્રી દુર્લભસાગરજી** મ. સા. ચાતુર્માસ માટે બિરાજમાન છે. તેઓશ્રીની શુભ પ્રેરણાથી વર્ધમાન તપના પાયા નાંખવામાં આવતાં તેમજ અષ્ટ મહાસિદ્ધિ તપની આરાધના કરાવવામાં આવતાં અનેક ભાઈ બેનોએ આ તપની આરાધના કરી હતી.

## ચાતુર્માસની ચતુરંગી—આકોલા.

અત્રેના સંઘની આગ્રહભરી વિનંતી થતાં પૂ. મુનિરાજ શ્રી **હિંમાશુસાગરજી** મ. તથા મુનિરાજ શ્રી **અભ્યુદયસાગરજી મ.** આદિ ઠાણા ચાતુર્માસ માટે સ્થિરવાસી બન્યા છે. પુજ્ય મુનિરાજશ્રી

Cables : **"COZILEAD"** Phones : **242189** **242817**

# BALDOTA BROTHERS

## "BALDOTA BHAVAN"

**117, Queen's Road, Bombay 1. (India)**

**IMPORTS** : Non-ferrous Metals such as COPPER, ZINC, LEAD & TIN, CHEMICALS & LUBRICATING OILS.

**EXPORTS** : IRON ORE, MANGANESE, MINERALS, IRON & STEEL SCRAP, ETC.

**STOCKIST OF ALUMINIUM INGOTS**

**&**

**SEMI-MANUFACTURES** such as :—

1. E.C. Grade Wirebars
2. 3/8" Aluminium Rods for ACSR/AAR Conductors
3. Aluminium Sheets in all gauges and sizes
4. Special enquiries entertained for Container Sheets, Foils, Sections etc.

અભ્યુદયસાગરજી મ. એક સરસ વક્તા છે. તેમની પ્રેરક વાણીથી અત્રેના સમસ્ત સંઘમાં જાગૃતિ આવતાં, મોક્ષ તપની આરધના તેમજ શંખેશ્વર પાર્શ્વનાથના અઠ્ઠમ તપની આરાધનામાં ઘણી મોટી સંખ્યાએ લાભ લીધો હતો. પૂ. મુનિરાજ ઉપરાંતઅત્રે પૂ. સા. મ. શ્રી **પદ્મલત્તાશ્રીજી** મ. તથા પૂ. સા. મ. શ્રી **મયણાશ્રીજી** મ. પણ બિરાજમાન છે, પૂ. સા. મ. શ્રી **મયણાશ્રીજી** મ. વિદુષી સાધ્વી, પ્રવકતા તેમજ તપસ્વીની પણ છે. તેઓશ્રીએ માસખમણ કર્યું હતું. દરરોજ તેઓશ્રી બેનોને પ્રેરક ઉપદેશ આપે છે અને ફાજલ સમયમાં સાહિત્યની સર્જન પણ કરે છે. 'સુઘોષા' તેમજ 'કલ્યાણ'માં અવરનવર તેઓશ્રીના લેખ, વાર્તા વિ. પ્રસિદ્ધ થાય છે.

## એકતાનો એકડો ઘૂંટાય છે (ખંભાત)

બિહાર સરકારે સમેતશિખરનો કબ્જો લઈને ભારતભરના જૈનોની લાગણી પર કારમો કોરડો વીંઝયો છે. તેથી ભારતભરના જૈનો જાગી ગયા છે. ખંભાત પણ એ જાગૃતિથી બાકાત નથી રહ્યું. તા. ૩૦-૮-૬૪ ના રોજ અત્રેના શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના તમામ પૂજ્ય શ્રમણ ભગવંતો તેમજ સાધ્વીજી મહારાજ અને સારાય જૈન સમાજના સભાસદો ભેગા મળ્યા હતા. અને સર્વાનુમતિ ઠરાવ કરી બિહાર સરકારના એ કાયદાને અન્યાયી અને ધાર્મિક લાગણી દુઃભવનારો કહ્યો હતો. સૌ પ્રથમવાર જ તમામ શ્રમણ ભગવંતો એક મંચ પર ભેગા મળેલા હોઈ આ સભા ખૂબ જ યાદગાર બની હતી. આ નિમિત્તે તે દિવસે ૩૦૦ ભાઈબેનોએ આયંબિલ કર્યાં હતાં.

## એકતાના મંડાણ (મુંબઈ)

તા. ૯-૮-૧૯૬૪ના રોજ મુંબઈ **જૈન** ગોડીજી ઉપાશ્રયમાં, મુંબઈ તેમજ પરાઓમાં વસતા પૂજ્ય શ્રમણ ભગવંતોની નિશ્રામાં એક યાદગાર સભા મળી હતી. આ સભા જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તેમજ મુંબઈની ૬૭ જેટલી જૈન સંસ્થાના આશ્રયે યોજાઈ હતી.

વિરાટ મેદની વચ્ચે અનેક પ્રવકતાઓએ એ વાત ભારપૂર્વક કહી હતી કે સમેતશિખરનો પહાડ એ જંગલ કે નરી જમીન નથી. અમારી એ તીર્થભૂમિ છે. સરકારને તેમાં કોઇ જ હસ્તક્ષેપ કરવાનો હક્ક નથી. આ સભાએ તીર્થરક્ષા સમિતિની રચના કરી હતી. અને બિહાર સરકારે બહાર પાડેલા હુકમને પડકાર આપવા તેમજ આપણો એ તીર્થ પરનો હક્ક પાછો મેળવવા ઘટતું કરવા સર્વાનુમતિ સંમતિ આપી હતી. આ સમિતિના પ્રમુખ શેઠશ્રી માણેકલાલ ચુનીલાલ નીમાયા છે. જ્યારે તેમની મદદ માટે ચાર મંત્રીઓ નીમવામાં આવ્યા છે.

卐

*With Best Compliments*
*From :*

M/s. BIPIN INDUSTRIES

STAINLESS STEEL MERCHANT

Bada Mandir Gaushala
3rd Bhoiwada, **BOMBAY – 3.**

માલિક, મુદ્રક અને પ્રકાશક : ઇંદિરા ગુણવંતલાલ શાહ
મુદ્રણાલય : " જૈન વિજય " પ્રિંટિંગ પ્રેસ, ગાંધીચોક—સૂરત.

# બુદ્ધિપ્રભાનું

## માહે ઓકટોબર ૧૯૬૪માં
## આપનું લવાજમ પૂરું થાય છે.

માનવંતા વાચકો,

જય જિનેન્દ્ર.

વિ. વિ. સહ જણાવવાનું કે જે ભાઇ-બેનોએ બુદ્ધિપ્રભાના પ્રથમ વરસની શરૂઆતમાં તેમજ જે ભાઈ-બેનોએ બુદ્ધિપ્રભાના ચોથા વરસની શરૂઆતમાં લવાજમ ભર્યું હોય તેઓનું લવાજમ માહે ઓકટોબર ૧૯૬૪ માં પૂરું થાય છે.

આજ સુધી આપે જે ઉમદા સહકાર આપ્યો છે તે બદલ અમે આપના આભારી છીએ. અને અમે આશા રાખીએ છીએ કે તેવો ને તેવો જ આપનો સહૃદય સહકાર છઠ્ઠા વરસ માટે પણ મળી જ રહેશે.

'બુદ્ધિપ્રભા'નું કાર્યાલય સપ્ટેમ્બર ૧૯૬૪ થી બદલવામાં આવ્યું છે તો આપનું લવાજમ નીચેના સરનામે સમયસર મોકલી આપી આભારી કરશોજી.

લિ. તંત્રીઓ.

આપનું લવાજમ નીચેના સ્થળે જમા કરાવો.

**બુદ્ધિપ્રભા**
C/o શ્રી જયકુમાર શાંતિલાલ દ
૧૨/૧૬, ત્રીજો ભોયવાડો, ૧ મ
મુંબઈ-૨.

જોજો પાછળથી પસ્તાવું ન પડે

## બુદ્ધિપ્રભાનું લવાજમ આજે જ ભરો
## કારણ બુદ્ધિપ્રભા હવે બને છે

# જૈન ડાયજેસ્ટ

હર અંકે સોથી વધુ પાનાં, મૌલિક તેમજ અનુદિત વાર્તાઓ, પૂજ્ય શ્રમણ ભગવંતોના પ્રેરણાદાયી પ્રવચનો, સાહિત્યિક તેમજ સામાજિક લેખો, પ્રાચીન જૈન ભક્તિ ગીતોનું રસીલું રસદર્શન, સ્ત્રીની નજરે–પુરુષની નજરેની કટાક્ષ કટાર, ચિંતન કણિકા, પ્રેમગીતા, તીર્થો અને શિલ્પની તસ્વીરો, શાસન સમાચાર અને આકર્ષક રંગબેરંગી મુખપૃષ્ઠ.

બુદ્ધિપ્રભા જૈન ડાયજેસ્ટનો પ્રથમ અંક

## માહે નવેંબર ૧૯૬૪ માં પ્રગટ થશે.

**વાર્ષિક લવાજમ રૂપિયા પાંચ**

વધુ માટે લખો :

## બુદ્ધિપ્રભા

**શ્રી જયકુમાર શાંતલાલ દંતારા,**
**૬, ત્રીજો ભોયવાડો, ૧ માળે,**
**મુંબઈ–૨.**

મુદ્રક : ઉષા પ્રિન્ટરી (પ્રા.) લી. ... મુંબઈ–૨.